Destiny_ ('ashkya' shbdmaaN j - Viral, Rayththa

Viral, Rayththa

VISIT...

LANZAROTE Caliente.COM




Destiny

('અશક્ય' શબ્દમાં જ ' શક્ય ')

Chapter: - 1

"૨ કટિંગ આપજે ભાઈ" વૈભવએ ઓર્ડર આપતા કહ્યું.

"શું ભાઈ કેમ આજે આટલો ખુશ-ખુશ લાગે છે.? કઈ થયું છે.?" વૈભવએ અંદર-અંદર ખુશ થઈ રહેલા અને પોતાની બાઇકની સામે જોઈને આનંદ લઈ રહેલા પાર્થને જોઈને પૂછ્યું.

"કઈ નહીં ભાઈ,આજ તો મને આ બાઇક પર અભિમાન થઈ આવ્યું છે" પાર્થએ કહ્યું.

"ઓહો,પાછું શું કર્યું આજે આ બાઇકએ..?" વૈભવએ પૂછ્યું.

"સાંભળ મજા આવશે.તો થયું એવું કે...હું દરરોજની જેમ બપોરે આપણાં પેલા હાઇવે પર આંખમાં ચશ્મા,નવા નિયમ મુજબ માથા પર હેલ્મેટ,અને કાનમાં એયરફોન સાથે ઘર તરફ લગભગ ૫૦ની સ્પીડ પર આવી રહ્યો હતો.એટલામાં પાછળથી કોઈ ગાડીના હોર્નનો મને અવાજ આવ્યો.પેલા મને એવું લાગ્યું કે હું રસ્તાની વચ્ચે છું એટલે બાઇકને થોડી બાજુ પર કરી અને એટલે એક સુંદર અને જબરદસ્ત પીળારંગની સ્પોર્ટગાડી મારાથી આગળ થઈ ગઈ.થોડીવાર થઈ મને ખબર ના રહી,ક્યારે હું એ પીળારંગની સ્પોર્ટગાડીથી આગળ થઈ ગયો.આ વખતે ફરી એને મને હોર્ન વગાળવાનું શરૂ કર્યું,આ વખતે પણ બાઇક બાજુ પર કરી અને પ્રેમથી સાઇડ આપી દીધી.હવે આ વખતે એ પીળારંગની ગાડીએ મારી પાસેથી જોરદાર કટ માર્યો,તેને મારેલા અચાનક કટ અને તેની સ્પીડ પણ એટલી જોરદાર હતી કે મારી બાઇક પડતાં-પડતાં રહી ગઈ.આ રીતે કટ માર્યા પછી પેલી ગાડીવાળીએ ગાડીનો કાચ નીચો કર્યો અને ઊંધો અંગુઠો બતાવ્યો" પાર્થ બોલી રહ્યો હતો.

"ઓહ એટલે તે પીળારંગની ગાડીવાળી હતી,અને એને તારી મશ્કરી કરી એવું.?" વૈભવએ હસતાં-હસતાં કહ્યું

"ભાઈ સાંભળ વાત હવે શરૂ થાય છે.જેવુ એને આવું કર્યું એટલે આપણી અંદર રહેલો સિંઘમ ફિલ્મનો જઇકાંત શિકરે જાગી ગયો.પછી શું હતું કોઈ પણ જાતની પૂર્વ-સૂચના વિના રેસ-જ ની શરૂવાત થઈ. ભાઈ આમ તો આવી રોડ પરની અચાનક શરૂ થવાવાળી ઘણી રેસોમાં આપણે ભાગ લીધો હશે.ક્યારેક કોઈ બાઇકવાળા સાથે,તો ક્યારેક સ્કૂટી વાળી સાથે,ઘણીવખત તો એસટીની બસો સાથે પણ આપણી આવી અચાનક શરૂ થનારી અને ઇગોને સંતોષવા વાળી રોડ રેસ થતી જ હોય છે.પણ આ વખતે સવાલ ઉંધા બતાવેલા અંગૂઠાનો હતો. પછી... " પાર્થ બોલતા-બોલતા અટકી ગયો.

"પછી,પછી શું થયું " પેલા ચા વાળા ભાઈ ચા આપતા-આપતા ઉત્સુકતાની સાથે પૂછી બેઠા.

“પછી શું હતું ભાઈએ જે બાઇકને લીવર દીધું છે,બોસ તમે માનશો નહીં આટલી ઝડપથી બાઇક તો,મારી જિંદગીમાં નથી ચલાવી.થોડીવાર થાય તો હું આગળ અને થોડીવાર થાય તો એ આગળ.જ્યારે એ આગળ થાય ત્યારે મને ફરી પેલો ઊંધો અંગુઠો યાદ આવે અને ભાઈના પગ ધડા-ધડ ગેર પાડવા માંડે.એક સમય એવો આવ્યો કે બને જણા સાથે-સાથે હતા.તેની પાસે ગાડી હોવાને લીધે તેનું જીતવું લગભગ નિશ્ચિત જેવુ થઈ ગયું હતું.પરંતુ ત્યારે રસ્તાની વચ્ચે ઊતરે છે...“બિલાડી”. બસ આ બિલાડી આપણાં માટે જીતની ખુશી લઈને આવી હતી.પેલીએ બિલાડીને જોઈને ગાડીને બ્રેકમારી અને તેને બ્રેક મારતા જોઈને આપણે બાઇકને લીવર આપ્યું.જ્યારે મને એવું લાગ્યું કે હું જીતી જ ચૂક્યો છું ત્યારે ભાઈએ હેલ્મેટ કાઢ્યું અને પાછળ ફરીને એક જોરદાર વિનર જેવો લૂક આપ્યો અને ત્યારે એક અદભૂત સંતોષ મનને થયો.ખરેખર આજે આ બાઇકના હોત તો આપણી હાર નિશ્ચિત હતી” પાર્થએ બાઇક પર હાથ ફેરવતા કહ્યું.

“વાહ મજા પડી ગઈ એટલે તમે પેલી પીળારંગની ગાડીવાળીને હરાવી દીધી એમને” ચા વાળા ભાઈએ કહ્યું.

“હોય કઈ,હરાવી જ પડેને.સવાલ જઇકાંત શિકરેના ઇગોનો હતો” વૈભવએ ફરી મસ્તી કરતાં-કરતાં કહ્યું.

“ચલ ભાઈ ૯ વાગે છે આમ પણ મોડુ થઈ ગયું છે,મમ્મી ઘરે રાહ જોતી હશે.આજે તો મલ્હાર પાસેથી મસ્ત વાર્તા સાંભળવાની છે” પાર્થએ કહ્યું.

“ભાઈ મને એક વાત કેજે તું રોજ તારા દાદા પાસેથી વાર્તાઑ સાંભળે છે,અને જેટલા હું તારા દાદાને ઓળખું છું એ મસ્ત મોજીલા માણસ છે.એમની વધુ પડતી વાર્તાઑ તારું સિંગલ જીવન દૂર કરવાની જ હશે.તું રોજ એમની પાસેથી આટલી લવ સ્ટોરી સાંભળે છે તો તારા જીવનમાં લવની એન્ટ્રી કેમ નથી થઈ હજુ .?” વૈભવએ પાર્થની મસ્તી કરતાં કહ્યું.

“આવશે ભાઈ આપણો પણ સમય આવશે.ચલ દાદા ઊંઘે પહેલા હું ઘરે જાઉં છું.આજે તો એમની જ લવ સ્ટોરી સાંભળવાની છે”પાર્થએ ઉત્સુક થતાં કહ્યું.

“અરે વાહ,આ વાર્તા તો જોરદાર હશે ભાઈ” વૈભવએ કહ્યું.

“હાં ભાઈ એટલે જ હું પણ બહુ ઉત્સુક છું” પાર્થએ કહ્યું.

એક સમયે હીરાના મશહૂર વ્યાપારી અને અદભૂત ઝવેરી એવા મલ્હાર ઝવેરીનો એકનો એક પોત્ર એટલે પાર્થ ઝવેરી .પાર્થ હાલ ૧૨માંની પરીક્ષા આપી અને વેકેશનનો આનંદ લઈ રહ્યો હતો.દાદા પોત્રના સબંધની તો વાત જ નિરાલી હોય છે.એક જીવનની મુખત્વે બધી પરીક્ષામાથી નીકળી ચૂક્યા હોય છે.જ્યારે એક આ અજાણી દુનિયામાં પોતાની સફરની શરૂવાત કરી રહ્યું હોય છે.દાદાએ પોત્રને માત્ર એના પપ્પાના મારથી બચાવે છે એટલું નહીં.ઘણી વખત જીવનની સાચી દિશા બતાવવાનું કામ પણ દાદાનો અનુભવ અને તેમના વિચારો કરે છે.સાથે-સાથે દાદા માટે પણ પોત્રો ઘણું બધુ મહત્વ ધરાવે છે.મારા મતે દાદાને પોત્રો એટલા માટે વધુ ગમે છે,કારણકે જ્યારે તેના પોતાના સંતાન આ દુનિયામાં આવે છે.ત્યારે તેઓ કુટુંબ,ઘર અને સમાજની જવાબદારીઑમાં એટલા વ્યસત હોય છે.એમને ખબર જ નથી રહતી,ક્યારે એમના સંતાનો મોટા થઈ ગયા.કહેવાય છે કે સૌથી અદભૂત અને મજાનો કોઈ સબંધ હોય તો,તે છે દાદા અને પોત્રાનો સબંધ.આવો જ અદભૂત સબંધ હતો મલ્હાર અને પાર્થનો.

હીરાના વ્યાપારમાં ધૂમ મચાવી ચૂકેલા મલ્હાર ઝવેરી હાલ ખાટલીની ખાટ ગણી રહ્યા હતા.મલ્હાર માત્ર સુરતમાં જ નહીં,પરંતુ સમગ્ર ગુજરાત અને ગુજરાતની બારે પણ માત્ર પોતાના કામથી પ્રખ્યાત હતા.મલ્હારએ આખા હીરાના વ્યાપારમાં એવી છાપ ઊભી કરી હતી કે હીરાના બોક્સ પર MM નો

લોગો જોઈને માણસો માલ લેવા માટે પડા-પડી કરતાં.પણ સમય જતાં મલ્હાર યુવાન છે, માથી યુવાન હતો થઈ ગયો. હવે MM મર્ચંડ પેલા જેટલી પ્રખ્યાત પણ નહતી રહી અને મલ્હાર ઝવેરીની નિવૃતિ પછી તો જાણે લોકોનો વિશ્વાસ MM મર્ચંડ પર અડથો થઈ ગયો હતો.મલ્હાર હાલ નિવૃત જીવન જીવી રહ્યા હતા,તેમનો છોકરો અને પાર્થના પપ્પા એટલે કે અજય ઝવેરી MM મર્ચંડને નવી-નવી ઉચાયો પર લઈ જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

“મમ્મી દાદા ક્યાં છે.? ” પાર્થએ ઘરમાં પ્રવેશતાની સાથે જ દાદાના નામની બૂમ પાડી.

“તારા દાદા ઉપર અગાશી પર છે” મલ્હારની મમ્મીએ કહ્યું.

“ઓહો તો ભાઈબંધ અહી છે.કેમ ભાઈબંધ આજે આમ અગાશીમાં ચાંદને જોઈ રહ્યા છો.લાગે છે દાદીની યાદ આવી રહી છે..? ” પાર્થએ મલ્હારની મજાક કરતાં કહ્યું.

“આવો આવો મારા સિંગલ રાજા આવો” મલ્હારએ પણ પાર્થની મજાક કરતાં કહ્યું.

“બસને દાદા,હજાર વખત તમને ના પાડી છે.આ સિંગલનું મેણું ના મારશો,આપણો પણ દાયકો આવશે,આપણી પણ કોઈ દિવસ ગર્લ-ફ્રેન્ડ હશે.ત્યારે તમે પણ કહેશો કે તારી દાદી કરતાં પણ જોરદાર ગોતી છે તે.” પાર્થએ કહ્યું.

“બેટા તારા દાદાએ પ્રેમ લગ્ન કર્યા,તારા પપ્પાએ પણ પ્રેમ લગ્ન કર્યા.પરંતુ મને લાગે છે આ ઝવેરી પરિવારની પરંપરાને તું તોડીશ.અને હાં બકા,તારી દાદી જેવી તો મળવી અશકય છે” મલ્હારએ કહ્યું.

“ભાઈબંધ તમે જ કહો છો ને, ‘અશક્ય’ શબ્દમાં જ ‘ શક્ય ’ રહેલું છે.એટલે જે દિવસે તમે આ સિંગલ રાજાની રાણીને જોશો ત્યારે કઈ જ નહીં બોલી શકો.અને હાં મને એક વાત યાદ આવી,તમે મને કહ્યું હતું કે મારા આ બર્થડે પર તમે મને તમારી અને દાદીની લવ સ્ટોરી કહેશો” પાર્થએ કહ્યું.

“હાં,મને યાદ છે” મલ્હારએ ઉધરસ ખાતા-ખાતા કહ્યું.

“તો ભાઈબંધ,મારો જન્મદિવસ ગયો એને એક અઠવાડિયું થયું.તમે હજુ સુધી વાર્તા નથી કરી” પાર્થએ ઉદાસ થતાં-થતાં કહ્યું.

“એટલે નક્કી તારે એ વાર્તા સાંભળવી જ છે.? હાં અમારી લવ સ્ટોરી છે થોડી ફિલ્મી,પણ આ તો અમારા જૂના સમયની લવ સ્ટોરી છે.જેમાં ના તો ફેસબુક હતું કે ના તો વોટસ-એપ હતું,અને સૌથી મહત્વનું ત્યારે તો ફોન જ નહતા.તને ખબર છે ટીવી પણ આખા ગામમાં એક જ હોતું અને એ પણ બ્લેક એન્ડ વ્હાઇટ.કોઈ છોકરી સાથે વાત કરતાં ગામનું કોઈ જોઈ જાય તો પણ આવી બન્યું સમજવાનું.” મલ્હારએ પોતાના સમયમાં ખોવાતા-ખોવાતા કહ્યું.

“ભલે કઈ પણ હોય મારે આ વાર્તા સાંભળવી જ છે.તમે બહુ દાદીના વખાણ કરો છે,તારી દાદી આવી હતી,તારી દાદી આવી હતી.મને પણ ખબર પડે કે તમે અને દાદી કઈ રીતે મળ્યા,કઈ રીતે આ લવ સ્ટોરીની શરૂવાત થાય.અત્યારે તો વ્યકતી ને વ્યકતીથી વાત કરવાના ઘણા બધા માધ્યમો છે.સંદેશા વ્યવહાર બહુ જ સરળ છે.પરંતુ તમારા સમયે તો પત્ર વ્યવહાર હતો,કમ્યુનિકેશન માટે બહુ જ મર્યાદિત વસ્તુઓ હતી,છતાં તમે અને દાદી એકબીજાના પ્રેમમાં પડ્યા,અને આગળ જતાં લગ્નગ્રંથિમાં જોડાયા.આવી અલગ અને જૂના સમયની લવસ્ટોરી સાંભળવાની મજા જ કઇંક અલગ હોય.હવે આજે તો કોઈ પણ ભોગે વાર્તા સાંભળવી જ છે”પાર્થએ જીદની સાથે કહ્યું.

“એટલે સિંગલ રાજા આજે જીદે ચડ્યા છે” મલ્હારએ ફરી પાર્થની મજાક કરતાં કહ્યું.

“દાદા મજાક ના કરો મને સાચે વાર્તા સાંભળવાની ઉત્સુકતા છે.તમે આની પહેલા પણ પપ્પા અને

મમ્મીની લવ સ્ટોરી કહી હતી એમાં પણ મજા આવી હતી " પાર્થએ કહ્યું.

"સારું ચલ તને વાર્તા કહું.પણ મારી એક શરત છે" મલ્હારએ કહ્યું.

"વાર્તામાં શેની શરત..? " પાર્થએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

"શરત એવી છે કે વાર્તા કહેતા-કહેતા મને ઊંઘ આવવા લાગી,તો આગળની વાર્તા હું કાલે કહીશ.પછી તું જીદ નહીં કરે કે આગળની વાર્તા હમણાં ને હમણાં કહો.બોલ મંજૂર છે તો જ વાર્તા કહું..? " મલ્હારએ શરત મુક્તા કહ્યું.

"મંજૂર છે,તમે વાર્તા ચાલુ તો કરો" પાર્થએ ઉત્સુકતાની સાથે કહ્યું.

"સારું સાંભળ,તો વાર્તા એમ છે કે,ફલાણા ગામમાં એક હતો ગરીબ બ્રહ્માણ..." આટલું કહી અને મલ્હાર પાર્થની સામે જોવા લાગ્યો.

"દાદા મહેરબાની,મજાક ના કરો.સાચે હું આ વાર્તા સાંભળવા માટે બહુ ઉત્સુક છું" પાર્થ આજીજી ના ભાવે બોલ્યો.

"સારું સારું,રડીશ નહીં કહું છું.સાંભળ" આટલું બોલી મલ્હારએ હસતાં-હસતાં વાર્તાની શરૂવાત કરી.

તો વાત એમ છે કે અમે પહેલા મુંબઈમાં રહેતા હતા.ત્યારે આટલા સાધનો,આટલી સુવિધા,આ મોબાઇલ આવું બધુ નહતું.સંદેશો હોય કે વ્યકતી એક જગ્યા પરથી બીજી જગ્યા પર પોહચવા માટે લોકોને દિવસો ના દિવસો લાગી જતાં.અમારી પરિસ્થિતી પહેલાથી થોડી નબળી હતી,પરંતુ સપના નબળા નહતા.પહેલી કહેવત છે ને કે "જમીન પર સૂવું અને સાકડ શું કામ ભોગવવી" .જો સપના જ જોવા છે તો ઊચા જોવાના,નીચા સપના જોઈને પણ શું મતલબ છે. જે સમયે મારા મિત્રો સાઇકલના સપના જોતાં ત્યારે હું એમ્બેસેડર કઈ રીતે ચલાવીશ એની પ્રેક્ટિસ કરતો.સપના મારા ઘણા હતા પણ ખીચામાં પૈસા બહુ જ થોડા.

દિવસ-રાત એક જ ધૂણી લાગેલી હતી કે પૈસા કઈ રીતે કમાઉ.મારા બાપા,એતો જીવ્યા ત્યાં સુધી મજૂરી કરી. તેમણે મને પણ ઘણી વખત કહ્યું કે બેટા આવી જા મારી સાથે.તું તો ભણેલો છે,તને તો આમરા બધા પર ખાલી ધ્યાન રાખવાની નોકરી મળી જશે.મારા બાપાએ આખી જિંદગી એક જ જગ્યા પર કામ કર્યું.હું ભણતો ત્યારથી વિચાર કરતો કે મારા બાપા સવારના ૮ વાગ્યાના જતાં રહે,આખો દિવસ કાળી મજૂરી કરી અને સાંજ પડે અને એમને ૪ આના કે ૫ આના મળે.જ્યારે પેલો શેઠ ગાડીમાં ફરે ખાલી ઓર્ડર કરે અને એની આવક આમના કરતાં હજારો ગણી વધારે.ત્યારે જ મનોમન નક્કી કરી લીધું કે મજા તો શેઠ બનવામાં છે,કોઈ પણ ભોગે બનવું તો શેઠ જ છે.

ભણતર પૂરું કરી અને હું નોકરી શોધવા નીકળી પડ્યો.બનવું મારે શેઠ હતું, પરંતુ ઓર્ડર આપતા પહેલા ઓર્ડર કેમ આપવા એ શીખવું જરૂરી હતું. તો સવાર સાંજ હું અને મારી સાથે મારો ખાસ ભાઈબંધ જનકો.જનકો એટલે જનક પટેલ,જેને હું પ્રેમથી જનકો કહેતો.અમે બંને રોજ સવાર પડે અને ટિફિન લઈ અલગ-અલગ જગ્યા પર નોકરીની શોધમાં નીકળી પડતાં.મારા કરતાં પણ જનકો ભણવામાં બહુ હોશિયાર હતો.પણ કહેવાય છે કે ભણતરની સાથે ગણતર પણ તેટલું જ જરૂરી હોય છે.જનકો ભણ્યો પણ ગણ્યો નહીં,જનકો વ્યવહારમાં સાવ કાચો.જ્યારે મારા કેસમાં ઊંધું હતું,હું જેટલું ભણવામાં નબળો એટલો જ વ્યવહારમાં પાકો.આમ પણ આ સૃષ્ટિકર્તા નો નિયમ છે કે એકબીજાની જરૂરિયાત વાળા લોકોની ભાઈબંધી બહુ સરળ રીતે થઈ જાય છે.મારા અને જનકાના કેસમાં પણ આવું જ હતું,અમે બને જીગરજાન ભાઈબંધ હતા.જેમકે શોલેના જય અને વીરૂ,હાં એજ સમયની આજુબાજુ

શોલે ફિલ્મ પણ નીકળ્યું હતું.

આ બધા વચ્ચે એક વસ્તુ જે રૂટિંગ હતી,એટલે કે જુ-ચોપાટી.આખો દિવસ નોકરી શોધ્યા પછી કઈ ના મળ્યું હોય ત્યારે હું અને જનકો સાંજે જુ-ચોપાટી આવી અને આખા દિવસનો થાક ઓછો કરતાં.હવે તો જુ-ચોપાટી ઘણી બદલાય ગઈ છે,અને સારું એવું ડેવલોપમેન્ટ પણ થયું છે.પરંતુ પેલાની જુ-ચોપાટી ના ફોટો ગૂગલમાં જોજે તો ખબર પડશે,સાવ અલગ હતી ત્યારેની જુ-ચોપાટી.દરરોજના રૂટિંગ મુજબ હું અને જનકો જુ-ચોપાટી પર જતાં,અને ત્યાં જઈને ચકર લગાવતા નારિયળ પાણીપીતા અને ઉછડતા મોજાઑનો આનંદ લેતા.જુ-ચોપાટી પર આવતી મોંઘી-મોંઘી ગાડીઓને પોતાના સપનામાં જોતાં અને તેને અમારી માનતા.ક્યારે હું અને જનકો દરરોજ સાંજે જુ-ચોપાટી પર બેસીને માત્ર અને માત્ર શેઠ બનવાના સપના જોતાં થઈ ગયા,ક્યારે નોકરી શોધતા અમે માત્ર રખડતા થઈ ગયા તેની ખબર જ નારહી.

સમય જઈ રહ્યો હતો,પરંતુ નોકરી નહતી મળી રહી.ઘરમાથી પણ હવે થોડો દબાવ વધી રહ્યો હતો.ધીરે-ધીરે બાપાની સલાહ અને સૂચન,હવે આજ્ઞામાં બદલાય ગઈ હતી.જવાન છોકરો કામ ધંધો કર્યા વગર બસ રખડ્યા કરે,એ કોઈ પણ કાળમાં મંજૂર નહોય શકે.જેમજેમ દિવસો જઈ રહ્યા હતા બાપાનું અલગ જ રૂપ દેખાય રહ્યું હતું,અને જેની બીક હતી એજ થયું.એક રાત્રે જમતા-જમતા બાપાએ છેલ્લું સૂચન આપ્યું કે "હવે બહુ થયું તારું,૧ અઠવાડીયામાં નોકરી શોધી લે નહી તો મારી સાથે આવી જજે.હું અમારા સુપરવાયઝરને કહી અને તને નોકરી આપવી દઇશ".અત્યારના સમયમાં બાપા જેટલા કડક હોય છે તેના કરતાં હજારો ગુણા અમારા સમયમાં હતા.છેલ્લું સૂચન મળ્યા પછી કોઈ પણ જાતના સવાલ જવાબ કરવાની અનુમતિ બચતી નહીં.એ રાત્રે અને આવતી સાત રાત મારા માટે ઊંઘ હરામ થઈ ગઈ,મારે કોઈ પણ ભોગે એ મજૂરીવાળા કામમાં નહતું જવું.મારે તો શેઠ બનવું હતું,પરંતુ શરૂવાત તો ક્યાંક થી કરવાની હતી.જેવી છેલ્લી સૂચના મને મળી તેવું જ કઇંક જનકાના ઘરે પણ થયું.જનકાના બાપા તેનું ભણવાનું પૂરું થયું ત્યારથી કોઈ કરિયાણાની દુકાનમાં નોકરી રહી જવા કહી રહ્યા હતા.પરંતુ તેને પણ મારી જેમ શેઠ જ બનવું હતું,તેથી તે આ નોકરીમાં નહતો જઈ રહ્યો.હવે તો એને પણ છેલ્લી સૂચના મળી ગઈ હતી કે જો સાત દિવસમાં કઈ ના થયું તો પેલી કરિયાણાની દુકાનમાં લાગી જવાનું.

બને જણાએ એકબીજા ને પોતપોતાના બાપાની છેલ્લી સૂચના કહી સંભળાવી.છેલ્લે બને જણાએ નક્કી કર્યું કે,છેલ્લા સાત દિવસ જલ્સા કરી લઈએ.કદાચ પછી અમારા જીવનમાં પણ કાળી મજૂરી વચ્ચે જીવવાનું લખ્યું છે.શેઠ બનવાનું સપનું હવે અશક્ય લાગવા લાગ્યું હતું.

અઠવાડિયું પૂરું થવાને માત્ર એક જ દિવસ બાકી હતો.રોજ કરતાં આજે વાતાવરણ પણ સાવ અલગ હતું,આકાશમાં વાદળાં અને રોજ કરતાં દરિયાના મોજા પણ કઇંક વધુ જ ઊછળી રહ્યા હતા.વાતાવરણ પરથી એવું લાગી રહ્યું હતું કે જોરદાર વરસાદ પડવાનો છે.હું અને જનકો રૂટિંગની જેમ જુ-ચોપાટી પર ચકર લગાવી રહ્યા હતા.એવામાં મારી નજર આલીશાન ગાડીમાથી ઉતરી રહેલી એક છોકરી પર પડી.થોડીદૂર હોવાને લીધે હું એને સ્પષ્ટ ના જોઈ શક્યો.પરંતુ જેમજેમ એ નજીક આવી રહી હતી,તેનો ચહેરો સ્પષ્ટ થઈ રહ્યો હતો.તે એકદમ અમારી સામે આવી અને સામે ઉભેલા નારિયેળ પાણીવાળા પાસે નારિયેળ પીવા ઊભી રહી.થોડીવાર તો હું માત્ર ને માત્ર એને જ જોઈ રહ્યો.એવું સાંભળ્યુ હતું કે સ્વર્ગની અપ્સરા મેનકા એટલી કોમળ,સુંદર અને અદભૂત હતી કે વિશ્વામિત્ર જેવા તપસવી સાધુ પણ તેને જોઈને પોતાની તપસ્યા ભંગ કરી બેઠા.આ છોકરીને જોયા પછી મને પણ લાગ્યું કે મેનકા અપ્સરા જો હશે તો બિલકુલ આવી જ હશે.જ્યારે તેને જોઈ રહ્યો હતો ત્યારે હું ભૂલી ગયો કે મારી આજુબાજુ શું થઈ રહ્યું છે,મારી સામે માત્ર એક જ ચહેરો દેખાય રહ્યો હતો.રાત્રિના અંધકાર જેવા તેના કાળા કેશ,પુનમના ચંદ્ર જેટલો ગોળ તેનો ચહેરો,શરીર એટલું જ જેટલું એક છોકરીને સુંદર દેખાવા માટે જરૂરી હોય,પૈસાનો રૂવાબ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય રહ્યો હતો.નારિયેળ પાણીના પૈસા આપી અને તે પોતાની ગાડીમાં બેસી અને જતી રહી,અને હું એ જતી ગાડીને ત્યાં સુધી જોતો રહ્યો જ્યાં સુધી આંખોની નજર જઈ રહી હતી.જતી ગાડીની પાછળ મોટા અક્ષરે 'M' એવું લખ્યું હતું.મને આમ એકી ધારે પેલી ગાડીને જોતા

જોઈ જનકો બોલ્યો “ મલ્હાર શું જોવે છે.?”

“કઈ નહીં ભાઈ,ખરેખર અદભૂત અને કમાલની છોકરી હતી.પતંગિયાની જેમ ફૂલ પરનો રસ ચૂસી અને ચાલી ગઈ" મલ્હાર પેલી છોકરીના ખયાલોમાં ખોવાતા બોલ્યો.

“ઑ મારા બગીચાના માળી પાછો આવીજા.તને ખબર છે એ કોણ છે.?” જનકએ કહ્યું.

“આટલી સુંદર આટલી કોમળ અને આવી અદાકાર તો નક્કી હિરોઈન જ હોય શકે છે” મલ્હારએ કહ્યું.

“ના ભાઈ.આ સુરતના મશહૂર હીરાના વ્યાપારી જે હાલ મુંબઈના પણ પ્રખ્યાત વ્યાપારી બની ગયા છે,એવા મોહન ઝવેરીની એક ની એક દીકરી મેઘા ઝવેરી છે” જનકએ કહ્યું.

“તને કઈ રીતે ખબર” મલ્હારએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“ભાઈ તેમની ગાડી પાછળનું ચિત્ર જોયુને,જેમાં 'M' બનાવેલું છે.આ 'M' મેઘાના નામ પરથી જ પડ્યું છે.માત્ર આ ચિત્રની એટલી તાકાત છે કે મોટા-મોટા હીરાના વ્યાપારી 'M' જોઈને હીરાનો સોદો કરી નાખે છે” જનકે કહ્યું.

“વાહ મેઘા.નામ પણ તેના જેવુ જ કોમળ છે” મલ્હારએ કહ્યું.

“ઑ કોમળ કુમાર,નામ જ ખાલી કોમળ છે.બાકી બોલવામાં એવી છે કે તીર કરતાં પણ વધુ ઝડપથી આપણને ચીરી નાખે ” જનકે મલ્હારને ચેતવતા કહ્યું.

“કોઈ વાંધો નહીં.આવી સુંદર ગુલાબ જેવી છોકરી હોય તો કાંટા પણ થોડા ખાવા પડે.મારો મતલબ છે કે તીર પણ ખાવા પડે” મલ્હારએ કહ્યું.

“તું સમજી નથી રહ્યો મલ્હાર,એ મેઘા ઝવેરી છે.મુંબઈના સૌથી મોટા અને પ્રખ્યાત વ્યાપારીની છોકરી.જ્યારે તું ” જનક બોલતા બોલતા અટકી ગયો.

“અને હું મલ્હાર ઝવેરી.જે ખૂબ જ ટૂક સમયમાં આ મુંબઈની અંદર પ્રખ્યાત થવાનો છે ” મલ્હારએ કહ્યું.

“કઈ રીતે પ્રખ્યાત થઈશ,એ જરા મને જણાવીશ..?” જનકએ કહ્યું.

“એમાં એવું છે,આ થોડું ગુપ્ત છે.બધાને કઈ દઇશ તો પ્રખ્યાત નહિ બની શકું” મલ્હારએ મોઢું ફેરવતા કહ્યું.

“મલ્હાર સમજ આપણે એમની સામે કઈ જ નથી.જ્યાં સુધી ચોપાટી પર બેસીને સપના જોવાની વાત છે,ત્યાં સુધી ઠીક છે.બાકી સપના અને હકીકતમાં ઘણો ફર્ક હોય છે,અને અંતે હકીકતને સ્વીકારવામાં જ બધાની ભલાઈ હોય છે” જનકે મલ્હારને સમજાવતા કહ્યું.

“જનકા કેમ આટલી નબળી વાતો કરે છે.સપના જોઈશું તો જ હકીકતમાં ફેરવવા માટે આત્મબળ મળશે ” મલ્હારએ જનકને સમજાવતા કહ્યું.

“સારું ચલ,હું તારી વાતોમાં આવી પણ જાઉં.પણ આવી સપનાની દુનિયામાં ક્યાં સુધી જીવન જીવશું.અને એટલે જ હવે નક્કી કર્યું છે કે ” જનક બોલતા-બોલતા અટકી ગયો.

“શું નક્કી કયું છે” મલ્હારએ જનકને જોઈને ગંભીર સ્વરમાં પૂછ્યું.

“એજ કે હવેથી હું મારા બાપાની આજ્ઞા મુજબ કરિયાણાની દુકાન પર લાગી જઈશ” જનકએ નિર્ણાયક સ્વરમાં કહ્યું.

“શેઠ આટલી જલ્દી હાર ના માને જનકા” મલ્હારએ કહ્યું.

“કોણ શેઠ.? આપણે નોકર છીએ મલ્હાર.આપણે ખાલી સપનાઓમાં જ શેઠ બની શકીએ છીએ” જનકાએ કહ્યું.

“જનકા આટલી નબળી વાતો કેમ કરે છે.ચલ માન્યું કે આપણાં સપના આપણી ગજા ઉપરના છે.પરંતુ સપના હકીકત બનશે,એ તું લખીને લઈલે ” મલ્હારએ જનકને આશ્વાસન આપતા કહ્યું.

“નહીં બને.એ તું લખીને લઈલે” જનકએ કહ્યું.

“જનક હવે બહુ થયું.ક્યારનો પ્રેમથી સમજાવું છું,તું સમજી જ નથી રહ્યો” મલ્હારએ થોડા ઊચા સ્વરમાં કહ્યું.

“સારું ચલ હું તારી વાત માની પણ લઉં.પણ કઈ રીતે સપના હકીકત બનશે કહીશ જરા મને” જનકએ કહ્યું.

“અત્યાર સુધી મારી પાસે કોઈ પણ યોજના નહતી.પરંતુ મેઘા ઝવેરીને જોયા પછી અફલાતૂન વિચાર મારા દિમાગમાં આવ્યો છે” મલ્હારએ કહ્યું.

“દાદા,કેમ અટકી ગયા બોલો આગળ શું થયું.શું યોજના હતી એ ” પાર્થ ઉત્સુકતાની સાથે પૂછી બેઠો.

“બેટા,હવે આગળની વાર્તા કાલે.આજની કથા અહિયાં પૂરી થાય છે” મલ્હારએ હસતાં-હસતાં કહ્યું.

“આવું ના કરશો દાદા,ખાલી પેલી યોજના કહી દો.બાકીનું કાલે કહેશો તો ચાલશે” પાર્થ આજીજીના ભાવ સાથે બોલ્યો.

“ના દોસ્ત.તું હવે શર્તને તોડી રહ્યો છે,કહ્યું હતું ઊંઘ આવશે પછી આગળની વાર્તા કાલે” મલ્હારએ કહ્યું.

“સારું દાદા,તમે તો મારા કરતાં પણ વધારે જીદી છો” પાર્થએ કહ્યું.

Chapter: - 2

"શું ભાઈ ક્યાં વિચારોમાં ખોવાયેલો છે..? " ખૂબ જ ગહન વિચારમાં પડેલા પાર્થને જોઇને વૈભવએ પૂછ્યું.

"કઈ ખાસ નહીં ભાઈ.આજે મોટો દાવ થઈ ગયો. ભાઈ તમે ૨ કટિંગ ચા આપો." પાર્થએ ચા નો ઓર્ડર આપતા કહ્યું.

"વળી શું થયું..? " વૈભવએ કહ્યું.

"થયું એવું કે... હું દર રવિવારે મારી ઘરની પાછળ આવેલા મેદાનમાં ક્રિકેટ રમવા જાઉં છું." પાર્થએ કહ્યું.

"હાં,એ તો મને ખબર છે.પણ એમાં દાવ શું થયો." વૈભવએ પૂછ્યું.

"એમાં બન્યું એવું,આજે પણ હું ક્રિકેટ રમવા ગયો હતો.તને ખબર છે ને ક્રિકેટ ગ્રાઉંડની એકદમ બાજુમાં લોકો ચાલી શકે તેના માટે નાનું પણ સરસ એવું વોકિંગ-લેક બનાવેલું છે.જ્યાં સવાર-સાંજ ઘણા લોકો ચાલવા માટે આવે છે.હું જેમના સાથે દરવખતે ક્રિકેટ રમું છું તે લોકો હજુ આવ્યા નહતા.એટલે મને થયું ચલ એક ચક્કર મારી લઉં,જેથી ઊંઘ પણ ઊડી જશે. હું ત્યાં ચક્કર મારવા પહોચ્યો અને જોયું કે ત્યાં ઘણા લોકો ચક્કર મારી રહ્યા છે.એવામાં મારી નજર એક જગ્યા પર અટકી.." પાર્થ બોલતા-બોલતા અટક્યો.

"નજર અટકી એટલે નક્કી છોકરી હશે.બરાબર..? " વૈભવએ કહ્યું.

"હાં,મારા જીગરજાન મિત્ર બરાબર.ભાઈ અફલાતૂન છોકરી હતી.તું ખાલી વિચાર કેવું રમણીય દ્રશ્ય હશે. "ગુલાબી ઠંડી,ચારે તરફ ધૂમસ્સ,આકાશમાં ઊડી રહેલા પક્ષીઑનો આવાજ,આજુબાજુ જોરદાર લીલું ઘાસ,અને આ બધા વચ્ચે ઊગતો સૂર્ય.ભાઈ સૂર્યના કિરણો જાણે આ આખા વાતાવરણમાં અલગ જ રોશની નાખી રહ્યા હોય એવું મને લાગ્યું". આવા અદભૂત વાતાવરણમાં જાણે શાક્ષાત અપ્સરા મોર્નિંગ વોક કરી રહી હતી,જાણે બધુ થોડા સમય માટે સાવ ધીમું થઈ ગયું. બધુ બરાબર હતું બસ ખાલી એક વસ્તુ મૂકીને.." પાર્થ ફરી બોલતા-બોલતા અટક્યો.

"બધુ બરાબર હતું.પરંતુ એક વસ્તુ બરાબર નહતી,પણ શું હતી એ વસ્તુ..?" પેલા ચા-વાળા ભાઈ ચા આપતા-આપતા ઉત્સુકતાની સાથે પૂછી બેઠા.

"આટલી અદભૂત, સુંદર અને અપ્સરા જેવી છોકરી હતી મિત્ર.પરંતુ તેના હાથમાં હતો ઊંચો, ખતરનાખ ડરાવનો, કાળા રંગનો અને મોટી પૂછડી પટપટાવતો કૂતરાનો પટ્ટો.બોસ તમે કૂતરાને જોઈને જ ૩-૪ ફૂટ દૂર જતાં રહો, એવો ખતરનાખ કૂતરો હતો કે વાત જ જવા દો". પાર્થ જાણે વાત કહેતા પણ ડરી રહ્યો હોય તેવું વૈભવ અને પેલા ચા-વાળા ભાઈને લાગ્યું.

"હાહા...હાહા... એ કૂતરાને જોયા પછી તને પેલી અપ્સરા,રાક્ષક્ષી જેવી લાગવા લાગી હશે.અને પેલો કૂતરો તે રાક્ષક્ષી નું વાહન." વૈભવએ હસતાં-હસતાં કહ્યું.

"ભાઈ મજાક ના કરીશ.આમ તો મને કુતરાથી કોઈ ડર નથી લાગતો.પરંતુ એ કૂતરો એટલો ભયંકર હતો, કોઈપણ વ્યક્તી તે કૂતરાને જોઈને ડરી જાય.અધુરામાં પૂરું પેલી છોકરીએ કુતરાના પટાને એટલો ઢીલો પકડ્યો હતો.થોડો પણ કૂતરો તેનાથી દૂર ખેચાય એટલે,પટો તેના હાથમાથી છૂટી જાય અને કૂતરો ગમે તેને બટકું ભરી લે. વિચાર જો ખરેખર આવું થાય તો આનું જવાબદાર કોણ, એમને તો ખાલી 'સોરી' કહીને છૂટી જવું છે. આપણાં જેવા નિર્દોષ

નાગરિક લેવા નકર દેવાના ઈંજેક્સન ખાતા થઈ જાય." પાર્થનો કુતરા પ્રત્યેનો અણગમો સ્પષ્ટ દેખાય રહ્યો હતો.

"શાંત-શાંત મારા નિર્દોષ નાગરિક શાંત.આમ કોઈ પાડેલા કુતરા કોઈને બટકા ના ભરે. બીજી વાત કે તને લાગે છે પેલો પટો ઢીલો પકડ્યો હતો. પરંતુ પટો ખરેખર મજબૂત રીતે પકડ્યો હોય,જેથી કૂતરો સહેલાઇથી છટકી ના શકે." વૈભવએ પાર્થને સમજાવતા કહ્યું.

"જે પણ હોય,કોણ ખોટું જોખમ લે.આપણે તો પાછા ક્રિકેટ ગ્રાઉંડ પર જતાં રહ્યા.પણ ભાઈ પેલી છોકરી એટલી છોકરી હતી.મારા દાદાએ જેમ કાલે વાર્તામાં કહ્યું ને બિલકુલ તેવી જ મેનકા અપ્સરા જેવી છોકરી હતી." પાર્થએ કહ્યું.

"કેમ મેનકા અપ્સરા એટલે.?" પેલા ચા-વાળા ભાઈએ પૂછ્યું.

"સ્વર્ગમાં કોઈ મેનકા અપ્સરા છે.એવું કહેવાય છે કે મેનકા અપ્સરા એટલી કોમળ,સુંદર અને અદભૂત હતી કે વિશ્વામિત્ર જેવા તપસવી સાધુ પણ તેને જોઈને પોતાની તપસ્યા ભંગ કરી બેઠા.સવારે પેલી કુતરા વાળી ને જોયા પછી મને પણ લાગે છે કે મેનકા અપ્સરા જો હશે તો બિલકુલ આના જેવી જ હશે. " પાર્થએ કહ્યું.

"વાહ. તમારા દાદા પણ ગજબના ઉદાહરણ આપે છે" ચા-વાળા ભાઈએ કહ્યું.

"અરે એના દાદાની તો વાત જ અલગ છે.ક્યારેક તેમને અહી લઈ આવીશું તમને મળાવવા. " વૈભવએ કહ્યું.

"ભાઈ કાલે એમણે વાર્તા કહેવાની શરૂવાત કરી. જબરદસ્ત સસ્પેન્સવાળી લવ-સ્ટોરી છે." પાર્થએ વૈભવને કહ્યું.

"અરે વાહ,ભાઈ અમને પણ સંભળાવ શું છે વાર્તામાં." વૈભવએ પાર્થને કહ્યું.

"ભાઈ હજુ તો એમને ચાલુ જ કર્યું છે,આખી વાર્તા થઈ જાય પછી કહીશ તમને.ચાલો હવે કાલે મળીશું,આજે આગળની વાર્તા પણ સાંભળવાની છે " પાર્થએ જતાં-જતાં કહ્યું.

"મલ્હારભાઈ કોઈ પણ જાતની મજાક-મસ્તી વગર આગળની વાર્તા કહેવાનું ચાલુ કરો.હવે ખરેખર મારાથી રહેવાતું નથી " પાર્થએ મલ્હારની પાસે બેસતા જ પોતાનો ઓર્ડર સંભળાવી દીધો.

"વાહ સિંગલ રાજા બહુ જોશમાં છે." મલ્હારએ મજાક કરતાં કહ્યું.

"દાદા પ્લીઝ.મને સાચે પેલી યોજના સાંભળવી છે.કઇરીતે તમે મેઘા ઝવેરીને મળ્યા.આગળ શું થયું વગેરે-વગેરે " પાર્થએ કહ્યું.

"અરે વાહ,તને યાદ છે એમ વાર્તા." મલ્હારએ કહ્યું.

"હાં,તો યાદ જ હોયને" પાર્થએ કહ્યું.

"સારુ ચલ વાર્તા કહું પણ શર્ત યાદ છે ને..? " મલ્હારએ શર્ત યાદ કરાવતા કહ્યું.

"હાં,યાદ છે.વાર્તા કહેતા-કહેતા તમને ઊંઘ આવવા લાગી,તો આગળની વાર્તા તમે કાલે

કહેશો.બરાબર..? " પાર્થએ કહ્યું.

"બરાબર,છોકરો હોશિયાર થઈ ગયો. સરસ" મલ્હારએ કહ્યું.

"હોશિયારને એ બધુ પછી પહેલા વાર્તા ચાલુ કરો " પાર્થએ કહ્યું.

તો સાંભળ વાત એમ છે કે જનકાને નિરાશ જોઇને,તેને જોશમાં લાવવા માટે યોજના નામની ખોટી વાત કહી હતી.બાકી મારી પાસે કોઈ યોજના હતી જ નહીં.જનકાનું મનોબળ પાછું લાવવા માટે યોજના નું બહાનું કાઢવું જરૂરી હતું.

છેલ્લા સૂચન મુજબ અમારી પાસે ૭ દિવસ હતા અને અઠવાડિયું પૂરું થવાને માત્ર એક જ દિવસ બાકી હતો.જ્યારે અમે છૂટા પડી રહ્યા હતા ત્યારે મે જનકાને કહ્યું કે " કાલ સુધી એટલું શોધીને લાવે કે મુંબઈમાં ઝવેરીના ધંધામાં મોહન ઝવેરીને ટક્કર આપી શકે તેવો કોઈ વ્યકતી છે કે નહીં."

અઠવાડિયું પૂરું થવાનું હતું,છેલ્લા દિવસની અમુક કલાકો બાકી હતી.રાબેદા મુજબ હું અને જનકો જુ-ચોપાટી પર મળ્યા.

"જનકા ખબર પડી, મોહન ઝવેરીને ટક્કર આપી શકે તેવો કોઈ વ્યકતી છે મૂંબઈમાં..?" મલ્હારએ પૂછ્યું.

"ના,ભાઈ.હમણાં તો કોઈ એવું નથી જે મોહન ઝવેરીને ટક્કર આપી શકે.પરંતુ જ્યારે માર્કેટમાં હું હીરાના વ્યાપારીઓ સાથે વાત કરી રહ્યો હતો,ત્યારે એક નામ મને ઘણા વ્યપારીઓ પાસે સાંભળવા મળ્યું." જનકએ કહ્યું.

"અચ્છા,કોણ છે એ વ્યાપારી.શું નામ છે એમનું..? " મલ્હારએ પૂછ્યું.

"મોહન ઝવેરીના સગા કાકાનો છોકરો મૂળજી ઝવેરી .એવી વાત માર્કેટમાંથી મળી છે કે,મોહન ઝવેરી અને મૂળજી ઝવેરીના બોલવાના પણ સંબધ નથી.મોહન ઝવેરીના મુંબઈ આવ્યા પહેલા ઝવેરીની માર્કેટમાં માત્ર અને માત્ર મૂળજી ઝવેરીનું જ નામ હતું.લોકો મૂળજી ઝવેરી સાથે ધંધો કરવા માટે કોઈ પણ કિમત ચૂકવવા તૈયાર હતા.પરંતુ મોહન ઝવેરીએ મુંબઈ આવી અને આ એક ચક્રી શાસનને સમાપ્ત કરી નાખ્યું.મૂળજી ઝવેરીના મોટા ભાગના કામદારોને મોહન ઝવેરીએ વધુ પૈસા આપી અને પોતાની પાસે બોલાવી લીધા છે. હવે મૂળજી ઝવેરીનું હીરાની માર્કેટમાં નામ હતું નહતું થઈ ગયું છે.બહુ જ ઓછા લોકો મૂળજી ઝવેરી સાથે ધંધો કરે છે." જનકએ કહ્યું.

" વાહ,બરાબર " મલ્હારએ રાજી થતાં-થતાં કહ્યું.

"તું કેમ આટલો રાજી થાય છે.આમાં આપણાં માટે કોઈ સારી વસ્તુ નથી. આ બધુ છોડ તું મને પેલી અફલાતૂન યોજના બોલ,જે તને મેઘા ઝવેરીને જોઈને સૂજી હતી." જનકએ કહ્યું.

"તું હજુ ના સમજ્યો. જો સાંભળ પેલી કહેવત છે ને "દુશ્મન નો દુશ્મન એ આપણો મિત્ર કહેવાય" ".મલ્હારએ કહ્યું.

"શું મેઘા અને મોહન ઝવેરી આપણાં દુશ્મન છે,અને મૂળજી ઝવેરી આપણો મિત્ર કઈ રીતે.?

તું સ્પષ્ટ અને ચોખ્ખું બોલ.આખરે તું કહેવા શું માંગે છે...?" જનકએ પૂછ્યું.

"અરે મારા ભોળા ભગત.સાંભળ દુનિયાનું સૌથી મોટું તથ્ય છે કે "તમારાથી ઉપર રહેલા લોકો તમને ત્યાં સુધી નહીં ગણકારે,જ્યાં સુધી તમે તેમની " સાથે " , અથવા તો તેમની " સામે " નહીં ઊભા રહો". એટલે જો આપણે શેઠ બનવું હોય અને સાથે-સાથે મારે મેઘા ઝવેરીને મેળવવી હોય,તો આપણી પાસે ૨ રસ્તા છે.એક આપણે મેઘાની કંપનીમાં નોકરી પર રહી જઈએ,અને ક્યારેક કોઈ સારું કામ કરી અને તેમની નજરમાં આવવાનો પ્રયત્ન કર્યે.જેમાં બહુ જ સમયની જરૂરિયાત છે. જ્યારે બીજું આપણે તેની સામેની ટીમ એટલે કે મૂળજી ઝવેરી સાથે મળી અને માર્કેટમાં મોહન ઝવેરીને સીધી ટક્કર આપીએ. પછી સમય જોતાં આપણે પક્ષ પલટો કરી મૂળજીના મૂળા વેચી અને મોહનની વાસણની વગાડવા લાગીશું. " મલ્હારએ જનકને કહ્યું.

"વાતમાં દમ તો છે.પણ એક સવાલ હજુ એમનો એમ છે." જનકએ કહ્યું.

"દરવખતે તારી પાસે સવાલ તૈયાર જ હોય છે.બોલ શું સવાલ છે.? " મલ્હારએ નિશાસો નાખતા કહ્યું.

"નહતો તને હીરાની લાઇનનો કોઈ અનુભવ છે નહતો મને. મલ્હાર સૌથી અગત્યનો સવાલ એજ કે આમ બિનઅનુભવી કારીગરોને મૂળજી ઝવેરી એમની સાથે કામ પર રાખશે શું કામ..?" જનકએ પૂછ્યું.

"સવાલ બરાબર છે.પરંતુ જવાબ સાવ સરળ છે." મલ્હારએ કહ્યું.

"તારી પાસે બધા જવાબ તૈયાર જ હોય છે નહીં." જનકએ કહ્યું.

"ભાઈ પોતાના અહંકારને ટકાવી રાખવા માટે કોઈ પણ વ્યકતી કઈ પણ કરી શકે છે.મોહન ઝવેરી અને મૂળજી ઝવેરીની દુશ્મનીનો ફાયદો મલ્હાર ઝવેરી ઉઠાવશે.આપણે તેની પાસે જઈએ તો ખરા,આગળ જે થશે એ જોયું જશે." મલ્હારએ જનકને હીમત આપતા કહ્યું,

"મને લાગે છે,તારું સપના જોવાનું ભૂત હજુ ઉતર્યું નથી.મલ્હાર જીવનમાં થોડો ગંભીર થા,પૂરી તૈયારી વગર ત્યાં ગયા અને કઇંક લોચો થયો તો કઈ હાથ નહીં લાગે." જનકએ મલ્હારને ચેતવતા કહ્યું.

"તું કેમ આટલી ચિંતા કરે છે,તને મારા પર ભરોસો છે ને. તું જો હવે આપણે કેમ શેઠ બનીએ છીયે " મલ્હારએ જનકને આશ્વાસન આપતા કહ્યું.

શેઠ બનવાનો રસ્તો સામે હતો,પણ આ રસ્તો સરળ નહતો.મારી જેટલી ગણતરી હતી મૂળજી ઝવેરી તેના કરતો ઘણો પાકો અને ચાલક વ્યાપારી હતો.અમારી નાની એવી ભૂલ પણ અમારા શેઠ બનવાના સપના પર પાણી ફેરવવા માટે પૂરતી હતી.મૂળજી ઝવેરીને સહેલાઈથી મનાવી શકાય તેમ નહતું.પરંતુ મારા સપનાનું મનોબળ એટલું મજબૂત હતું કે મૂળજી ઝવેરીની કોઈ પણ ચાલાકી મને અઘરી નહતી લાગી રહી.નાના હતા ત્યારે ક્યાંક વાચ્યું હતું કે બધા તાળાની ચાવી હોય છે તેવી જ રીતે મૂળજી ઝવેરીની પણ નક્કી કોઈને કોઈ ચાવી હશે જ એવું મારૂ માનવું હતું. અમારે માત્ર પેલી ચાવી શોધવાની હતી,જેની મદદથી અમે સીધા મૂળજી ઝવેરીના નજીકના માણસો બની શકયે.હું બસ એ ચાવી વિશે વિચારી રહ્યો હતો અને મને

જનકાએ આવીને એક જોરદાર વાત કહી.

“મલ્હાર એક જોરદાર વાત માર્કેટ માથી મળી છે ” જનકએ મલ્હારને કહ્યું.

“શું થયું જનકા.શું વાત મળી છે.? ” મલ્હારએ પૂછ્યું.

“ભાઈ દર વર્ષે વિદેશની એક કંપની હીરાનો બહુ મોટો ઓર્ડર મૂળજી ઝવેરીને આપે છે.આપણે એમ કહી શકયે,મૂળજી ઝવેરીની કંપની જો ટકી છે તો આ મોટા ઓર્ડરની આશા પર જ ટકી છે.આમ તો આ ઓર્ડર મૂળજી ઝવેરીને બહુ જ સહેલાઈથી મળી જાય છે.પરંતુ એવી વાત માર્કેટમાં ફરી રહી છે કે આ વખતે આ ઓર્ડરને મેળવવાની તાલાવેલી મોહન ઝવેરીને થઈ છે.મોહન ઝવેરી કોઈ પણ ભોગે આ ઓર્ડર લઈ અને હીરાના ધંધામાં મૂળજી ઝવેરીની રહેલી થોડીઘણી આશા પર પાણી ફેરવવા માંગે છે.અને હાં પાછું આ ઓર્ડર લેવાની જવાબદારી મેઘા ઝવેરીએ પોતાના માથે લીધી છે.કહેવાય છે એક વખત મોહન ઝવેરી કોઈ ઓર્ડરને મેળવવામાં નિષ્ફળ રહી શકે.પણ મેઘા ઝવેરી એટલી પારંગત વ્યાપારી છે,તે કોઈપણ ભોગે આ ઓર્ડરને મેળવી ને જ રહશે.” જનકએ મલ્હારને કહ્યું.

“વાહ,એટલે મેઘા વ્યાપારમાં પણ પારંગત છે.” મલ્હારએ મેઘાને યાદ કરતાં કહ્યું.

“મલ્હારયા,આટલી મોટી કથા કરી એમાં તને ખાલી મેઘા જ દેખાણી.” જનકએ ગુસ્સે થતાં કહ્યું.

“જ્યારથી એને જોઈ છે બસ એ જ દેખાય છે.પણ તું આ બધુ છોડ.હવે તો કોઈપણ ભોગે આપણે આ ઓર્ડર મૂળજીભાઈને અપાવવો જ પડશે,નહિતર હીરાના વ્યાપાર માથી મૂળજીભાઈ હતા નહતા થઈ જશે.ભગવાને નક્કી આપણને મૂળજીભાઈ ની મદદ કરવા જ મૂક્યા છે.” મલ્હારએ કહ્યું.

“મને એમ હતું કે મોહન ઝવેરીને ઓર્ડરની તાલાવેલી છે,એ વાત સાંભળ્યા પછી તું મોહન ઝવેરીને ત્યાં નોકરી પર રહેવા કહીશ.મોહન ઝવેરીને આપણે કઈ રીતે ઓર્ડર અપાવી તેમની નજરમાં હીરો બનીશું તેની કઇંક યોજના કહીશ.પરંતુ તું તો કઇંક નવું જ લાવ્યો.” જનકએ કહ્યું.

“થોડું દૂરનું વિચાર ભાઈ. “જ્યારે વ્યક્તી કોઈપણ ભોગે જીતવા માટે તત્પર હોય,ત્યારે તેને હરાવવાની મજા જ કઇંક અલગ હોય છે”. જો આપણે મોહન ઝવેરીની પાસે ગયા તો મોહન માત્ર આપણો ઉપયોગ કરશે અને આપણને છોડી મૂકશે.પરંતુ જો આપણે મૂળજી ઝવેરી પાસે ગયા અને તેને ઓર્ડર અપાવી દીધો તો મોહન ઝવેરીની આંખોમાં આવી જશું.તું ખાલી વિચાર જ્યારે મોહન ઝવેરીને ખબર પડશે કે મૂળજી પાસે એવા ૨ લોકો છે,જે કોઈપણ મોટામાં મોટો ઓર્ડર અપાવી શકે છે.તો મોહન ઝવેરી કોઈપણ રીતે આપણાં બનેને તેની ટીમમાં લાવવા નો પ્રયત્ન કરશે.ત્યારે બાજી આપણાં હાથમાં હશે,ત્યારે આપણે મોહન ઝવેરી પાસેથી કઈ પણ મેળવી શકયે છીયે.” મલ્હારએ કહ્યું.

“મલ્હાર સાવ બેકાર અને બકવાસ વાત છે.તું બહુ શેખચીલી વિચારો કરી રહ્યો છે.આટલા લાંબા-લાંબા સપના જોવાનું છોડ અને ચલ બને ક્યાંક નોકરી પર લાગી જઈએ.આ મોહન અને મૂળજી બહુ મોટા માથા છે.આમાં કઇંક ઉપર-નીચે થયું તો બને જણા ભેગા થઈ અને આપણાં મૂળા કાઢી અને આપણી વાંસણી વગાડી નાખશે.” જનકએ ફરી મલ્હારને ચેતવતા કહ્યું.

“જનકા તને મારા પર ભરોસો છે ને.આપણે કોઈ પણ ભોગે શેઠ બનીશું એ વાત નક્કી છે,અને જો લખવું હોય તો લખી લે.” મલ્હારએ કહ્યું.

જેવુ મલ્હારએ આવું કહ્યું તરત જ જનકે ખીચામાથી બૉલપેન કાઢી અને કાગળ પર લખ્યું. “હું મલ્હાર ઝવેરી,જનક પટેલને બાહેંદ્રી આપું છું કે અમે કોઈપણ ભોગે શેઠ બનીશું”.આટલું લખ્યા પછી જનકએ મલ્હારની સહી તે કાગળ પર કરાવી.

“શાંતિ થઈ હવે તને.હવે આપણે જઈએ મૂળજી ઝવેરીને ત્યાં..? ” મલ્હારએ જનકને પૂછ્યું.

“તું નહીં જ માને.ચલ જઈએ તારા મનને પણ શાંતિ થઈ જાય.” જનકએ કહ્યું.

“દાદા,કેમ અટકી ગયા બોલો આગળ શું થયું.તમે મૂળજી ઝવેરીને ત્યાં ગયા.? શું થયું ત્યાં..? ” પાર્થ ઉત્સુકતાની સાથે પૂછી બેઠો.

“બેટા,હવે આગળની વાર્તા કાલે.આજની કથા અહિયાં પૂરી થાય છે.” મલ્હારએ હસતાં-હસતાં કહ્યું.

“તમે દરવખતે એવી જગ્યા પર વાર્તા અટકાવો છો કે આગળની વાર્તા સાંભળવાની ઈચ્છામાં રાત્રે ઊંઘ નથી આવતી.” પાર્થએ કહ્યું.

“ગમે તે હોય બેટા.પણ શર્ત, શર્ત હોય છે.” મલ્હારએ હસતાં-હસતાં કહ્યું.

“હાં,હો.તમારી શર્ત” પાર્થએ નિરાશ થતાં-થતાં કહ્યું.

Chapter: - 3

“ભાઈ,શું લાગે છે.આપણું આ સિંગલ જીવન ક્યાં સુધી રહેવાનુ છે.? ” પાર્થએ ચા ની ચૂસકી લેતા-લેતા કહ્યું.

“આપણું..?? ” વૈભવએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“હાં,આપણું. તારી પાસે પણ કઈ ગર્લ-ફ્રેન્ડની લાઇન નથી.હું સિંગલ રાજા છું,તો તું મારા રાજ્યનો પ્રધાન છો.” પાર્થએ મજાક કરતાં કહ્યું.

“ભલે હો.પણ લખી રાખ કોલેજમાં તારા કરતાં પહેલા મારી ગર્લ-ફ્રેન્ડ બનશે.” વૈભવએ

આત્મવિશ્વાસની સાથે કહ્યું.

“હાં,જોઈએ.” પાર્થએ હસતાં-હસતાં કહ્યું.

“કેમ હસે છે.. ? ” વૈભવએ પાર્થને હસતાં જોઈને પૂછ્યું.

“કઈ નહીં.હમણાં તું બોલ્યો ને ‘ લખી રાખ ’ ,એટલે મને મારા દાદા યાદ આવી ગયા.એમની વાર્તામાં પણ તે બહુ વાર ‘ લખી રાખ ’ તેમના જીગરજાન મિત્ર જનકને કહે છે.તને ખબર છે એમની અને જનકકાકાની મિત્રતા અદભૂત છે.જેમ આપણે કેવા જીગરજાન મિત્રો છીએ,તેઓ પણ તેવા જ મિત્રો છે.એકબીજા માટે કઈપણ કરવા તૈયાર.” પાર્થએ કહ્યું.

“વાહ,સરસ.તારા દાદાને તો હું ઘણી વખત મળ્યો છું,પણ પેલા જનકકાકા ને ક્યારે નથી જોયા.તેઓ ક્યાં રહે રહે છે.? ” વૈભવએ કહ્યું.

“ભાઈ,જનકકાકાને તો હું પણ હજુ સુધી નથી મળ્યો.આ નામ પહેલીવાર દાદાની વાર્તામાં સાંભળ્યુ છે.” પાર્થએ કહ્યું.

“સારું.ભાઈ પછી પેલી કુતરાવાળી છોકરી ક્યાય મળી..? ” વૈભવએ કહ્યું.

“ના,ભાઈ.આજે સોમવાર હતો,તો પણ હું ક્રિકેટ રમવા ગયો.મને થયું પેલી છોકરી ત્યાં ચકર મારવા રોજ આવતી હશે.પણ નહતો તે ચકર મારવા આવી નહતો મારી ક્રિકેટ ટીમ ક્રિકેટ રમવા.સવાર-સવારમાં વેલો ઉઠ્યો,આખો દિવસ બેકાર ગયો.એવી જોરદાર ઊંઘ આવે છે વાત ના પૂછીશ.” પાર્થએ બગાસું ખાતા-ખાતા કહ્યું.

“સારુ-સારુ,એ બહાને તું વહેલો તો ઉઠવા લાગ્યો.” વૈભવએ કહ્યું.

“શું વહેલું ભાઈ. એક મિનિટ,એક મિનિટ પહેલું કોણ છે..? ” પાર્થએ ચાની લારીની સામે ઉભેલા પાણીપૂરી વાળા સામે આંગળી બતાવતા કહ્યું.

“કોણ ત્યાં..? પેલો પાણીપૂરી વાળો. ભાઈ તે રોજ ત્યાંજ તો ઊભો હોય છે.તને ખબર છે, એ ભાઈ જોરદાર પાણીપૂરી બનાવે છે.લોકો દૂર-દૂરથી આમની પાણીપુરી ખાવા માટે આવે છે.ચલ આજે આપણે પણ ત્યાં જઈએ પાણીપૂરી ખાવા..? અને હાં,એની પહેલા તું મને એમકે પાણીપુરીની લારીમાં જોવા જેવુ છે શું..? ” વૈભવએ કહ્યું.

“અરે એ નહીં ખાઉધરા.ત્યાં જે પાણીપૂરી ખાય છે,તે છોકરી કહું છું.” પાર્થએ કહ્યું.

“ અચ્છા એમ કહે છે. એવું તે કોણ છે ત્યાં,જોવુંતો..!! ઓહો...ભાઈ જોરદાર,ખતરનાખ એકદમ પાણીપુરી જેવી તીખી,તમતમતી,જોતાં જ મોઢામાં પાણી આવી જાય તેવી ચટાકેદાર છોકરી છે.સાચે ભાઈ તે કાલે પેલું મેનકા અપ્સરા જેવુ કહ્યું હતું ને,એકદમ તેવી જ છોકરી છે.હવે તો મને પણ લાગે છે કે મેનકા અપ્સરા જો હશે તો બિલકુલ આવી જ હશે.” વૈભવએ કહ્યું.

“એ તો ઠીક છે,પણ મને લાગે છે આને ક્યાંક જોઈ છે..!!! ” પાર્થએ યાદ કરતાં-કરતાં કહ્યું.

“ભાઈ,આ લાઇન તારે મને નહીં,પેલી છોકરીને જઈને કહેવાની હોય. “મને લાગે છે,મે તમને ક્યાંક જોયા છે.?” પણ હવે આ લાઇન પણ કામ નથી કરતી,તો કઇંક નવું વિચારીને જજે એની પાસે.” વૈભવએ પાર્થની વાત ઉડાવતા કહ્યું.

“ના ભાઈ સાચે, આને ક્યાંક તો જોઈ છે...હાં યાદ આવ્યું ભાઈ,આ પેલી,કાલે જોઈ હતી ને

કૂતરો સાથે હતો અને ચકર મારવા આવી હતી.ભાઈ નક્કી આ એજ છે,આજ કાલે ત્યાં ગ્રાઉન્ડમાં ચકર મારવા આવી હતી." પાર્થએ ખુશ થતાં-થતાં કહ્યું.

"શું વાત કરે છે ભાઈ ખરેખર..? આ છોકરી છે..? જોતો ખરી ભાઈ કેવી સુંદર,એકદમ મેનકા અપ્સરા જેવી છોકરી છે,તારા દાદાની ભાષામાં કહું તો ' એકદમ અદભૂત ' છોકરી છે." વૈભવએ કહ્યું.

"સાચી વાત છે.ખરેખર અદભૂત છે આ છોકરી.." પેલા ચા-વાળા ભાઈ પણ ઉત્સુકતાની સાથે બોલી બેઠા.

જેવુ ચા-વાળા ભાઈ બોલ્યા એટલે પાર્થએ વૈભવની સામે જોયું અને તેને ઇશારામાં ચા-વાળા ભાઈને સમજાવવા કહ્યું.એટલે વૈભવ બોલ્યો.."ભાઈ,તમે શાંત રહો. આ ઉમરમાં તમને આ બધુ ના શોભે".જેવુ વૈભવ આવું બોલ્યો એટલે પાર્થ અને વૈભવ બંને મોટે-મોટેથી હસવા લાગ્યા.બનેને હસતાં જોઈ અને ચા-વાળા ભાઈ કઈ બોલ્યા નહીં અને પોતાનું કામ કરવા લાગ્યા.આ બધા વચ્ચે પાર્થએ જોયું પેલી છોકરી ત્યાંથી જઈ રહી હતી.

"ભાઈ,તું આને મૂક જો પેલી પૈસા આપીને નીકળી રહી છે." પાર્થએ વૈભવને કહ્યું.

"હાં,જતી રહી.ચલ પેલા પાણીપૂરી વાળાને જઈને પૂછવું છે,ક્યાની છે,અહિયાં રોજ આવે છે કે પછી ક્યારેક ક્યારેક.? " વૈભવએ કહ્યું.

"ના ભાઈ,આવું પૂછયે તો સારું ના લાગે." પાર્થએ કહ્યું.

"હાં,એ પણ છે" વૈભવએ કહ્યું.

"મને લાગે છે,તે ક્યાંક આસપાસ જ રહેતી હશે.જોયું ને તે ચાલીને જતી હતી." પાર્થએ કહ્યું.

"એ તો છે." વૈભવએ કહ્યું.

"મુકને ભાઈ.અહિયાં રહેતી હશે તો પણ આપણે સિંગલ રાજા છીએ આપણું કહી નથી થવાનું,સિંગલ જ રહેવાના છીએ.આ બધી મગજમારી કરતાં ઘરે જઈ અને દાદાની વાર્તા સાંભળું." પાર્થએ નિરાશ થતાં-થતાં કહ્યું.

"સારું ચલ ભાઈ મને પણ આજે થોડું કામ છે ઘરે " વૈભવએ કહ્યું.

"સારું ચલ કાલે મળ્યે." પાર્થએ કહ્યું.

"શું થયું સિંગલ રાજા આજે કેમ શાંત શાંત છે..?" મલ્હારએ ચૂપ-ચાપ બેસેલા પાર્થને જોઈને પૂછ્યું.

"કઈ નહીં મલ્હાર.આજે ઊંઘ બહુ આવે છે." પાર્થએ કહ્યું.

"અચ્છા એવું છે.તો આજે વાર્તામાં રજા રાખીએ,તું આરામથી સૂઈજા." મલ્હારએ કહ્યું.

"કોઈ જરૂરત નથી.તમે છાના-માના વાર્તા કહેવાનું ચાલુ કરો.આગળ શું થયું વાર્તામાં એ જાણવાની મને ખૂબ જ ઉત્સુકતા છે.તમને મૂળજીભાઈએ પોતાની પાસે કામ પર રાખ્યા..? પછી પેલો વિદેશનો મોટો ઓર્ડર કોને મળ્યો.? અને હાં મેઘા ઝવેરી સાથે કહી મેલ-મિલાપ થયો કે નહીં...?? " પાર્થએ કહ્યું.

"તને તો ઊંઘ નહતી આવતી." મલ્હારએ મજાક કરતાં કહ્યું.

"દાદા,મજાક ના કરો અને વાર્તા કરો" પાર્થએ કહ્યું.

સારું,સાંભળ.જેવુ મારૂ સૌથી મોટું અને અગત્યનું સપનું હતું કે મારે શેઠ બનવું હતું.મારી નીચે હજારો લોકો હોય,ગાડી હોય બંગલો હોય,હું કહું તેમ બધુ થાય,લોકો પર ઓર્ડર ચલાવા હતા.પરંતુ જેવુ પહેલા કહ્યું તેમ ઓર્ડર આપતા પહેલા ઓર્ડર કેમ આપવા એ શીખવું જરૂરી હતું. હું માત્ર એક તકની રાહ જોઈ રહ્યો હતો,ક્યારે સમયની સૂઈ ફરે નાનો કાટો આપણી બાજુ આવે અને મોટો કાટો આપણી આસપાસ ફર્યા કરે.મારા બાપા બહુ વખત કહેતા કે "બધાના જીવનમાં ભગવાન એક એવી તક આપે જ છે,જેમાં તે પોતાનું ભાગ્ય બનાવી કે પછી બદલી શકે ". મને આ વાત સાચી ત્યારે લાગી જ્યારે મેઘા ઝવેરીને પહેલી વખત જોઈ.મેઘાને મળ્યા પછી મને થોડો વિશ્વાસ બેસવા લાગ્યો કે નક્કી આ છોકરી આપણું ભાગ્ય બદલવા આવી છે,અને મેઘાને મળ્યા પછી ત્યારબાદનો આખો ઘટનાક્રમ.મને નક્કી થઈ ગયું કે જો શેઠ બનવું હશે તો મારી પાસે આ તક બહુ જ સારી છે,જેમાં હું મારૂ ભાગ્ય બનાવી કે બદલી શકીશ.

મૂળજીભાઈ પાસે નોકરી મળવી સાવ-સહેલી હતી,કારણકે મોહન ઝવેરીએ મૂળજીઝવેરી ના વધુ પડતાં કારીગરને પોતાની પાસે લઈ લીધા હતા,એટલે એમને કામદારોની જરૂરત તો હતી જ. ઉપરથી વિદેશનો પેલો મોટો ઓર્ડર પણ આવવાનો હતો.અમે તેમના મેનેજર પાસે ગયા,અને કહ્યું કે અમને નોકરીની જરૂરત છે.તેવો બહુ જ સહેલાઇથી માની ગયા.તેમણે કહ્યું કે પેલા થોડો સમય તમને હીરાનું કામ શીખવવામાં આવશે,ત્યારબાદ તમે વર્કશોપ પર આવી અને કામ કરી શકો છો.હું અને જનકો મૂળજીભાઈને ત્યાં કામ પર લાગી તો ગયા,પણ અમારે એક વાત હમેશા પોતાની જાતને કહેવી પડતી હતી કે "અમે ત્યાં મજૂર બનવા નહીં પણ માલિક બનવા ગયા છીએ."

શરૂવાતના સમયમાં મને અને જનકાને હીરાનું કામ શીખવામાં બહુ જ તકલીફ પડી રહી હતી.આવા સમયે મારા બાપા કાનજીઝવેરી અમારા માટે કોચની ભૂમિકામાં આગળ આવ્યા.મારા બાપાને નાનપણથી હીરાનું કામ કરવાનો બહુ શોખ હતો.જ્યારે એમને અમે જણાવ્યુ કે અમે મૂળજીઝવેરી ને ત્યાં હીરાના કામમાં લાગી રહ્યા છીએ,ત્યારે તેવો બહુ જ ખુશ થયા.કારણકે વર્ષો પછી ઝવેરી પરિવારનો છોકરો પાછો ઝવેરીના ધંધામાં જઈ રહ્યો હતો. મારા માટે હીરાનું કામ શીખવું કઈ મોટી વાત નહતી,કારણકે મારા તો ખૂનમાં અને વારસામાં આ કામ આવી ગયું હતું.જો સાચી પરીક્ષા હતી તો જનક પટેલ એટલે કે મારા જનકાની.કાનજી ઝવેરીએ મને અને જનકાને હીરાના કામનું ખૂબ ટ્યુશન આપ્યું.અમે દિવસે મૂળજીઝવેરીના કારખાનામાં અને રાત્રે અમારા ઘરે, આમ દિવસ-રાત બસ હીરાનું કામ જ શીખી રહ્યા હતા.

કહેવાય છે કે "ધ્યેય નક્કી હોય,મનોબળ મજબૂત હોય અને ઈચ્છાશક્તિ પ્રબળ હોય તો તમે ધારો તે કામ કરી શકો ." જોત-જોતામાં હું હીરાના કામની અંદર માસ્ટર થઈ ગયો.મને હીરાનું કોઈ પણ હવે સાવ સરળ લાગી રહ્યું હતું.આ બધા વચ્ચે એક વસ્તુ થઈ,જેનો મને ડર હતો.જનકો છેલ્લે સુધી હીરાનું કામ શીખવામાં નિષ્ફળ રહ્યો.છેલ્લે તેને હારી અને નિર્ણય કર્યો કે આ હીરાનું કામ તેના ગજા બહારનું છે. જનકો મેનેજર પાસે આ વાત લઈને ગયો કે તેને હીરાનું કામ નથી ફાવી રહ્યું, જો એમની પાસે બીજું કોઈ કામ હોય તો એને આપે.

જનકાની વાત સાંભળી મેનેજરે જનકાને એમની પાસે નામું લખવા અને હિશાબ કરવા રાખી દીધો.જનકો ભણવામાં તો હોશિયાર હતો જ.એટલે નામું લખવા અને હિશાબ કરતા શીખવું તેના માટે કોઈ મોટી વસ્તુ નહતી.બહુ જ ઓછા સમયમાં અમે બંને અમને આપેલા કામ ખૂબ સારી રીતે શીખી અને કરતાં થઈ ગયા.બધા કામદારો વચ્ચે હવે અમારું કામ અલગ તરી આવતું હતું.ક્યારેક તો મૂળજીભાઈનો મેનેજર પણ અમને જોઈને અચંબિત થઈ જતો,કારણકે નવા આવેલા કામદારોમાં કામ પ્રત્યેનો આટલો લગાવ અને આટલું ગુણવતા વાળું કામ એમને ક્યારે નહતું જોયું.સાથે-સાથે અમારું અમારા સાથી કામદારો સાથે પણ ખૂબ બનવા લાગ્યું હતું.લગભગ બધા કામદારો અમારી વાત માનવા લાગ્યા હતા.મને તો ક્યારેક એવું પણ લાગવા લાગ્યું હતું કે હું આ બધા નો ગ્રુપ-લીડર બની ગયો છું.કારણકે ક્યારે પણ કોઈ પણ મિટિંગ હોય બધા વતી બધાની વાત હું જ રાખવા લાગ્યો હતો.

મેનેજર પણ ઘણી વખત મારા અને જનકાના વખાણ મૂળજીભાઈ પાસે કરતો.અમારો મુખ્ય ધ્યેય જ હતો મૂળજીઝવેરીની આંખોમાં તરી આવવાનો.જેથી આવનારા મોટા વિદેશી ઓર્ડરમાં અમે સહેલાયથી મૂળજીઝવેરીની કંપની “કિંગ ઓફ ડાયમંડ” તરફથી આ ડીલ કરવાનો મોકો મળે,અને મેઘા ઝવેરી અને મોહન ઝવેરીની કંપની “માસ્ટર ઓફ ડાયમંડ ” ને હરાવી.આ મોટો વિદેશી ઓર્ડર મૂળજીઝવેરીને અપાવી શકયે.

“મલ્હાર,વિદેશી કંપની લગભગ આવતા અઠવાડિયે મુંબઈ આવવાની છે.આજ કારણથી કાલે સવારે વહેલા મૂળજીભાઈએ કારખાને મિટિંગ બોલાવી છે.જેમાં બધા કામદારોને હાજર રહેવા કહ્યું છે.તે કઈ વિચાર્યું કેવી રીતે આ આટલો મોટો ઓર્ડર આપણે મૂળજીભાઈને અપાવશું..? અને એનાથી પણ પહેલા અને મહત્વની એક વાત તને લાગે છે,આ મૂળજી ઝવેરી આપણને આટલા મોટા ઓર્ડરની જવાબદારી આપશે..? ” જનકએ મલ્હારને પૂછ્યું.

“ આ ઓર્ડરની જવાબદારી મળશે તો આપણને જ. વિચારવાનું માત્ર એટલું છે કઈ રીતે આ ઓર્ડર મૂળજીઝવેરીને મળે.” મલ્હારએ કહ્યું.

“તને કેમ આટલો વિશ્વાસ છે કે મૂળજી ઝવેરી આપણને જ આ કામ આપશે..?” જનકએ પૂછ્યું.

“એ તું કાલે મિટિંગમાં જોઈ લેજે.” મલ્હારએ કહ્યું.

સવારના લગભગ ૯ વાગ્યે બધા કારખાનાના મુખ્ય રૂમમાં ઉપસ્થિત હતા.એક બાજુ બધા હીરાનું કામ કરતાં કામદારો,એક બાજુ મેનેજર અને બીજા ડોકયુમેંટ કામ કરવા વાળા કામદારો અને વચ્ચે એક ટેબલ અને ખુરશી પર બેઠેલા મૂળજીભાઈ ઝવેરી.મિટિંગની શરૂવાત મેનેજરએ કરી.

“આજે આપણે બધા અહીયાં એક ખાસ કારણથી મળ્યા છીએ.છેલ્લા ૨ વર્ષમાં આપણી કંપની “કિંગ ઓફ ડાયમંડ” નુકસાનમાં જઈ રહી છે.આપણાં સારા અને વર્ષો જૂના લગભગ બધા કામદારો મોહનઝવેરીએ વધુ પૈસાની લાલચે પોતાની પાસે બોલાવી દીધા છે.મોહનઝવેરી હજુ અહીયાં નથી અટક્યાં,હવે તેમની નજર આપણાં વર્ષો જૂના ગ્રાહક(Client) અને હાલ આપણી કંપની જે ઓર્ડરના આશરે ટકેલી છે,એવા “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” ના સૌથી

મોટા ઓર્ડર પર છે. મૂળજીભાઈએ અહીયાં આપણે એ ઓર્ડરની અમુક જાહેરાત કરવા માટે બોલાવ્યા છે.” મેનેજરે કહ્યું.

“મારે વધુ કઈ નથી કહેવું.બસ એક જ વાત આપણાં સૌને કહેવી છે કે આપણી કંપનીનું નામ “કિંગ ઓફ ડાયમંડ” આપણે એટલા માટે રાખેલું છે.કારણકે આપણે ખરેખર હીરાના વ્યાપારની અંદર રાજા છીએ.આપણને આ ધંધામાં કોઈ પણ માત આપી શકે તેમ નથી. હું માનું છું છેલ્લા દોઢ-બે વર્ષથી કંપનીની હાલત થોડી ડામાડોલ થઈ છે.પરંતુ આમાં કોઈપણ જાતની ચિંતા કરવા જેવી નથી.આપણે માર્કેટમાં પહેલા નંબર એક પર હતા અને આ “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” ના મોટા ઓર્ડરને મેળવીને પાછા નંબર એક પર પોહચી જઈશું.આ ઓર્ડર આપણે કોઈ પણ ભોગે મેળવાનો છે,અને આ ઓર્ડર મેળવા માટે હું કોઈ પણ હદ સુધી જવા તૈયાર છું.કારણકે જો આ ઓર્ડર આપણને નહીં મળે,તો હીરાની માર્કેટમાં આપણી વાપસી થવી કદાચ અશકય બની જશે.આ ઓર્ડરની ગંભીરતાને ધ્યાનમાં રાખીને,હું અમુક નિર્ણયો સાથે આજે તમારા બધાની વચ્ચે આવેલો છું.” મૂળજીઝવેરી બોલતા-બોલતા અટક્યાં અને મેનેજરને પોતાની પાસે બોલાવ્યો અને એના કાનમાં કઇંક કહેવા લાગ્યા.

“મલ્હાર,શું લાગે છે..? મૂળજીભાઈ કઈ જાહેરાત કરવાના છે. તું તો કહેતો હતો કે તું મિટિંગ માં કઇંક કમાલ કરવાનો છે,જેથી આ ઓર્ડરને અપાવાની જવાબદારી આપણને મળી જાય.પણ મૂળજીભાઈ તો પોતે જ બોલ-બોલ કરે છે અને આપણને તો કઈ કહેવા દે એવું મને નથી લાગી રહ્યું.મલ્હાર તું કર કઇંક...” જનક મૂળજીભાઈ ના આ વ્યવહારથી ગભરાયને મલ્હારની પાસે જઈ અને બોલવા લાગ્યો.

“જનકા તું ચિંતા ના કરીશ,બધુ ગોઠવાય ગયું છે.મૂળજીભાઈને જાહેરાત તો કરવા દે.” મલ્હારએ કહ્યું.

મૂળજીભાઈ અને મેનેજરની થોડી ચર્ચા પછી મેનેજરે બોલવાની શરૂવાત કરી. “જેવુ સાહેબએ કહ્યું કે આ ઓર્ડર આપણાં માટે ખૂબ જ કિમતી છે અને આ ઓર્ડર આપણે કોઈ પણ ભોગે મેળવાનો છે.જેના ભાગ રૂપે મૂળજીભાઈએ ખૂબ જ અગત્યનો નિર્ણય લીધો છે.એ નિર્ણય મુજબ હવે આ આખા ઓર્ડરને આપણી કંપની “કિંગ ઓફ ડાયમંડ” ને અપાવની જવાબદારી મલ્હાર ઝવેરી અને જનકપટેલને શોપવામાં આવે છે.આ ઓર્ડર આપણી કંપની માટે બહુ જ મૂલ્યવાન છે,કદાચ આ ઓર્ડરથી જ આપણી કંપનીનું ભાગ્ય નક્કી થવાનું છે.માટે હું આપણાં બધા વતી મલ્હાર અને જનકને શુભેકછા પાઠવું છું,અને ભગવાને એવી પ્રાથના કરું છું કે તેઓ બંને અથાક પરિશ્રમ અને ચપળ નીતિથી આ ઓર્ડર આપણી કંપની “કિંગ ઓફ ડાયમંડ” ને અપાવામાં સફળ રહે.” મેનેજરે પોતાની વાત પૂરી કરી અને આખો રૂમ તાળીના ગળગળાટની સાથે ગુંજી ઉઠ્યો અને બીજી બાજુ જનક આશ્ચર્યની સાથે મલ્હારની સામે જોઈ રહ્યો.

“મલ્હાર,જોરદાર ભાઈ મજા પડી ગઈ.પણ આ કઈ રીતે બન્યું,મૂળજીભાઈએ આટલા મોટા ઓર્ડરની જવાબદારી આપણને કઈ રીતે આપી...? એવું તે શું કર્યું..??” જનક આશ્ચર્ય અને ખુશીની સાથે મલ્હારને રસ્તા પર ચાલતા-ચાલતા પૂછી રહ્યો હતો.

“ભાઈ,મને પણ નથી ખબર.આખરે થયું શું..!!! ” મલ્હારએ હસતાં-હસતાં કહ્યું.

“હવે મને બનાવીશ નહીં , નક્કી આમાં તારો જ કઇંક હાથ છે.બોલને શું કર્યું તે...??” જનકએ પૂછ્યું.

હજુ તો હું એને કઈ જવાબ આપું એ પહેલા એક આલીશાન ગાડી આમરા બંને પાસે આવી અને ઊભી રહી.આ એજ ગાડી હતી,જે અમે જુ-ચોપાટી પર જોઈ હતી.જેમાંથી મેઘા ઝવેરી ઉતરી હતી,અને જેની પાછળ મોટા અક્ષરમાં "M" એવું લખ્યું હતું.ગાડી ઊભી રહી અને તેનો દરવાજો ખૂલ્યો,અને એમાથી કોઈ છોકરીનો બોલવાનો અવાજ આવ્યો. "અંદર બેસી જાઓ,તમારા બંને માટે બહુ જ મોટું કામ છે".હું અને જનકો પહેલા તો એકબીજાની સામે જોવા લાગ્યા,પછી અમે આંખોથી એકબીજાને ઈશારો કર્યો અને અંદર બેસવાનું નક્કી કર્યું.જેવા અમે ગાડીની અંદર બેઠા અમે જોયું કે અંદર બીજું કોઈ નહીં પરંતુ મેઘાઝવેરી બેઠેલી હતી.અમારા બંનેના અંદર બેસવાની સાથે જ ગાડી ચાલવા લાગી.અને સાથે જ મેઘા ઝવેરીએ બોલવાનું શરૂ કર્યું.

"મૂળજીઝવેરીએ "રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ" ના મોટા ઓર્ડરને લેવાનું કામ તમને બંનેને આપ્યું છે.મને લાગે છે ત્યાં સુધી જો તમે આ ઓર્ડર મૂળજીઝવેરીને અપાવી પણ દેશો,તો કદાચ તમને વાહવાહી,પગાર વધારો,અને વધુમાં કહ્યો તો મેનેજર બનાવી આપશે.પણ તમારા બંને માટે મારી પાસે આના કરતાં પણ વધુ એક સારી ઓફર છે.જેનાથી તમારા બંનેની જિંદગી બદલી જશે એ નક્કી છે. અને હાં,હું કોણ છું,આ બધુ કઈ રીતે જાણું છું,એ બધા પ્રશ્નો પૂછી સમયનો બગાડ ના કરશો." મેઘાએ બોલવાની શરૂવાત કરી.

"શું ઓફર છે..? " કોઈ પણ જાતનો સમય વેડફયા વગર તરત જનકાએ મેઘાને પૂછી બેઠો.

"સરસ. તો ઓફર એમ છે કે તમે બંને આ ઓર્ડરમાં છેલ્લે સુધી મૂળજીઝવેરી તરફથી રહેજો.મૂળજીઝવેરી શું ભાવ પર "રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ" ને હીરા આપશે,કેટલા સમયમાં તેવો આ ઓર્ડરની ડિલિવરી કરી આપશે.આવી લગભગ બધી અગત્યની જાણકારી તમે અમને આપશો.જેની મદદથી અમે આ સૌથી મોટો ઓર્ડર મેળવી શકયે.આ બધી જાણકારીના બદલામાં અમે તમને અમારી કંપની "માસ્ટર ઓફ ડાયમંડ " માં ૩૦%ની ભાગીદારી**(Partnership)** કરી આપીશું .હાં,આ ભાગીદારીના કાગળ આજ સાંજ સુધીમાં તમને મળી જશે.તો બોલો આ ઓફર મંજૂર છે..?" મેઘાએ કહ્યું.

"મંજૂર છે." જનકએ કહ્યું.

"પરંતુ મને મંજૂર નથી." મલ્હારએ કહ્યું.

જેવુ મલ્હાર આવું બોલ્યો એટલે સૌથી પહેલો જટકો જનકને લાગ્યો.તેને તરત મલ્હારની સામે જોયું અને બોલ્યો.. "મલ્હાર તું આ શું બોલે છે..? તને ભાન છે..?"

"દાદા,કેમ અટકી ગયા બોલો પછી આગળ શું થયું.આજે હવે વાર્તાના આ પોઈન્ટ પર મહેરબાની કરીને એમ ના કહેશો કે આગળની વાર્તા કાલે.કારણકે જે સપના માટે તમે આટલી મહેનત કરી,તે શેઠ બનવાનું સપનું તમારી પાસે સામે ચાલીને આવ્યું અને એ સમયે જ તમે મેઘાઝવેરીને ના પાડી દીધી.આખરે તેનું કારણ શું હતું..?? અને હાં મૂળજીઝવેરીએ શા માટે તમને અને જનકકાકાને ઓર્ડર લેવાની જવાબદારી શોંપી.સૌથી મહત્વની વાત પછી પેલો ઓર્ડર મળ્યો કોને..??" પાર્થ ઉત્સુકતાની સાથે પૂછી બેઠો.

"મારા સિંગલ રાજા બધા સવાલો ના જવાબ કાલે આપવામાં આવશે.આજની કથા અહીયાં પૂરી થાય છે." મલ્હારે હસતાં-હસતાં કહ્યું.

“દાદા,આમ ના ચાલે.તમે દરરોજ આવું જ કરો છો.બોલોને આગળની વાર્તા,પ્લીઝ... ” પાર્થએ કહ્યું.

“પાર્થ તું હવે શર્તના નિયમ તોડી રહ્યો છે” મલ્હારએ કડક સ્વરમાં કહ્યું.

“સારું, પણ કાલે આવું નહીં ચાલે.આખી વાર્તા કહેવી પડશે.” પાર્થએ કહ્યું.

“જોઇશું.” મલ્હારે કહ્યું.

Chapter: - 4

“આજે કેમ એકલા છો.? તમારો ભાઈબંધ ક્યાં ગયો.?” ચા-વાળા ભાઈએ પાર્થને વૈભવ વિશે પૂછ્યું.

“આજે એના ઘરે મહેમાન આવ્યા હતા.હમણાં થોડીવાર પહેલા જ ફોન કર્યો,તો એને કહ્યું કે હમણાં જ મહેમાન ગયા,તો બસ આવું જ છું.”પાર્થએ કહ્યું.

“તો ચા આપું કે પછી.? ” ચા-વાળા ભાઈએ પૂછ્યું.

“ના રાહ જોઈએ હમણાં આવતો જ હશે.આમપણ ચા પીવાની મજા,તો ભાઈબંધ સાથે જ આવે. ” પાર્થએ કહ્યું.

થોડીવાર થઈ પણ વૈભવ આવ્યો નહીં એટલે પાર્થએ ફરી ફોન કાઢ્યો અને આમતેમ જોતાં બોલ્યો..“આ લબાળ હજુ ના આવ્યો.ફરી ફોન કરવો પડશે.”

હજુ તો પાર્થ ફોન કરે તે પહેલા ચા-વાળા ભાઈ બોલ્યા..“ફોન કરવાની જરૂરત નથી જોવો ત્યાં સામે,પાણીપુરી વાળા સાથે વાતો કરે છે.તમારો ભાઈબંધ”

“તે ગાંડો,ત્યાં શું કરે છે” પાર્થએ કહ્યું.

થોડીવાર થઈ એટલે વૈભવ આવ્યો.વૈભવ રોજ કરતાં કઇંક વધુ જ રાજી દેખાય રહ્યો હતો.આવતાની સાથે જ તેને પાર્થને કહ્યું “આજે ચા અને નાસ્તાના પૈસા હું આપીશ.અને હાં આ રવિવારે રાત્રે તારું જમવાનું મારા ઘરે છે.”

“જમવાનું તો ઠીક છે.પહેલા મને એમકે,પેલા પાણીપુરી વાળા પાસે તું શું પૂછપરછ કરતો હતો.?ક્યાંક પેલી કુતરાવાળી છોકરીનું તો નહતો પૂછતોને..?” પાર્થએ ગંભીર સ્વરમાં પૂછ્યું.

“હાં,કુતરાવાળી છોકરીનું જ પૂછી રહ્યો હતો.બોલ,શું કરીશ તું..?” વૈભવએ હસતાં-હસતાં કહ્યું.

“વૈભવ મજાકના કરીશ.બોલ શું પૂછતો હતો તું એમને..?” પાર્થએ ગંભીરતા પૂર્વક પૂછ્યું.

“કઇ નહી ભાઈ.આ બધી વાતને બાજુ પર રાખ,તારા માટે જોરદાર ખુશખબર છે.” વૈભવએ કહ્યું.

“શું ખુશખબર.?” પાર્થએ પૂછ્યું.

“પેલી કુતરાવાળી છોકરી આજે અમારા ઘરે આવી હતી.” વૈભવએ કહ્યું.

“તે છોકરી તારા ઘરે.માનવમાં નથી આવી રહ્યું,તે તારા ઘરે શું કામ આવી હતી..?”પાર્થએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“એ જણાવું તને.એની પેલા ભાઈ તમે ૨ કટિંગ ચા આપો.” વૈભવએ ચાનો ઓર્ડર આપતા કહ્યું.

“ઑ,ચાના પૂજારી.તું પેલા બોલને એ તમારા ઘરે શા માટે આવી હતી..?” પાર્થએ ઉત્સુકતાની સાથે પૂછ્યું.

“એમાં થયું એવું કે મારા પપ્પા,મારા મોટાભાઈ માટે થઈને કોઈ છોકરી જોઈ આવ્યા હતા.મારા પપ્પાને તો છોકરી બહુ જ પસંદ હતી.ઉપરથી તે છોકરીના પપ્પા અને મારા પપ્પા સારા મિત્રો પણ હતા.બસ છોકરા અને છોકરીની મિટિંગ થવાની બાકી હતી.તો આજે છોકરા અને છોકરીનું મળવાનું અમારા ઘરે ગોઠવ્યું હતું.તેના ઘરના બધા સભ્યો અને અમારા ઘરના બધા સભ્યો પણ મળ્યા.છોકરો-છોકરી મળ્યા પછી એકબીજાને પસંદ કરે,તો વાત આગળ વધારવાની હતી.બંને મળ્યા અને એમને એકબીજાને પસંદ પણ કર્યા,તો આગળની બધી વાતો ચાલી રહી હતી.છેલ્લે વાતોનો અંત એ વાત પર થયો કે આ રવિવારે બંનેની સગાઈ કરી દઈએ.”વૈભવએ પાર્થને ચોકાવતાં કહ્યું.

“શું વાત કરે છે ભાઈ..? એટલે બંને જણાએ એકબીજાને પસંદ કરી લીધા,અને સગાઈ પણ નક્કી કરી નાખી.?” પાર્થએ ઉદાસ થતાં-થતાં કહ્યું.

“વાહ,આ તો બહુ જ સારા સમાચાર છે.આજ ખુશી પર બંને જણા લો ચા પીવો.”ચા-વાળા ભાઈએ કહ્યું

“અરે ભાઈ,૨ મિનિટ ઊભા રહો ચા પછી.વૈભવ તું બોલ આગળ શું થયું.?” પાર્થએ ચાને બાજુ પર મુક્તા કહ્યું.

“હાં ભાઈ.એમનો એવો આગ્રહ હતો કે સગાઈ આ રવિવારે જ રાખીએ.પહેલા પપ્પાએ કહ્યું આટલી બધી તૈયારી કઈ રીતે કરીશું.તો એમને કહ્યું આપણે નજીક-નજીકના જ સબંધીઑને આમંત્રણ આપીએ.રવિવાર સાંજે ૭ વાગ્યાનું મહુર્ત પણ સારું છે.મહામહેનત પછી પપ્પા પણ માની ગયા.પપ્પાએ કહ્યું સગાઈનો કાર્યક્રમ ઘરના ગાર્ડનમાં જ રાખીયે,આટલી જલ્દી કોઈ હૉલ પણ નહીં મળે.પેલા પાણીપુરી વાળાને પણ હું એજ પૂછવા ગયો હતો,તે આ રવિવારે આવી શકશે.કારણકે લગભગ દરેક લોકો આની પાણીપુરીના વખાણ કરે છે.તો મને થયું સગાઈમાં પણ આજ પાણીપુરી વાળો રાખીએ.પણ ભાઈતો પહેલાથી જ બુક છે.” વૈભવએ કહ્યું.

પાર્થ મનમાં અને મનમાં વિચારી રહ્યો હતો.જે છોકરીને આટલી પસંદ કરી રહ્યો હતો,તેની પણ સગાઈ તેના જ જીગરજાન ભાઈબંધના મોટાભાઈ સાથે થઈ.આમતો લગભગ બધી છોકરીને જોયા પછી પાર્થને પહેલી નજરનો પ્રેમ થઈ જતો.પરંતુ આ કુતરાવાળી છોકરીની વાત જ કઇંક અલગ હતી.કોઈપણ વ્યક્તી એક વાર ખાલી એને જોવે એટલે બસ એને જ જોયા

કરે.એના ગાલ,એની ચાલ,ખાસ તો એની આંખો.આંખો તો એવી જોરદાર કે આપણને એમ થાય બસ આજ આંખો માં ખોવાય જઈએ.આ બધુ પાર્થ વિચારી રહ્યો હતો,એટલામાં વૈભવ બોલ્યો..

"ઑ હીરો,ક્યાં ગુમ થઈ જાય છે.તે સાંભળી લીધુંને આ રવિવારે તારી હાજરી બપોરથી અમારા ઘરે જોઈશે." વૈભવએ ફરી કહ્યું.

"ભાઈ,મારે તો રવિવારે બહુ બધુ કામ છે.સાથે-સાથે દાદાને દવાખાને પણ લઈ જવાનું છે.હું નહીં આવી શકું." પાર્થએ કહ્યું.

"કેમ ભાઈ,આવું થોડી ચાલે.મારો જીગરજાન ભાઈબંધ મારા ભાઈની સગાઈમાં ના આવે એવું થોડી ચાલે.તારે તો કોઈ પણ ભોગે આવું જ પડશે." વૈભવએ કહ્યું.

"હાં,જોઈએ.હું પ્રયત્ન કરીશ.તું આ બધુ બાજુ પર મૂક,નામ શું છે પેલી કુતરાવાળી છોકરીનું..?" પાર્થએ પૂછ્યું.

"કુતરાવાળી છોકરીનું નામ તો નથી ખબર ભાઈ." વૈભવએ કહ્યું.

"નથી ખબર..?તારા ભાઈની સગાઈ નક્કી કરી નાખી અને તને તારી ભાભીનું નામ પણ નથી ખબર.શું કઈપણ બોલે છે." પાર્થ કહ્યું.

"હું નહીં ગાંડા,તું કઈપણ બોલે છે..? તને કોને કહ્યું કે પેલી કુતરાવાળી છોકરી સાથે મારા ભાઈની સગાઈ નક્કી થઈ છે.?" વૈભવએ કહ્યું.

"હમણાં જ તો બોલ્યો તું,તારા પપ્પા તારા ભાઈ માટે છોકરી પસંદ કરી આવ્યા અને પેલી કુતરાવાળી છોકરી તારા ઘરે આવી હતી." પાર્થએ કહ્યું.

"હાં,કુતરાવાળી છોકરી મારા ઘરે આવી હતી અને મારા પપ્પા પણ મારા ભાઈ માટે છોકરી સોથી લાવ્યા હતા.પણ અકલના દુશ્મન,આ કુતરાવાળી છોકરી અને મારા પપ્પાને ગમી હતી તે છોકરી,બંને અલગ-અલગ છે." વૈભવએ કહ્યું.

"શું,વાત કરે છે.તો પછી આ કુતરાવાળી છોકરી તમારા ઘરે શા માટે આવી હતી.?"પાર્થના જાણે જીવમાં જીવ આવ્યો.

"તે કુતરાવાળી છોકરી,મારા ભાભીની નાની બહેન છે.આજે એમનો આખો પરિવાર અમારા ઘરે આવ્યો હતો,એટલે પેલી કુતરાવાળી છોકરી પણ એમની સાથે આવી હતી."વૈભવએ કહ્યું.

"અચ્છા એવું છે.હાશ,ભાઈ મને તો એમ તારા ભાઈ અને આ કુતરાવાળી છોકરીની સગાઈ થવાની છે." પાર્થએ ચોખ પાડતા કહ્યું.

"ઓહ,હવે મને સમજાય છે.તારે રવિવારના ઘણા કામ કેમ આવી પડ્યા હતા."વૈભવએ કહ્યું.

"ના ભાઈ,એવું નહતું."પાર્થએ હસતાં-હસતાં કહ્યું.

"હવે બધુ પૂરું થયું હોય તો,ચા પીલો ભાઈઓ."પેલા ચા-વાળા ભાઈએ કહ્યું.

"સારું લાવો.પાર્થ હવે રવિવારે આવીશ ને..?" વૈભવએ પૂછ્યું.

"હાં,હાં ભાઈ.તારા ભાઈની સગાઈ હોય અને હું ના આવું,એવું બને ખરી.પણ ભાઈ પહેલા એમકે પેલી કુતરાવાળી છોકરીનું નામ શું છે.?" પાર્થએ પૂછ્યું.

“એનું સાચું નામ તો મને નથી ખબર.પણ તેના ઘરના લોકો તેને વારેઘડીએ ‘મીની’ કહીને બોલાવતા હતા.” વૈભવએ કહ્યું.

“વાહ, ‘મીની’. કેટલું કોમળ નામ છે નહીં.”પાર્થએ કહ્યું.

“હાહો,મારા કોમળ કુમાર.હવે રવિવારે તૈયાર થઈ જજો.”વૈભવએ કહ્યું.

“રવિવારે તૈયાર તો થઈ જઈશ.પણ ભાઈ.. ” પાર્થ બોલતા-બોલતા અટક્યો.

“વળી શું થયું..? કેમ બોલતા-બોલતા અટક્યો.? ” વૈભવએ પૂછ્યું.

“પણ ભાઈ તને લાગે છે,આ વખતે મારો મેળ પડશે.તને તો ખબર જ છે,આપણે તો સિંગલ રાજા છીએ.”પાર્થએ ઉદાસ થતાં-થતાં કહ્યું.

“બધુ સેટ થઈ જશે.ભગવાન પર ભરોસો રાખ,અને હાં કુતરા રમાડવાનું શીખી લેજે.” વૈભવએ પાર્થની મજાક કરતાં કહ્યું.

“ભાઈ તને મસ્તી સુજે છે.મને અહીયાં ટેન્શન થાય છે.ઉપરથી દાદાએ એમના સૌથી મોટા સપનાને એમના પાસે આવી ગયા પછી પણ ના પાડી દીધી છે.”પાર્થએ કહ્યું.

“તારા દાદાનું વળી કયું સપનું..? અને એ પણ પાછું આ ઉમરમાં.?” વૈભવએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“કઈ નહીં ભાઈ.એમની વાર્તામાં છે એ બધુ તું નહીં સમજે.” પાર્થએ કહ્યું.

“ઓકે,સારું ચલ તો હવે સીધા રવિવારે મારા ઘરે મળીએ.તારી કુતરાવાળી પણ આવાની છે,તો તૈયાર થઈને જ આવજે.”વૈભવએ ફરી પાર્થની મસ્તી કરતાં-કરતાં કહ્યું.

“ભાઈ,કુતરાવાળી નહીં એનું નામ મીની છે.” પાર્થએ કહ્યું.

“હાં,હવે એજ.કેવું નહીં ભાઈ,કુતરાવાળીનું નામ ‘મીની’.” વૈભવએ હસતાં-હસતાં કહ્યું.

“હાં,સારું ચલ મળીએ.” પાર્થએ પણ હસતાં-હસતાં વૈભવને આવજો કહ્યું.

પાર્થ વાર્તા સાંભળવા માટે દરરોજ કરતાં આજે કઇંક વધુ જ ઉતવાળો થઈ રહ્યો હતો.તેને જાણવાની ઉત્સુકતા હતી,આખરે શા માટે મૂળજીઝવેરી એ આટલા મોટા ઓર્ડરની જવાબદારી મલ્હાર અને જનકને શોપી. શા માટે મલ્હારએ મેઘા ઝવેરીની ઓફરને ઠુકરાવી.અને સૌથી અગત્યનું પેલો વિદેશી ઓર્ડર આખરે મળ્યો કોને.

“દાદા,કોઈ પણ જાતની પૂર્વ-ભૂમિકા વગર વાર્તાની શરૂવાત કરો.આજે મને આગળનો ભાગ સાંભળવાની બહુ જ ઉત્સુકતા છે.” પાર્થએ મલ્હાર પાસે જતાની સાથે જ પોતાનો ઓર્ડર સંભળાવી દીધો.

“વાહ,સિંગલ રાજા આજે કઇંક અલગ જ મૂડમાં છે.શું થયું કોઈ છોકરી મળી છે શું..?” મલ્હારએ વાત ફેરવતા કહ્યું.

“દાદા કોઈ છોકરી નથી મળી.તમે આગળ વાર્તા ચાલુ કરોને.”પાર્થએ ફરી વાર્તાની વાત કહી.

“સારું,સાંભળ.”મલ્હારએ આટલું બોલી અને વાર્તા કહેવાની શરૂવાત કરી.

ધંધામાં ૩૦%ની ભાગીદારી વાળી મેઘાએ આપેલી ઓફર સાંભળી અને જનકો એક જાટકે ઓફર સ્વીકારવા તૈયાર થઈ ગયો.પણ હું આ ઓફરનો વિરોધ કરી રહ્યો હતો.મેઘાની સામે જ એને મને પૂછવાનું શરૂ કરી દીધું.શા માટે મને આ ઓફર મંજૂર નથી.? સાથે-સાથે એને પૂછ્યું“મલ્હાર આપણે આ દિવસની વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા.જ્યારે આપણું શેઠ બનવાનું સપનું હકીકત બની રહ્યું છે,ત્યારે છેલ્લી ઘડીએ આમ ના પાડવાનું કારણ શું છે.?”

“૨ મિનિટ ગાડી ઊભી રાખોને.અમારે બારે જઈને થોડી ચર્ચા કરવી છે.” મલ્હારએ મેઘાની સામે જોઈને કહ્યું.

“ગાડી બાજુ પર રાખો.”મેઘાએ ડ્રાઇવરને કહ્યું.

જેવી ગાડી ઊભી રહી એટલે હું અને જનકો બારે નીકળ્યા અને જનકો મારા પર જોરજોરથી બોલવા લાગ્યો “મલ્હાર તારામાં અકલ છે.તને ખબર છે આ મોહનઝવેરી અને મેઘાઝવેરી શું વસ્તુ છે.જો મોહનઝવેરીને ખબર પડી કે તેના ધંધામાં ભાગીદારીની ઓફર આપવા છતાં,આપણે તેની સામે જ આ ઓર્ડરમાં ઉતરી રહ્યા છીએ.તો મોહનઝવેરી આપણી એવી હાલત કરશે,જેની તો કલ્પના કરવી પણ શકય નથી.”

“જનકા,તું કેમ આટલો ડરે છે.મોહનઝવેરી આપણું કહી નહીં બગાડી શકે.”મલ્હારએ જનકને હીમત આપતાં કહ્યું.

“એવું તને લાગે છે.શરૂવાતથી તું તારા મનનું કરતો આવ્યો છો.એક પણ વાર તે મારી વાત માની નથી.આ વખતે મારા પર મહેરબાની કર અને માનીજા મારી વાત.મલ્હાર મેઘાઝવેરીની ઓફર સ્વીકારવામાં જ આપણાં બંનેની ભલાઇ છે.આ ઓફરમાં સૌથી વધુ નફામાં તું જ છો.શેઠ બનવાની સાથે-સાથે તને મેઘા પણ મળી જશે.”જનકએ ફરી મલ્હારને સમજાવતા કહ્યું.

“જનકા,તું સમજી નથી રહ્યો.હું માનું છું આપણે મૂળજીઝવેરી પાસે એટલે જ ગયા હતા કે સમય જતાં પક્ષ પલટો કરી અને મોહન ઝવેરી પાસે જતાં રહ્યે.જેથી શેઠનું સપનું અને મેઘા બંને મળી જાય.પણ હવે હું મોહન ઝવેરી સાથે દગો નહીં કરી શકું.”મલ્હારએ કહ્યું.

“પણ કેમ ભાઈ..?” જનકએ કહ્યું.

“તને ખબર છે મૂળજીઝવેરીએ આપણને આ ઓર્ડરની જવાબદારી શા માટે શોપી છે..?” મલ્હારએ કહ્યું.

“ના.પરંતુ આમ અચાનક આટલા મોટા ઓર્ડરની જવાબદારી આપણને મળી.હું ત્યારથી વિચારી રહ્યો છું કે નક્કી દાળમાં કઇંક કાળું છું.” જનકએ કહ્યું.

“હાં,ભાઈ.થયું એવું ૩ દિવસ પહેલા હું કારીગરો સાથે કારખાનામાં કામ કરી રહ્યો હતો.અચાનક મને મૂળજીભાઈની ઓફિસ માથી જોરદાર અવાજ સંભળાયો.એટલે હું ભાગીને ત્યાં ગયો,ત્યાં જતાની સાથે જ મારી આંખો ફાટી ગઈ.મૂળજીઝવેરી પંખા પર લટકી અને આત્મહત્યા કરવાનો પર્યાસ કરી રહ્યા હતા,અને ટેબલ ખસી ગયું અને તેવો નીચે પડ્યા.”મલ્હારએ કહ્યું.

“શું..? મૂળજીઝવેરી આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો.? પણ શું કામ..?”જનકએ આશ્ચર્યની

સાથે પૂછ્યું.

“મને પણ તારી જેમજ નવાઈ લાગી.મારો પણ પહેલો પ્રશ્ન મૂળજીભાઈને આજ હતો.તેમણે જણાવ્યુ કે“મોહનઝવેરીએ મુંબઈમાં આવી અને હીરાના વ્યાપારમાં જે રીતે આગળ વધી રહ્યો છે અને તેનું એક જ લક્ષ્ય છે,મૂળજી ઝવેરીને આ ધંધા માથી કાઢી અને નામો-નિશાન મટાવી દેવું.તેને લગભગ આપણાં બધા સારા-સારા કર્મચારી અને વ્યાપારીઑને કોઈને કોઈ રીતે પોતાની પાસે લઈ લીધા છે.હવે આપણી એવી હાલત થઈ ગઈ છે કે આપણું માર્કેટમાં રહેવું અશકય બની ગયું છે.હાલ આપણાં પર એટલો કર્જ છે કે કંપની,ઘર,ઘરેણાં,ગાડી આ બધુ વહેચવા નીકળે તો પણ ઉધારી ચૂકતે થઈ શકે તેમ નથી.હું માત્ર અને માત્ર રોયલ ગ્રૂપ ઓફ ડાયમંડ ના સૌથી મોટા ઓર્ડર પર આશા રાખી અને બેઠો હતો.પરંતુ મળતી માહિતી મુજબ મોહન આ ઓર્ડરને પણ લઈને માનશે.મારી પાસે નહતો કર્મચારી છે અને નહતો પૈસા છે,હું કોઈ પણ રીતે આ ઓર્ડર લઈ શકું તેમ નથી.મૂળજીઝવેરી હીરાના વ્યાપારનું મોટું નામ હતું નહતું થઈ જશે,માર્કેટમાં લોકો મારી મશ્કરી કરશે,મારા પર થૂથૂ કરશે,મારા પરિવારને સમાજમાં રહેવું ભારે થઈ પડશે.આનથી સારું છું,હું આત્મહત્યા કરી લઉં.”” મલ્હારએ આખી વાત જનકને કહી સંભળાવી.

“અચ્છા,પણ ભાઈ મૂળજીભાઈના આત્મહત્યા કરવાના પ્રયત્ન અને આપણે આ ઓર્ડરની જવાબદારી આપવા વચ્ચે શું સંબંધ.?” જનકએ પૂછ્યું.

“જનકા,મૂળજીભાઈની આવી પરિસ્થિતી જોઈ મારાથી રહેવાયું નહીં.ખબર નહીં કેમ પણ મારાથી બોલાય ગયું “મૂળજીભાઈ કેમ આટલી નબળી વાતો કરો છો.હીરાના વ્યાપારમાં હજુ પણ તમારી ગણતરી રાજા તરીકે થાય છે.આત્મહત્યા જેવા નબળા અને પરિસ્થિતીથી ભાગી જવાવાળા નિર્ણયો તો માયકાંગલા કરે.તમે તો રાજા છો,અને રાજા છેલ્લા શ્વાસ સુધી રણમેદાનમાં લડે.માન્યું અત્યારે સમય મોહનઝવેરી નો ચાલે છે.પણ કપટ અને અદેખાયથી કરેલું કામ હમેશા અસફળ નીવડે છે.મોહનઝવેરી પૈસા અને તાકાતનો ઉપયોગ કરી અને તમારું નામ હીરાના વ્યાપાર માથી ફૂસવા નીકળ્યો છે.મોહનઝવેરીને પૈસા નો જે અહંકાર છે,તે અહંકાર તોડશે મલ્હારઝવેરી.હું મલ્હારઝવેરી તમને વચન આપું છું,આ “રોયલ ગ્રૂપ ઓફ ડાયમંડ” નો સૌથી મોટો ઓર્ડર આપણી કંપની કિંગ ઓફ ડાયમંડ કોઈપણ ભોગે મેળવીને જ રહેશે.”આટલું કહી અને આ ઓર્ડરને મેળવાની મારી આખી યોજના મૂળજીઝવેરીને કહી સંભળાવી.મારી યોજના સાંભળ્યા બાદ મૂળજીઝવેરીને લાગ્યું,ભગવાનને જ મને મૂળજીઝવેરીની મદદ કરવા મૂક્યો છે.” મલ્હાર આખી વાત જનકને કહી રહ્યો હતો,પરંતુ જનકને જાણે આ વાતમાં કોઈ રસ જ નહતો.

“મલ્હાર,તું હવે ભાવુક થઈને વિચારી રહ્યો છે.યાદ કર તું જ પહેલા બોલ્યો હતો“સમય જતાં મૂળજીના મૂળા વેચી અને મોહનની વાસણી વગાડવા લાગીશું.” તો હવે સમય આવી ગયો છે,મોહનની વાસણી વગાડવાનો.આ ઓફરને સ્વીકારી મેઘાઝવેરીને મદદ કરી આ ઓર્ડર મોહન ઝવેરીને અપાવી દઈએ.જેથી આપણું વર્ષો જૂનું શેઠ બનવાનું સપનું હકીકત બને.” જનકએ કહ્યું.

“જનક,મૂળજીઝવેરીની આવી હાલત જ્યારે એમની પાસેથી બધુ છૂટી રહ્યું છે.ત્યારે આપણે પણ એમને દગો આપી,એમનો ભરોસો તોડી અને એમની પીઠમાં ખંજર ભોકવાનું કામ કરીશું.તો કદાચ ભગવાન આપણને ક્યારે માફ નહીં કરે.જ્યારે હું મારા બાપા કાનજી ઝવેરી પાસે હીરાનું કામ શીખી રહ્યો હતો,ત્યારે તેમણે મને એક જ વાત વારેઘડીએ કહી હતી..

“બેટા,આ હીરાનો ધંધો વિશ્વાસનો ધંધો છે.હીરાના વ્યાપારમાં શેઠને જેટલો તેની પત્ની પર ભરોસો ના હોય,તેનાથી વધુ ભરોસો તેને તેના કામદારો પર હોય છે.કારણકે આટલા મોંઘા-મોંઘા હીરાનું કામ ચાલતું હોય,આમાં કોઈ તમારી ચોકીદારી નથી કરી રહ્યું,છતાં બધા પોતાની જાતને પોતાનો ચોકીદાર માની અને આ કામ કરી રહ્યા હોય છે.માટે યાદ રાખજે જીવનમાં ક્યારે પણ તારે આ હીરાના વ્યાપારમાં આગળ વધવું હોય તો કોઈનો પણ ભરોસો ના તોડજે.સાથે-સાથે તારી સાથે અથવા તો તારી નીચે કામ કરી રહેલા તારા કામદારો પર સૌથી વધુ ભરોસો રાખજે.” મારા બાપાની આ વાત મારા હૃદયમાં ઘર કરી ગઈ.ઉપરથી મૂળજીઝવેરીનું આત્મહત્યા કરવાનો પ્રયત્ન જોઈને,મને થયું જો આ સમયે સાચા કામદાર તરીકે હું મૂળજીભાઈને કામ ના આવ્યો,તો કદાચ હું જીવનમાં શેઠતો બનીશ,પરંતુ ક્યારે મારા કર્મચારી પર ભરોસો રાખતા નહીં શીખી શકું.આપણે લોકોનો ભરોસો તોડી અને અનીતિથી સફળ બનીશું.પણ મળેલી આ સફળતા ક્યારે આપણાં હાથમાથી જતી તો નહીં રહેને.આ વાતનો ભય આપણને હમેશા સતાવતો રહેશે.જેથી આપણે સફળ તો હશું,પણ કદાચ સુખી ક્યારે નહીં હોઈએ. માટે જનકા ભલે શેઠ બનવામાં આપણને પાંચના બદલે દસ વર્ષ લાગે,પણ હવે આપણે શેઠતો મહેનત અને નીતિથી જ બનવું છે.અને તું મારી આ વાતને લખી રાખ આજે નહીં તો કાલે આ મલ્હાર ઝવેરી શેઠ બનીને રહેશે.” મલ્હાર કઇંક અલગ જ તેજ અને આત્મવિશ્વાસથી બોલી રહ્યો હતો.

“મલ્હાર,આ બધુ કહેવામા સારું લાગે.બાકી નીતિથી આગળ વધવામાં કઈ મળવાનું નથી.તારા બાપા અને મારા બાપા હમેશા નીતિથી જ જીવ્યા.એમને શું મેળવી લીધું..? એમના છોકરા આજે પણ રાત્રે ખાવાનું કેવી રીતે મેળવવું તેની તલાશમાં દિવસ-રાત મજૂરી કરે છે.આપણી માં એ નવી સાડી ક્યારે લીધી હતી,એ પણ ખબર છે તને.મારી બહેનના લગ્ન કરવા માટે મારા બાપા વ્યાજે રૂપિયા લાવ્યા હતા.એક દિવસ પણ વ્યાજ આપવામાં મોળું થાય તો પેલો વ્યાજદાર ઘરે આવી અને ગાળોની રમઝાટ બોલાવે છે.ચલ માન્યું કે આપણે મૂળજીઝવેરીની સાથે રહ્યા અને તેને ઓર્ડર અપવામાં લાગી પડ્યા.પણ તને લાગે છે આપણે આ ઓર્ડર મેળવી શકીશું..?? ભાઈ તું મોહનઝવેરીને જાણતો નથી,એ બહુ જ ખતરનાખ વ્યક્તી છે.તે ધારે એ કરી શકે છે.અને જો તેને ધાર્યું છે કે આ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર તેને જોઈએ છે.તો હવે મોહનઝવેરી આ ઓર્ડર મેળવીને જ માનશે.માટે આપણી ભલાઈ એમાં જ છે કે આપણે આપણું વિચારીએ અને મેઘાની ઓફરનો સ્વીકાર કરીએ.મૂળજીઝવેરી આમપણ ઘણું જીવી ચૂક્યા છે.એમને એમના જીવનના બધા મોજશોખ કરી લીધા છે,આપણે હજુ જવાન છીએ.અને આપણું જીવન હજુ શરૂ જ થયું છે.હું નથી ઈચ્છતો કે મારા છોકરા પણ મને એજ મેણું મારે જે હું મારા બાપાને મારતો આવ્યો છું કે “તમે જિંદગી આખી બસ નીતિના રસ્તે ચાલ્યા અને મજૂરી કરી,અમારા માટે કઈ કર્યું જ નહીં.” જનકએ પોતાની વ્યથા મલ્હારને કહી સંભળાવી.

“જનકા,હું તારી વ્યથા સમજુ છું.પરંતુ હું મૂળજીઝવેરીને વચન આપી ચૂક્યો છું કે આ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ નો સૌથી મોટો ઓર્ડર આપણી કંપની કિંગ ઓફ ડાયમંડને જ મળશે.ભાઈ તું વિચાર આપણી ૫૦% જીતતો થઈ ચૂકી છે.આટલા મોટા મોહનઝવેરી અને મેઘાઝવેરી મુંબઈની હીરા બજારમાં જેમનો સિક્કો ચાલે છે.તેમણે પણ ભય છે કે આ નવા નિશાળયા એમને ક્યાંક ઓર્ડર મેળવામાં માત ના આપીદે.માટેજ મોહનઝવેરીએ મેઘા દ્વારા આટલી મોટી ઓફર મોકલાવી.જનકા તું મારી પર ભરોસો રાખ આ ઓર્ડર આપણે બંને સાથે મળી અને મૂળજીઝવેરીને અપાવી દઈશું.” મલ્હારએ ભરપૂર આત્મવિશ્વાસની સાથે જનકને કહ્યું.

“મલ્હાર,તારું આ દરવખતનું છે આવી આત્મવિશ્વાસ વાળી વાતો કહી અને મને ફસાવી દે છે.તને પણ ખબર છે તારા વગર હું કોઈ પણ પગલું ભરવાનો નથી.પણ હજુ કહું છું વિચારી લે આટલી સારી તક આપણને નહીં મળે.આ ઓફરમાં દમ છે.” જનકએ છેલ્લો પ્રયત્ન કરતાં કહ્યું.

“હાં,દમ વાળી.મારી મેઘા ગાડીમાં રાહ જુવે છે.ચલ છેલ્લી વાર એને જોઇ લઉં,પછી તો સીધી ઓર્ડર વખતે જોવા મળશે.” મલ્હારએ મજાક કરતાં કહ્યું.હજુ તો મલ્હાર અને જનક મેઘાની ગાડી તરફ ફરી અને કહી કહેવા જાય એટલામાં ગાડી ચાલુ થઈ અને જતી રહી.

“દાદા,મારા હિશાબે તમે બંને વસ્તુને ખોઈ.મેઘા ઝવેરી પણ જતી રહી અને સાથે એ તમારું શેઠ બનવાનું સપનું પણ લેતી ગઈ.” પાર્થથી રહેવાયું નહીં એટલે બોલ્યો.

“એવું છે એમ.વાહ તું તો જ્યોતિષ બની ગયો.આગળની વાર્તા જાણી ગયો તો હવે મારે વાર્તા કહેવાની જરૂરત નથીને.” મલ્હારએ હસતાં-હસતાં કહ્યું.

“ના ના એવું નહીં. હું તો મજાક કરી રહ્યો હતો.પણ દાદા ખરેખર તમે જે રીતે જનક કાકાને સમજાવ્યા છે.કેવું પડે હો,બાકી જોરદાર તમે એમની વિચારશ્રેણી જ બદલી નાખી.બોસ,માની ગયા તમને.” પાર્થએ કહ્યું.

“બેટા,મને પણ પેલા એવું જ લાગી રહ્યું હતું કે જનકો માની ગયો છે.પરંતુ એને જેવો દાવ રમ્યો એવું તો મારી સાથે આખી જિંદગીમાં કોઈ નહીં રમ્યું.” મલ્હારએ કહ્યું.

“દાવ,એટલે સમજ્યો નહીં.જનકકાકા એ તમને દગો આપ્યો એવું..?” પાર્થએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“જનકાએ જોરદાર રમત રમી મારી સાથે.પણ મારા સિંગલ રાજા હવે જનકાએ શું રમત રમી,એ તને કાલે જાણવા મળશે.કારણકે આજની કથા અહીયાં પૂરી થાય છે.” મલ્હારે હસતાં-હસતાં કહ્યું.

“મને હતું જ કે તમે આવી જ કોઈક રમત મારી સાથે પણ રમશો.” પાર્થએ પણ હસતાં-હસતાં કહ્યું.

Chapter: - 5

રવિવારને હજુ ૨ દિવસની વાર છે,આમ મોબાઇલમાં કેલેન્ડર ખોલી અને પાર્થ ઘરની અગાશી ઉપર બેઠા-બેઠા વિચારી રહ્યો હતો.ઘરની અગાશીની વાત જ કઇંક અલગ હોય છે,અને એમાં પણ રાત્રે જ્યારે ઉપર ખૂલું આકાશ,આજુબાજુ એકદમ શાંતિ અને ખુલા આકાશમાં ટમટમતા તારા.સૌથી વધારે મજાતો પુનમની રાત્રીમાં આવે,ચંદ્ર પણ પોતાના સૌથી સુંદર રૂપમાં જોવા મળે.અને આ આખા ચંદ્રમાં આપણે ધારીએ તે વ્યકતીનું ચિત્ર જોઈ શકયે.ભગવાને પણ ગજબ સૃષ્ટિનું સર્જન કર્યું છે.જેમાં દિવસે સૂર્યનો પ્રકાશ તો રાત્રે ચંદ્રની શીતળતા છે.ખરેખર આખા દિવસના થાક પછી જ્યારે અગાશીમાં પોતાના ઘર તરફ જઈ રહેલા પક્ષીઓને જોઈએ,ત્યારે એમ થાય કે ઘર સુધી પહોચવાની તાલાવેલી કોને નથી.જ્યારે નાના હતા ત્યારે બધાએ કોઈને કોઈ વાર તારાઓને ગણવાનો નિર્થક પ્રયાસતો કર્યો જ હશે,અને જેમાં દરવખતે નિષ્ફળ રહ્યા હશું.પરંતુ હાં જ્યારે ઊંઘ ના આવતી હોય ત્યારે આકાશ તરફ મોઢું રાખીને,અદભૂત વાતાવરણનો આનંદ લેવાની તો વાત જ કઇંક અલગ હોય છે.આમ કરવાથી જે સંતોષની અનુભૂતિ થાય છે તેનું તો શું કહેવું.આવી જ પુનમની એક રાતમાં અગાશીમાં આનંદ લઈ રહેલા પાર્થના કાનમાં કોઈનો આવાજ સંભળાયો.

“સિંગલ રાજા સૂઈ ગયા કે જાગે છે.?” મલ્હારએ પાર્થની પાસે જતાં કહ્યું.

“આવો મલ્હાર ઝવેરી.અત્યારમાં કોણ ઊંઘે,હજુ તો તમારી વાર્તા સાંભળવાની બાકી છે.”પાર્થએ પણ મલ્હારની મજાક કરતાં કહ્યું.

“આજે તો વાર્તામાં આરામ રાખવાની ઈચ્છા છે.” મલ્હારએ કહ્યું.

“કઈ જરૂરત નથી,છાનામાના વાર્તા કેવા માંડો.”પાર્થએ ઓર્ડર આપતા કહ્યું.

“રોજરોજ હું જ વાર્તા કહું છું,ક્યારેક તું પણ સંભળાવ તારી વાર્તા.?” મલ્હારએ પાર્થને કહ્યું.

“દાદા હજુ વાર્તા બનવાતો દો,પછી હું પણ મારી વાર્તા સંભળાવીશ.”પાર્થએ કહ્યું.

“હાહાહા,મને ખબર જ હતી.તું આપણાં ઘરની પરંપરા તોડીશ.”મલ્હારએ કહ્યું.

“હાં એતો સમય આવશે ત્યારે ખબર પડી જશે.હવે તમે વાર્તા ચાલુ કરોને.કાલે તમે કહ્યું હતું કે જનકકાકા તમારી સાથે જેવો દાવ રમ્યા એવું તો કોઈ નથી રમયું.એટલે જનકકાકા ડબલગેમ રમી ગયા એવું.?”પાર્થએ પૂછ્યું.

“હાં,મને હતું જનકો વ્યવહારમાં કાચો છે.પણ એને જેવા દાવ રમ્યા એવા દાવ મારી આખી જિંદગીમાં કોઈ મારી સાથે નહતું રમી શક્યું.”મલ્હારએ કહ્યું.

“દાદા હવે જલ્દીથી તમે આગળની વાર્તા કહો,મને આગળની વાર્તા સાંભળવાની તાલાવેલી થઈ છે.”પાર્થએ કહ્યું.

“હાં સાંભળ” આટલું બોલી અને મલ્હારએ વાર્તા કહેવાની શરૂવાત કરી.

મેઘાની ઓફરને ના કહેવી ખરેખર અઘરી હતી.કારણકે જે સપનાની રાહ અમે કેટલા સમયથી જોઈ રહ્યા હતા,તે સપનું બસ પૂરું થવા જઈ રહ્યું હતું.પણ મૂળજીભાઈની આંખોમાં લાચારી જોયા પછી મારાથી રહેવાયું નહીં.મને પણ થયું આમાં નક્કી ભગવાનનો કોઈ ઈશારો છે.મોહનઝવેરી અને મેઘાઝવેરી આ ઓર્ડર મેળવવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે,અને તેની મને અને જનકાને ખાત્રી હતી.પરંતુ જનકો શેઠ બનવા માટે કોઈ પણ હદ સુધી જશે એની મને આશા પણ નહતી.

“આપણે બધા જાણીએ છીએ આ “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” નો ઓર્ડર આપણી કંપની માટે કેટલો જરૂરી છે.થોડા સમયથી આપણી કંપનીની હાલત નબળી ચાલી રહી છે.એવામાં જો આ ઓર્ડર પણ આપણી કંપનીને ના મળ્યો તો કદાચ આપણે આપણી કંપની “કિંગ ઓફ ડાયમંડ” ને તાળું મારી દેવું પડશે.હું જાણું છું લગભગ આપણાં બધા સારા કર્મચારીઓને મોહનઝવેરીએ પોતાની પાસે વધુ પગારની લાલચ આપી અને રાખી લીધા છે.આ “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” ના સૌથી મોટા ઓર્ડરને મેળવામાં મુંબઈની લગભગ બધી હીરા કંપની અને બને શકે મુંબઈની બહારની પણ હીરાની કંપનીઑ પડાપડી કરશે.પરંતુ આપણાં માટે કોઈ કંપની નડતર રૂપ બની શકે છે,તો તે છે મોહનઝવેરીની કંપની એટલે કે “માસ્ટર ઓફ ડાયમંડ ”.મોહનઝવેરી અને તેની દીકરી મેઘાઝવેરી આ ઓર્ડર મેળવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે.માટે આપણે બધાએ નીડર અને સજાગ રહેવું પડશે.” મલ્હાર પોતાના સાથી કર્મચારીઓને કહી રહ્યો હતો.

“મલ્હારની વાત સાચી છે,મોહનઝવેરી માત્ર પૈસાની લાલચ જ નહિ.પરંતુ આપણને ધમકાવી,ડરાવીને પણ આ ઓર્ડર માથી પાછું હટ્ટી જવા કહશે.માટે આપણે બધાએ નીડર અને આપણી કંપનીને વફાદાર રહેવાનુ છે.”જનકએ મલ્હારની વાત આગળ વધારતાં કહ્યું.

“આપણને બધાને ખ્યાલ છે,આટલા વર્ષોથી “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” નો ઓર્ડર એજ કંપનીને મળે છે.જેમનું માર્કેટમાં નામ હોય,જેવો હીરાની શુદ્ધતા સારામાં સારી જાળવી રાખે,જેવો ઓર્ડરની ડિલિવરી કેટલા સમયમાં આપશે તેનું પૂર્વ-આયોજન આપે,અને સૌથી વધુ અગત્યનું કે તેવો આ ઓર્ડર માટે શું ભાવ(Rate) પર “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” ને માલ આપશે.” મલ્હારએ પોતાની વાત આગળ વધારતા કહ્યું.

“એકદમ સાચી વાત છે.લગભગ છેલ્લા ૫ વર્ષથી “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” ની ઓર્ડર આપવાની આજ પદ્ધતિ રહી છે.આપણને આ ઓર્ડર મેળવવો હોય તો,આ બધા ખાના ભરવા પડશે.” જનકએ કહ્યું.

“બધા કર્મચારી સાથે મળી અને ઓર્ડરની ડિલિવરી તો ઓછામાં ઓછા સમયમાં કરી આપીશું એની ચિંતા ના કરશો.રોયલ ગ્રુપ ઓફ ડાયમંડને ડિલિવરી માટેનો ટૂંકામાં ટૂંકો સમય આપણે કઈ શકીએ.” એક કર્મચારી ભાઈએ હીમતભેર અવાજમાં કહ્યું.

“આપણી તૈયારી બહુ જ સારી છે અને ઓર્ડરને મેળવાની તાલાવેલી પણ.પરંતુ અહિયાં રોયલ ગ્રુપ ઓફ ડાયમંડને એક પ્રશ્ન થશે.૨વર્ષ પહેલા એક કંપનીએ માત્ર ૪ જ દિવસમાં ઓર્ડર તૈયાર કરી આપવાની વાત કરી હતી.જેથી લગભગ બધી કંપની હલી ગઈ હતી,અને બધાને થયું હતું કે આ વખતે રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર આમનો.પરંતુ આટલા ઓછા સમયની વાત કર્યા પછી પણ ઓર્ડર મળ્યો કિંગ ઓફ ડાયમંડ એટલે કે આપણી કંપનીને.આનું એક માત્ર કારણ હતું રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનું માનવું હતું કે ઓછા સમયમાં ઓર્ડર ડિલિવર કરવાની ઉતાવળમાં હીરાની શુદ્ધતા જાળવવી શકય નથી.માટે આપણે ડિલિવરીનો સમય નક્કી કરવામાં ખૂબ જ ધ્યાન રાખવું પડશે.” જનકએ કહ્યું.

“જનકની વાત સાચી છે.કોઈપણ જાતની ઉતાવળમાં અને ભાવુક થઈને નિર્ણય લેવાનો આ સમય નથી.” મલ્હારએ કહ્યું.

“ઓર્ડર ડિલિવરીના સમયની ચિંતા આપણે કરવાની જરૂરત નથી.અત્યારે આપણે જે હીરાના

નમૂના(Sample) રોયલ ગ્રુપ ઓફ ડાયમંડને બતાવવાના છે તેની તૈયારી કરો.કારણકે આપણાં નમૂના એક વખત રોયલ ગ્રુપ ઓફ ડાયમંડને પસંદ આવી ગયા પછી ડિલિવરીનો સમય કદાચ થોડો વધુ હશે તો પણ ચાલશે." જનકએ કહ્યું.

"આપણાં હીરાનો ભાવ શું રાખીશું.?"કર્મચારીએ પૂછ્યું.

"આપણે બધાને આ ઓર્ડરનું મહત્વ ખબર છે.સાથે આપણે એ પણ જાણીએ છીએ કે આ ઓર્ડરમાં આપણી સામે મોહન ઝવેરીની કંપની છે.મોહન ઝવેરી ઓર્ડર લેવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે.આથી મૂળજીભાઈએ નક્કી કર્યું છે કે આ ઓર્ડરમાં આપણાં ભાવ શું રહેશે,એ બહુ ઓછા લોકોને ખબર પડશે."મલ્હારએ કહ્યું.

"ભાવ અને ઓર્ડરની ડિલિવરીના સમયની તમે લોકો ચિંતા ના કરશો.આપણી કંપની લગભગ છેલ્લા ૫ વર્ષથી આ ઓર્ડર મેળવી રહી છે.ભાવ અને ડિલિવરીનો સમય કદાચ આગળ પાછળ હશે તો ચાલશે,પરંતુ હીરાની શુદ્ધતા સારી હોવી બહુ જ જરૂરી છે.આથી આપણે જે હીરાના નમૂના(Sample) રોયલ ગ્રુપ ઓફ ડાયમંડને બતાવવાના છે તેની તૈયારી માટે અમે ૫ જણા નક્કી કર્યા છે.આ પાંચ જણા આવતા ૫ દિવસમાં હીરાના નમૂના(Sample) તૈયાર કરશે.આ દરમ્યાન તમે માત્ર પેલા રૂમમાં રહેશો.તમારું ખાવાનું પીવાનું બધુ જ ત્યાં જ થશે.જો તમને કોઈપણ જાતની જરૂરિયાત કે પછી પૂછતાછ કરવી હોય તો તમે મને અને મલ્હારને પૂછી શકો છો."જનકએ કહ્યું.

"સારું" પાંચ કર્મચારીઓએ માથું હલાવતા કહ્યું.

"મલ્હાર,શું લાગે છે.આપણને ઓર્ડર મળશે..?" જનકએ જુ-ચોપાટી પર શાંત અને ગહન વિચારમાં ડૂબેલા મલ્હારને જોઈને કહ્યું.

"તારી જેમ હું પણ એજ વિચારું છું કે ઓર્ડર આપણી કંપનીને મળશે કે નહીં.પહેલા મને આપણાં બંનેના ભવિષ્યની ચિંતા હતી.પરંતુ હવે જ્યારથી આ ઓર્ડરની જવાબદારી મળી છે,ત્યારથી આપણી સાથે મૂળજીભાઈ અને એમની કંપની કિંગ ઓફ ડાયમંડના હજારો કર્મચારી ના ભવિષ્યની પણ ચિંતા થાય છે."મલ્હારએ કહ્યું.

"મલ્હાર મને તો હજુ પણ લાગે છે,આપણે બંનેએ ભૂલ કરી.મેઘા આપણાં માટે આટલી સારી ઓફર લઈ અને આવી હતી.પેલી કહેવત જેવુ બન્યું કે "લક્ષ્મી ચાંદલો કરવા આવી,અને આપણે મોઢું ધોવામાં રઈ ગયા. " હવે પેલો મોહનઝવેરી આ ઓર્ડર તો લઈ લેશે,સાથે આપણાં બંનેની એવી હાલત કરશે કે જેની તો કલ્પના પણ કરવી શકય નથી." જનકએ મલ્હારને ફરી મેઘાની ઓફર યાદ કરાવતા કહ્યું.

"તું કેમ આટલી નબળી વાતો કરે છે.મારા પર ભરોસો રાખ આ ઓર્ડર આપણો જ છે." મલ્હારએ કહ્યું.

"અને મેઘા..? તને હવે મેઘા નથી જોઈતી..?" જનકએ કહ્યું.

"ભાઈ ચિંતા ના કરીશ,મેઘા પણ આજ નહીં તો કાલ મલ્હાર ઝવેરીની જ થશે."મલ્હારએ અદભૂત આત્મવિશ્વાસ સાથે કહ્યું.

"ઑ સપનાઓની દુકાન.બોલવામાં આમ પણ કઈ પૈસા નથી જતાં એટલે કઈ પણ બોલે

છે.મેઘા હવે ક્યારે તારી નહીં થાય લખવું હોય તો લખી રાખ.”જનકએ કહ્યું.

જેવુ જનકએ આવું કહ્યું એટલે મલ્હારએ મોટા અને છૂટા-છૂટા અક્ષરમાં રેતીમાં લખ્યું “મેઘા અને મલ્હારની જોડી થવી અશક્ય છે”.હજુ તો મલ્હાર આ લખ્યું એની સાથે જ એક મોટું મોજું આવ્યું અને આ આખું વાકય ભુસાઈ ગયું.એટલે મલ્હારએ કહ્યું.. “છે તને કહું છું મલ્હાર અને મેઘાનું મળવું શકય છે.” અને મલ્હારએ ફરી રેતીમાં લખ્યું “મેઘા અને મલ્હારની જોડી થવી શક્ય છે.” જો હવે આ વાકય આમનું આમ જ રહેશે.અને આ વાતને તું લખી રાખ.આટલું બોલી અને મલ્હાર ઘર તરફ નીકળી પડ્યો અને જનક આ વાકયમાં દરિયાનું મોજું આવે છે કે નહીં તેની રાહ જોતો રહ્યો.

“હીરાના નમૂના(Sample) તૈયાર છે,જે આપણે રોયલ ગ્રુપ ઓફ ડાયમંડને બતાવાના છે.” એક કર્મચારીએ મોટા રૂમમાં બેઠેલા મલ્હાર,જનક,કંપનીના મેનેજર અને મૂળજભાઈઝવેરીને બતાવતા કહ્યું.

બધાએ વારાફરતી નમૂના જોયા અને નમૂના જોયા પછી લગભગ બધાની આંખોમાં એક અલગ જ સંતોષ દેખાય રહ્યો હતો.નમૂના જોયા પછી મૂળજીભાઈ બોલ્યા. “વાહ કહેવું પડે.આટલા વર્ષથી હું આ હીરાના ધંધામાં છું,હીરાની આવી કટિંગ અને આટલી શુદ્ધતા ક્યારે નથી જોય.ખરેખર દરેક કર્મચારી પોતાનું ૧૦૦% આપી અને આ ઓર્ડર મેળવા લાગી ગયો છે.પહેલા તો મને હતું મારા આટલા જૂના કર્મચારી મારી પાસેથી જતાં રહ્યા,હવે મારૂ આ હીરાનું કામ બહુ સમય નહીં ચાલે.પરંતુ તમે લોકો તો આ ધંધાને હવે અલગ જ સ્તર(Level) પર લઈ જઈ રહ્યા છો.આ અશક્ય દેખાતા કામને તમે લોકોએ શક્ય કરી બતાવ્યુ છે.” મૂળજીભાઈ બોલી રહ્યા હતા અને તેમની આંખોમાં રહેલા આસું ત્યાં બેઠેલો દરેક વ્યકતી મહેસુસ કરી રહ્યો હતો.

“મૂળજીભાઈ હજુ કામ પૂરું નથી થયું.જ્યાં સુધી આ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર નહીં મળે,ત્યાં સુધી એક પણ કર્મચારી શાંતિનો શ્વાસ નહીં લે.આ ઓર્ડર તો કોઈપણ ભોગે આપણને જ મળશે.”મલ્હારએ કહ્યું.

“સારું,તો હવે તમે લોકો જઈ શકો છો.પરંતુ ધ્યાન રાખજો જ્યાં સુધી આ ઓર્ડર આપણી કંપનીને ના મળે,ત્યાં સુધી તમે ૫ જણા વધુ સજાગ બનીને રહેજો.કારણકે મોહનઝવેરી આ ઓર્ડર મેળવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે,માટે તમે આવનારા થોડા દિવસ અહી કારખાનામાં જ રહેજો.” મેનેજરએ હીરાના નમૂના બનાવનારા ૫ કર્મચારીઑને સૂચન આપતા જવા કહ્યું.જેવા આ પાંચ કર્મચારી ગયા એટલે મેનેજરએ હીરાના નમૂના મૂળજીભાઈને આપી દીધા.

“તો આપણાં હીરાના ભાવ અને આપણે કેટલા સમયમાં ડિલિવરી આપીશું તે નક્કી કરી લઈએ.કારણકે હવે કોઈ પણ સમય પર રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ મુંબઈ આવી શકે છે.” જનકએ કહ્યું.

“મલ્હાર અને જનક મારે આજ વસ્તુ પર તમારા બંનેથી થોડી ચર્ચા કરવી હતી.”મેનેજરએ થોડા ગંભીર સ્વરમાં કહ્યું.

“હાં,બોલોને.”મલ્હારએ કહ્યું.

“તમે બંને બહુ જ સારી રીતે આ ઓર્ડરની કામગીરી સંભાળી રહ્યા છો.અને મૂળજીભાઈ તો તમારા કામથી એટલા ખુશ છે કે આવનારા બધા ઓર્ડરમાં ડીલ થી લઈને ડિલિવરી સુધીનું બધુ કામ તમને શોપવાના છે.પરંતુ..” મેનેજર બોલતા-બોલતા અટક્યાં અને મૂળજીભાઈની સામે જોવા લાગ્યા.

“પરંતુ શું..? ” જનકથી રહેવાયું નહીં એટલે બોલી પડ્યો.

“પરંતુ મૂળજીભાઈ નું એવું માનવું છે કે આ ઓર્ડરમાં હીરાના ભાવ અને ડિલિવરીનો સમય મૂળજીભાઈ અને મારા સુધી જ રાખીએ.આમાં અમને તમારા પર ભરોસો નથી એવું નહીં.પરંતુ આ ઓર્ડરની કિમત આપણી કંપની માટે એટલી છે કે જેની કલ્પના પણ કરવી શક્ય નથી.કારણકે જો આ ઓર્ડર હાથમાંથી ગયો તો પછી આપણી કંપનીને બહુ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.બની શકે આપણે આપણી કંપની બંધ પણ કરવી પડે.” મેનેજરએ મલ્હાર અને જનકને સમજાવતા કહ્યું.

“શું..?? એટલે આખો ઓર્ડર અમે તૈયાર કર્યો બધી મહેનત અમારી.જ્યારે આ ઓર્ડરમાં મહત્વની વાત એટલે હીરાના ભાવ અને ડિલિવરીનો સમય નક્કી કરવાની વાત આવી,ત્યારે તમને અમારા પર ભરોસો નથી.મૂળજીભાઈ આ અમારી સાથે અન્યાય છે.તમે અમારી સાથે હીરાના ભાવ અને બીજી વાતો પર ચર્ચા કરશો,તો બની શકે અમે પણ અમારા વિચારો રાખીએ.”જનકએ ભાવુક અને ગુસ્સામાં મૂળજીભાઈની સામે જોઈને બોલવા લાગ્યો.

“જનક હીરાના વ્યાપારમાં મૂળજીભાઈને કોઇની સલાહ અને સૂચનની જરૂરત નથી.તમારા બંનેના સહકારથી આજે આપણે આ ઓર્ડર મેળવાના બહુ જ નજીક ઊભા છીએ,પરંતુ ઓર્ડર હજુ મળ્યો નથી.જેવુ આપણે બધા જાણીએ છીયે મોહનઝવેરી આ ઓર્ડર મેળવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે.એવામાં જેનાથી રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ નક્કી કરવાની છે કે આ ઓર્ડર કોને આપવો એ વાત એટલે કે હીરાના ભાવ અને ડિલિવરીનો સમય.તેથી આ અત્યંત અગત્યની વાત જેટલી બની શકે તેટલી ગુપ્ત રાખવામા જ આપણી કંપનીનો ફાયદો છે.” મેનેજરએ કડક સ્વરમાં કહ્યું.

“પણ.તમે લોકો સમજી નથી રહ્યા.મારૂ કહેવાનું એટલું છે...” જનક બોલી રહ્યો હતો એવામાં મલ્હારએ જોયું કે મામલો વધુ ગંભીર અને વિવાદિત થઈ રહ્યો છે.એટલે મલ્હાર વચ્ચે બોલ્યો અને જનકને અટકાવ્યો.

“સારું,મૂળજીભાઈએ કઇંક વિચારીને જ આ હીરાના ભાવ અને ડિલિવરીનો સમય ગુપ્ત રાખવાનો નિર્ણય કર્યો હશે.મૂળજીભાઈએ કંપની અને કંપનીના કર્મચારીઑના હિત માં જ રહી અને આ નિર્ણય લીધો હશે.આથી જનક હવે અહિયાં આ વાત પર ચર્ચા કરવાનો કોઈ મતલબ નથી.” મલ્હારએ જાણે એકી સાથે આ વિવાદને પૂર્ણાહુતિ આપવાનું કહી દીધું અને ત્યાંથી નીકળી પડ્યો.મલ્હારને જતો જોઈ અને જનક પણ તેની સાથે નીકળી પડ્યો.

“જોયું વફાદાર થવાનું કેટલું જબરદસ્ત ઈનામ મળ્યું છે.” જનકએ મલ્હારની સામે જોઈને કહ્યું.

“જનકા સારું થયું આ ઓર્ડરમાં હીરાના ભાવ અને ડિલિવરીનો સમય મૂળજીભાઈએ પોતા સુધી જ રાખ્યા છે.” મલ્હાર જાણે આમાં પણ પોતાનું સારું શું છે,એ જોઇ રહ્યો હતો.

“મલ્હાર,તું ગાંડો થઈ ગયો છે.આના પરથી સાબિત થાય છે,મૂળજીભાઈને આપણાં પર જરા

પણ ભરોસો નથી.જેમના માટે આપણે આટલી મોટી ઓફર ઠુકરાવી જેમને માટે આપણે આપણું આટલું મોટું સપનું દાવ પર લગાડ્યું.એમને આપણાં પર જરા પણ ભરોસો નથી.મલ્હાર આ બધામાં તારો જ વાંક છે.હજુ જ્યારે મૂળજીભાઈ આપણને હીરાના ભાવ નથી કહેતા,એમાં પણ તને સારું દેખાય છે.મૂળજીભાઈએ તને કઈ પીવડાવી તો નથી દીધુંને.દરવખતે એમની તરફથી જ બોલે છે." જનક ખૂબ જ ગુસ્સામાં બોલી રહ્યો હતો.

"ના ભાઈ એવું કઈ નથી." મલ્હાર હસતાં-હસતાં જનકને સમજાવી રહ્યો હતો.

"તને મજાક લાગે છે.ભાઈ આપણું ભવિષ્ય દાવ પર લાગેલું છે અને તું આમ હસે છે.તને શરમ આવે છે." જનક હવે વધુ ઉગ્ર બની રહ્યો હતો.

"ભાઈ મૂળજીભાઈના આ નિર્ણયથી જો કદાચ આ ઓર્ડર આપણને ના મડ્યો,તો આપણે મૂળજીભાઈને કઈ શકીશું,કે જો તમે અમારી સાથે આ ઓર્ડરમાં રોયલ ગ્રુપને શું ભાવ પર હીરા આપવા એના પર થોડી ચર્ચા કરી હોત,તો કદાચ ઓર્ડર આપણી કંપનીને મળ્યો હોત." મલ્હાર જનકને સમજાવી રહ્યો હતો.

"મલ્હાર શું ગાંડા જેવી વાત કરે છે.જો આપણને આ ઓર્ડર ના મળ્યો,તો આપણું શેઠ બનવાનું સપનું,સપનું જ રહી જશે.મૂળજીભાઈની કંપની આમ પણ આ ઓર્ડરના આશરે જીવી રહી છે.જો આ ઓર્ડર એમને ના મળ્યો તો એમની કંપનીના શ્વાસ તો બંધ થશે જ થશે,સાથે સાથે તારા અને મારા પણ બંધ થઈ જશે." જનક નિરાશ થઈને બોલી રહ્યો હતો.

"જનકા કઈ એવું નહીં થાય.ભગવાન પર ભરોસો રાખ,આપણે આ ઓર્ડર મેળવીને જ રહીશું." મલ્હારએ કહ્યું.

"હજુ તું એવું માને છે આપણે આ ઓર્ડર મેળવીશું..? ભાઈ હવે તો આંખો ખોલ.હવે તો સમજ,તું એમના પર ભરોસો રાખીને બેઠો છે,જેમને તારા પર ટકાભરનો ભરોસો નથી.મારૂ માન હજુ સમય છે,મેઘા ઝવેરીની ઓફરને સ્વીકારી લઈએ." જનકએ ફરી મલ્હારને મેઘાની ઓફર યાદ અપાવતા કહ્યું.

"ભાઈ હવે આપણે બહુ આગળ આવી ગયા છીએ.હવે આ બધી વાતો વિચારવાથી કહી નહીં થાય.વિચાર જો મૂળજીભાઈના આ નિર્ણયથી આપણી કંપનીને ઓર્ડર મળવામાં શક્યતા વધી શકે છે,તો સારું જ છે.બાકી હું મેઘાની ઓફર સ્વીકારી અને દગાબાજ,વિશ્વાસઘાતી નહીં બનું,અને તને પણ નહીં બનવા દઉં." મલ્હારના શબ્દોમાં દ્રઢનિશ્ચય અને આત્મવિશ્વાસ સંભળાય રહ્યો હતો.

"મલ્હાર,ભાઈ ક્યારેક તો મારી વાત માન.મેઘાની ઓફરથી માત્ર આપણાં બંને નું જ નહીં પરંતુ આપણાં પરિવારનું પણ ભવિષ્ય બની જશે.અને મૂળજીભાઈ સાથે રહ્યા અને આ ઓર્ડરના મળ્યો તો ફરી બધુ નવેસરથી શરૂ કરવું પડશે." જનકએ છેલ્લા પ્રયત્નના સ્વરૂપે મલ્હારને સમજાવતા કહ્યું.

"જનકા તું ખોટા પ્રયાસો કરી રહ્યો છે.રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ ગમે ત્યારે મુંબઈ આવશે.આપણે ત્યાં જવાની તૈયારઑ શરૂ કરવાની છે." મલ્હાર પોતાનો અડગ નિર્ણય જનકને સંભળાવીને જતો રહ્યો.

“મોહનભાઈ જેવી આપણી વાત થઈ હતી.હીરાના નમૂના બનાવનાર કારીગરો તમારી સાથે મળવા માની ગયા છે,અને તેવો મૂળજીભાઈની કંપનીના હીરાના નમૂના જેવા જ નમૂના બનાવવા તૈયાર છે.બસ તેવો ત્રણગણા પૈસાની માંગ કરી રહ્યા છે.”જનકએ મોહનઝવેરીની ગાડીમાં બેસતાની સાથે જ પોતાની વાત શરૂ કરી.

“ખૂબ જ સરસ બેટા જનક ખૂબ જ સરસ.મને હતું જ તારા માટે આ કામ બહુ નાની વસ્તુ છે.એમને ત્રણગણા પૈસા મળી જશે.” મોહનઝવેરીએ કહ્યું.

“આભાર મોહનભાઈ.આશા છે હું તમારી બધી જ આશા પર ખરો ઊતરું.” જનકએ મોહનભાઈના પગે લગતા કહ્યું.

“જીવતો રે દીકરા.લે આ તારા માટે નાની ભેટ,આ સામે જે ઘર દેખાય છે એની ચાવી.” મોહનભાઈએ આલીશાન ઘરની ચાવી આપતા કહ્યું.

“મોહનભાઈ આની શું જરૂર હતી.” જનકએ જૂઠો વ્યવહાર કરતાં કહ્યું.

“બેટા આતો કહી નથી.હજુ આગળ તો આનાથી પણ વધુ મોટી ભેટો તારી રાહ જુવે છે.” મોહનભાઈએ કહ્યું.

“સારું,પરંતુ મોહનભાઇ એક પ્રશ્ન તમને પુછવો છે..?” જનકએ કહ્યું.

“બોલને દીકરા.” મોહનભાઈએ કહ્યું.

“તમે આ મૂળજીભાઈના હીરાના કર્મચારી લાવી અને એમની પાસે મૂળજીભાઈની કંપની જેવા જ નમૂના ફરી બનાવાનું કેમ કહો છે..? આપણે મૂળજીભાઈની કંપનીથી પણ સારા નમૂના એમની પાસે બનાવડાવીયે તો.” જનકએ કહ્યું.

“બેટા થોડું વિચાર,આપની પાસે પણ મૂળજીભાઈ જેવા જ હીરાના નમૂના હશે,તો રોયલ ગ્રુપ મુંજવણમાં મુકાય જશે કે ઓર્ડર આપવો કોને.ત્યારે તેવો જોશે કે બંને કંપનીના ભાવ શું છે..?? બંને કંપની કેટલા સમયમાં હીરાના માલની ડિલિવરી કરી આપશે.ત્યારે મોહનનો જાદુ લાગશે.” મોહનભાઈએ કહ્યું.

“મોહનભાઈ તમારો જાદુ શું છે.? એટલે તમે એવું શું કરવાના છો કે બંને કંપનીના હીરાના નમૂના સરખા હશે.છતાં ઓર્ડર તમારી કંપનીને મળશે.” જનકએ કહ્યું.

“જેવુ પેલા કહ્યું એમ બંને કંપનીના હીરાના નમૂના સરખા હશે તો રોયલ ગ્રુપ મુંજવણમાં મુકાય જશે કે ઓર્ડર આપવો કઈ કંપનીને.આવા સમયે તેવો જોશે કે બંને કંપનીના ભાવ શું છે..?? બંને કંપની કેટલા સમયમાં હીરાના માલની ડિલિવરી કરી આપશે.ત્યારે મૂળજીભાઈની કંપની કરતાં આપણાં ભાવ ઘણા-ઘણા સારા હશે,અને ડિલિવરીનો સમય પણ એમના કરતાં ઘણો ઓછો.” મોહનભાઈએ કહ્યું.

“મોહનભાઈ તમને મૂળજીભાઈની કંપનીના હીરાના ભાવ અને ડિલિવરીનો સમય કેટલો રાખશે એ ખબર છે..?” જનકએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“ના દીકરા.પણ આજ નહીં તો કાલ ખબર પડી જશે.આજ તો મોહન ઝવેરીનો જાદુ છે.જનક દીકરા તે મારી બહુ જ મોટી મદદ કરી છે.એક વખત આ “રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ”નો ઓર્ડર મારી કંપની “માસ્ટર ઓફ ડાયમંડ ”ને મળી જાય પછી તું મારો ૩૦%નો ભાગીદાર.” મોહનભાઈએ કહ્યું.

જનક મનોમન વિચારી રહ્યો હતો સારું થયું મલ્હારએ મેઘાની ઓફર લેવાની પહેલા જ ના પડી દીધી,નહિતર આ ૩૦%ની ભાગીદારમાં મલ્હારને ૧૫% આપવા પડત.સાથે જનક વિચારી રહ્યો હતો કે મોહનઝવેરી નું જાદુ આખરે છે શું.?

“શું વાત કરો છો દાદા.જનકકાકા આટલી મોટી ગેમ રમી ગયા,મને તો વિશ્વાસ નથી આવી રહ્યો.”પાર્થથી રહેવાયું નહીં એટલે મલ્હારને વાર્તા કહેતા વચ્ચે અટકાવી અને બોલી પડ્યો.

“તારી જેમ મને પણ વિશ્વાસ નહતો આવ્યો.મારો જનકો મારી સાથે જ ગેમ રમી ગયો.ભાઈથી પણ વધારે વહાલો હતો મને જનકો.” મલ્હાર આટલા વર્ષો પછી પણ જનકની દગાબાજી વાળી વાત પર ભાવુક થઈ ગયા.

“તમને ક્યારે ખબર પડી કે જનકકાકા તમારી સાથે આટલી મોટી ગેમ રમી ગયા.અને સૌથી મહત્વનું રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ” નો ઓર્ડર આખરે મળ્યો કોને..??” પાર્થએ કહ્યું.

“હાહાહા,બધુ આજે જ જાણી લેવું છે તારે..?” મલ્હારએ મજાક કરતાં કરતાં કહ્યું.

“હાં,દાદા.વાર્તા ગજબની રોમાંચક બની રહી છે,ખરેખર આ વાર્તામાં આગળ શું થયું એ જાણવાની મને બહુ જ ઉત્સુકતા છે.” પાર્થએ કહ્યું.

“સારું,તો સાંભળ.દિવસ હતો રોયલ ગ્રુપ ડાયમંડના ઓર્ડર લેવાનો...” મલ્હાર આટલું કહી અને વાર્તા આગળ વધારી.

“રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કંપની મુંબઈ આવી ગઈ છે,અને આ ઓર્ડર માટેની પ્રક્રિયા આ રવિવારે એમને હોટલ રેંકર’સ(Ranker’s) માં સવારે ૯ વાગ્યે રાખેલી છે.”મેનેજરએ મોટા રૂમમાં બેઠેલા મલ્હાર,જનક અને મૂળજીભાઈને કહ્યું.

“ખૂબ સરસ.મારા મતે બધી તૈયારી થઈ ગઈ છે.અમારા બંને માટે કઈ સૂચન હોય તો કહો.” જનકએ મૂળજીભાઈ અને મેનેજરની સામે જોઈને કહ્યું.

“હાં,તમે બંને પહેલી વખત આ ઓર્ડરમાં ચાલી રહ્યા છો,માટે તમારે રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની ઓર્ડર આપવાની પદ્ધતિને સમજવી જરૂરી છે.” મેનેજર કહ્યું.

“હાં હું પણ તમને આના વિશે પૂછવાનો હતો.કારણકે સાંભળ્યુ હતું કે આટલા મોટા ઓર્ડરની પ્રક્રિયા તેવો ૧ કલાકમાં જ પૂરી કરી નાખે છે.” મલ્હારએ કહ્યું.

“હાં રોયલ ગ્રુપ ઓફ ડાયમંડ બહુ જ પદ્ધતિસર ઓર્ડર આપવાની વિધિ કરે છે.જેથી કોઈ પણ કંપની સાથે અન્યાય ના થાય.”મેનેજર કહ્યું.

“શું છે તેમની ઓર્ડર આપવાની રીત..?” જનકએ પૂછ્યું.

“આ ઓર્ડર મેળવવા માટે લગભગ અઢળક કંપનીઓએ પોતાની દાવેદારી લાવતી હોય છે.પરંતુ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની ગુણવતા વાળી ટીમ જે કંપનીઓએ આપેલા હીરાના નમૂના તપાસી અને નક્કી કરે છે કે,આ ઓર્ડર માટે ખરેખર કેટલા જણા પોતાની દાવેદારી આપી શકે છે.જે કંપનીઓને આ ગુણવતાવાળી ટીમ પસંદ કરે છે,તેમણે ઓર્ડરની મિટિંગના દિવસે પોતાના હીરાના ભાવ અને ડિલિવરીનો સમય આપવાનો હોય છે.આ ભાવ અને

સમયના આધારે રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી નક્કી કરે છે કે આ ઓર્ડર કઈ કંપનીને આપવો.હીરાના ભાવ અને ડિલિવરીનો સમય દરેક કંપની ઓર્ડરની મિટિંગમાં જ આપે છે.જેથી લોકો અને કંપની વચ્ચે પારદર્શિતા રહે.આ વર્ષે રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની ગુણવતા વાળી ટીમએ ૪૯ કંપનીઓના હીરાના નમૂના ચકાસી અને તેમાંથી ૬ કંપનીઓને આ ઓર્ડરમાં પોતાની દાવેદારી આપવા માટે મંજૂરી આપી છે.હવે આ ૬ કંપનીઑ એક સાથે પોતાના હીરાના ભાવ અને ડિલિવરીનો સમય વાળી ફાઇલ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી પાસે મૂકશે.બધી કંપનીઓના હીરાના નમૂના(Sample)ની ગુણવતા,તેમના ભાવ(Rate) અને તેવો કેટલા સમયમાં આ ઓર્ડરની ડિલિવરી કરશે,તેના આધારે સૌથી શ્રેષ્ટ કંપનીને રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી આ સૌથી મહત્વનો ઓર્ડર આપશે.” મેનેજર ઓર્ડરની આપવાની રીત સમજાવતા કહ્યું.

“વાહ ખરેખર બહુ જ સરસ રીત છે.” મલ્હારએ કહ્યું.

“આપણાં માટે ખુશીની વાતએ છેકે ગુણવતા વાળી ટીમએ પસંદ કરેલી ૬ કંપનીમાં આપણી કંપની પણ છે.સાથે-સાથે દુખની વાતએ છેકે મોહનઝવેરીની કંપની પણ આ ૬ કંપનીમાં છે.” મેનેજરએ કહ્યું.

“કોઈ વાંધો નહીં ભલેને મોહનઝવેરીની કંપની આ ૬ કંપનીમાં હોય,પરંતુ ઓર્ડર તો આપણી કંપનીને જ મળશે.”મલ્હારએ કહ્યું.

“આપણી કંપની માટે આ ઓર્ડર બહુ જ અગત્યનો છે.મને આ ઓર્ડર કોઈપણ કિમત પર મેળવો છે.માટે કોઈ પણ જાતની લાપરવાહી કોઈના પણ તરફથી થવી ના જોઈએ.દરેક વ્યકતી કાલે સમયસર હોટલ રેંકર’સ(Ranker’s) માં પોહચી જજો.હીરાના ભાવ અને ડિલિવરીના સમયવાળી ફાઇલ મારી પાસે જ રહેશે.” મૂળજીભાઈની આ વાત સાથે બધા છૂટા પડ્યા.

નક્કી કરેલા સમયે બધા હોટલ રેંકર’સ(Ranker’s) માં આવી ગયા હતા.દરવખતની જેમ આ વખતે પણ આ સૌથી મોટો રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર કઈ કંપનીને મળે છે,તેની તાલાવેલી લોકોમાં સ્પષ્ટ દેખાય રહી હતી.ગુણવતાવાળી ટીમએ પસંદ તો ૬ કંપનીઓને કરી હતી,પરંતુ બધા જાણતા હતા કે સ્પર્ધા મોહનઝવેરી અને મૂળજીઝવેરી વચ્ચે જ છે.છેલ્લા પાંચ વર્ષથી આ ઓર્ડર મૂળજીભાઈની કંપની કિંગ ઓફ ડાયમંડને મળતો આવ્યો છે.પરંતુ છેલ્લા એક વર્ષમાં મોહનઝવેરીની કંપની માસ્ટર ઓફ ડાયમંડએ જે રીતે મુંબઈના હીરા બજારમાં પોતાનું નામ બનાવ્યું હતું.તેને જોતાં આ વખતે આ ઓર્ડર કોને મળે છે,તે જોવું લોકો માટે બહુ જ રસપ્રદ બની ગયું હતું.મૂળજીઝવેરી માટે આ ઓર્ડર મેળવી અને હીરાના ધંધામાં પોતાનું નામ રાખવાની આ છેલ્લી તક હતી.તો બીજી તરફ મોહનઝવેરી માટે હીરાના વ્યાપારમાં મૂળજીભાઈને પછાડી અને મુંબઈમાં હીરાના માસ્ટર તરીકે ઓળખાવાની આ સુવર્ણ તક હતી.રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની ઓર્ડર આપવાની રીત બહુ જ સરળ હતી.આથી ૯ વાગ્યે શરૂ થવાવાળી આ પ્રક્રિયા લગભગ ૧ કલાકમાં તો પૂરી પણ થઈ જવાની હતી.

હોટલના રૂમમાં લગભગ બધા આવી ગયા હતા.બધી કંપનીના માલિકો અને તેમની નીચે કામ કરતાં તેમના કામદારોથી હોટલનો રૂમ ભરાય ગયો હતો.પસંદ કરાયેલી ૬ કંપનીઓએ પોતાની હીરાના ભાવ અને ડિલિવરીનો સમય વાળી ફાઇલ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી પાસે મૂકી દીધી હતી.હવે બધા આતુરતાથી એ રાહ જોઈ રહ્યા હતા કે આખરે આ ઓર્ડર કઈ

કંપનીને મળે છે.આ બધાથી અલગ મલ્હાર બસ મેઘાને નિહારી રહ્યો હતો.ઓર્ડર માટે કરવી પડતી બધી મહેનત મલ્હારએ કરી હતી અને હવે તેને બધુ ભગવાન પર છોડી દીધું હતું.મલ્હારતો બસ મેઘાને જોવાનો આ લાવો મૂકવા નહતો ઈચ્છતો.મેઘાએ પણ ૨-૩ વખત મલ્હારને તેની સામે જોતાં પકડી લીધો હતો,પરંતુ તેની માટે આ કઈ નવું નહતું.

"મોહનભાઈ તમને શું લાગે છે ઓર્ડર તમારી કંપનીને મળશે.?" જનકએ મોહનઝવેરીને એક બાજુ પર લઈ અને પૂછ્યું.

"દીકરા ચિંતા ના કરીશ.ઓર્ડર આપણી કંપનીને જ મળશે.મોહનનો જાદુ કામ કરી ગયો છે.મને મૂળજીઝવેરીના હીરાના ભાવ અને ડિલિવરીનો સમય શું છે તેની ખબર પડી ગઈ હતી.આથી તેના આધારે આપણી કંપનીના ભાવ અને સમય રાખી દીધા હતા.આમ પણ બંને કંપનીના હીરાના નમૂના તો લગભગ સરખા-સરખા હતા.આથી આપણાં ભાવ અને સમય જોઈને રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી આ ઓર્ડર આપણને આપશે એ વાત નક્કી છે." મોહનઝવેરીએ જનકને ચોકાવતાં કહ્યું.

"મોહનભાઈ શું વાત કરો છો.? તમને મૂળજીઝવેરીના હીરાના ભાવ અને ડિલિવરીનો સમય કઈ રીતે ખબર પડી.?" જનકએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

"એ બધુ હું તને ઓર્ડર મળી ગયા પછી કહીશ."મોહનઝવેરીએ વાતને ટાળતા ત્યાંથી જતાં રહ્યા.

જનક મોહનઝવેરીની વાત સાંભળી એક બાજુ ખુશીથી નાચી રહ્યો હતો.તો બીજી તરફ તેને સમજાય નહતું રહ્યું કે આખરે મોહનઝવેરીને મૂળજીઝવેરીના ભાવ અને સમયની ખબર કઈ રીતે પડી.પરંતુ જનક માટે હવે ખુશીની વાત એ હતી કે આ ઓર્ડર મોહનઝવેરીને મળવાનો હતો અને ઓર્ડર મળતાની સાથે જ મોહનઝવેરીના વચન મુજબ જનક મોહનઝવેરીની કંપનીમાં ૩૦%નો ભાગીદાર બનવાનો હતો,એટલે કે શેઠ બનવાનો હતો.તેને છેલ્લી વખત મલ્હાર પાસે જઈ અને તેનું આત્મવિશ્વાસ તપાસવાનું નક્કી કર્યું.

"મલ્હાર શું લાગે છે,ઓર્ડર આપણી કંપનીને મળશે..?" જનકએ મલ્હારને પૂછ્યું.

"ભાઈ ૧૦૦% આ વખતે આ ઓર્ડર આપણો જ છે.તું લખીને રાખ." મલ્હારએ અદભૂત અને અલગ જ આત્મવિશ્વાસ સાથે કહ્યું.

મલ્હારનો આત્મવિશ્વાસી જવાબ સાંભળીને જનક પણ ૧ મિનિટ માટે થોડો ગભરાય ગયો.પણ પછી તેને થયું કે મલ્હારને ક્યાં જાણ છે કે મોહન ઝવેરી કેટલી મોટી રમત રમી ગયા છે.હમણાં રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી આ ઓર્ડર કોને મળ્યો તેની જાહેરાત કરશે.ત્યારે મલ્હારના પગ નીચે થી જમીન ખસી જશે.

રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી પોતાના નિર્ણય સાથે તૈયાર છે.દરવર્ષે ઘણી બધી કંપની આ ઓર્ડર માટે પોતાની દાવેદારી આપે છે. રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની ગુણવતા વાળી ટીમ આ બધી કંપનીના નમૂના પરથી નક્કી કરી કરે છે કે કઈ કંપની રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર મેળવવા માટે સક્ષમ છે.ગુણવતા વાળી ટીમએ આ વર્ષે ૪૯ હીરાની કંપની માથી ૬ કંપનીની પસંદગી કરી હતી.આ ૬ કંપનીએ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી પાસે પોતાના હીરાના ભાવ અને ડિલિવરીના સમયવાળી ફાઇલ રાખી હતી.હીરાના નમૂના(Sample)ની ગુણવતા,તેમના ભાવ(Rate) અને કેટલા સમયમાં ઓર્ડરની ડિલિવરી થશે, તેના આધારે પર

રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી આ વર્ષે આ ઓર્ડર જેમને આપ્યો છે,તે કંપનીનું નામ છે... "કિંગ ઓફ ડાયમંડ" જેમના માલિક છે "મૂળજીભાઈ".હું મૂળજીભાઈને વિનંતી કરીશ તેવો સ્ટેજ પર આવે અને આ ઓર્ડરના કાગળ પર હસ્તાક્ષર કરે.

જેવી આ જાહેરાત થઈ એટલે મલ્હાર જનક પાસે ગયો અને તેના કાનમાં બોલ્યો.. "તારા અને મોહનઝવેરીના ચહેરાના હાવભાવ પરથી લાગે છે,તમારા પગ નીચેથી જમીન ખસકી ગઈ."

"દાદા ગજબ કહેવાય,આ કઈ રીતે શક્ય બન્યું.ખરેખર મારા પણ પગ નીચેથી જમીન ખસકી ગઈ.એટલે તમને ખબર હતી કે જનકકાકા મોહનઝવેરીની સાથે છે..? મોહનઝવેરીએ પોતાનો જાદુ ચલાવી અને હીરાના ભાવ અને સમય જાણ્યા,તો પણ તે આ ઓર્ડર મેળવી ના શક્યો.આનું શું કારણ..? મોહનઝવેરીનુ જાદુ શું હતું..? અને સૌથી મહત્વની વાત આ ઓર્ડર તમારી કંપની કિંગ ઓફ ડાયમંડ" એટલે કે મૂળજીભાઈની કંપનીને કઈ રીતે મળ્યો...?" પાર્થ એક સાથે સવાલોની જડી લગાડી દીધી.

"એજ મલ્હાર ઝવેરીનો જાદુ છે.સિંગલ રાજા મારૂ નામ મલ્હારઝવેરી નામ છે.ક્યાં કઈ રમત રમાય છે,બધી ખબર હોય છે મને." મલ્હારએ કહ્યું.

"સારું,હવે જલ્દી જલ્દી આગળ બોલો વાર્તામાં શું થયું..?" પાર્થએ કહ્યું.

"હવે તું બસ કરીશ. આજે આટલા દિવસની સૌથી મોટી વાર્તા હતી.હવે ઊંઘ પણ બહુ આવી રહી છે.આગળની વાર્તા હવે કાલે." મલ્હારએ કહ્યું.

Chapter: - 6

"ભાઈ એક ચા આપો." પાર્થએ ચાનો ઓર્ડર આપતા કહ્યું.

“હાં,બેસો બને જ છે.” ચા-વાળા ભાઈએ કહ્યું.

“આજે તો તમારા મિત્રના ભાઈની સગાઈ છેને.?” ચા-વાળા ભાઈએ ચા આપતા કહ્યું.

“હાં,આજે બપોર પછી ત્યાં જ જવાનું છે.” પાર્થએ કહ્યું.

ઓનલાઇન ઓર્ડર કરેલી કોઈ વસ્તુ જ્યાં સુધી આપણને મળી નથી જતી,ત્યાં સુધી આપણી ઉત્સુકતા ચરમ પર હોય છે.લગભગ દિવસમાં અઢળક વાર આપણે તે પાર્સલ કેટલે પોહચ્યું છે તેની જાણ લેતા હોઈએ છીયે.ખરેખર ભગવાનએ માણસમાં જે ભાવનાઓ રાખેલી છે તેની તો વાત જ કઇંક અલગ છે,અને તેમાં પણ સૌથી ગજબની કોઈ ભાવના હોય તોતે છે ધીરજ.આજે વ્યક્તી પોતાની ધીરજ ગુમાવી બેઠો છે.ધંધો શરૂ કરતાની સાથે જ હજારોના વ્યાપાર થવા લાગે તેવી આશામાં જ દિવસ ટુકાવે અને પછી જ્યારે પોતાની અપેક્ષા મુજબ ધંધો ના થાય ત્યારે દુકાન બંધ કરવા નીકળી પડે.આપણાં શાસ્ત્રમાં લખ્યું છે કોઈ પણ ધંધામાં ૧૨ મહિના સુધી નફો-નુકશાન,લાભ-ગેરલાભ આ બધુ ભૂલી માત્ર અને માત્ર મહેનત કરો.૧૨ મહિના મહેનત અને જો ધંધો મોકાનો નીકળ્યો તો જિંદગી આખી લીલાલહેર.જુવાનીયા પાસે ધીરજ શબ્દની અપેક્ષા એટલે રણમાં પાણીની દુકાન શોધવી બરાબર છે.છોકરી કદાચ ભૂલથી પણ ‘hi’ મૂકી દે,તો ન જોવાના સપના જોવા લાગે.પરીક્ષા આપ્યા બાદ રિજલ્ટની રાહ જોવી તો જાણે શકય જ નથી.ભલે ને પેપર ગમે તેવું ગયું હોય,પરંતુ પરિણામ તો મારી ઈચ્છા મુજબ આવું જોઈએ નહિતર ન કરવાનું કરી બેસે.પાર્થ પણ આવી ધીરજવિહીન પળમાથી પસાર થઈ રહ્યો હતો.પહેલા રવિવારની રાહ અને હવે ક્યારે બપોર થશે તેની રાહ.આ બધાથી કંટાળી અને પાર્થ પોતાના ઘરે પહોચ્યો,તેને જોયું,હજુ ૧૧ જ વાગ્યા છે અને વૈભવના ઘરે ૩ વાગ્યે જવાનું છે.હજુ આ ૪ કલાક જે પાર્થ માટે ૪ મહિના જેવા બની ગયા હતા તે કઈ રીતે પસાર કરવા તે પાર્થ વિચારી રહ્યો હતો,એટલામાં પાર્થની નજર તેમના ઘરમાં આવેલા હીચકા પર પડી.ઘરના આંગળામાં આવેલા હીચકા પર પાર્થ બેઠો અને ગહન વિચારમાં ડૂબી ગયો.પાર્થ વિચારવા લાગ્યો કે જ્યારે તે મીનીને મળશે ત્યારે કઈ રીતે તે બંનેની વાત થશે,પછી તેને વિચાર્યું મીની તેની સાથે વાત કરશે,તેને પાર્થ ગમશે,મીનીનો પહેલાથી જ કોઈ બોય-ફ્રેન્ડ હશે તો.આવા તો અવનવા હજારો વિચાર પાર્થ કરી રહ્યો હતો એવામાં કોઈએ પાર્થના વિચારોમાં વિક્ષેપ ઊભો કર્યો..

“સિંગલ રાજા માત્ર અને માત્ર વિચાર કરવાથી કઈ નથી થતું,જીવનમાં કઈ કરવું પડે તો જ કઇંક મળે છે.”મલ્હારએ પાર્થના દિમાગમાં ઊભી થયેલી અસમંજસ અને વિચારોના વેગને જાણે એક ઝાટકે થાંભી લીધા.

“દાદા તમને કઈરીતે ખબર હું કઈ વિચારી રહ્યો છું.”આમતો પાર્થ આટલી વારથી તેની આસપાસ શું થઈ રહ્યું છે તેને ગૌણ કરી રહ્યો હતો.પરંતુ અચાનક મલ્હારના આ વાક્યે પાર્થને જાગૃત કરી મૂક્યો.

“આ ઉંમરમાં આવી રીતે બેઠેલો છોકરો ૨ જ વસ્તુ વિચારી શકે.એક નોકરી અને બીજું છોકરી.નોકરીની તારે હજુ વાર છે, એટલે નક્કી વાત છોકરીની છે.” મલ્હારએ જાણે જ્યોતિષની જેમ તારણ કાઢી અને પાર્થને હલાવી દીધો.

“દાદા ગજબ હાં.તમે ખરેખર જ્યોતિષનું ચાલુ કરો ચાલશે જ ચાલશે.” પાર્થ મલ્હારની વાતોથી અત્યંત પ્રભાવિત થઈ ગયો.

“બેટા તારા બાપાનો પણ હું બાપ છું.હવે આ બધુ બાજુ પર મૂક અને બોલ વાત શું છે.” મલ્હારએ કહ્યું.

પહેલા તો પાર્થ વાતની શરૂવાત ક્યાથી કરું,અને શું કરું એમાં જ અટવાયો હતો.એટલે મલ્હારએ કહ્યું. “બેટા છોકરીનું નામ શું છે.?”

“મીની” પાર્થએ તરત કહ્યું.

“મીની આવા તે કઈ નામ હોય.” મલ્હારએ કહ્યું.

“હાં.એટલે આ એનું ઘરનું નામ છે.સાચું નામ તો મને પણ નથી ખબર.”પાર્થએ કહ્યું.

“નામ નથી ખબર.તો તમે બંને જણા એકબીજાને ઓળખતા નથી.” મલ્હારએ પૂછ્યું.

“ના એવું નથી.હું એને ઓળખું છું,એ મને નથી ઓળખતી.” પાર્થએ કહ્યું.

“તું ઓળખે છે,એ નથી ઓળખતી.શું છે કઈ નથી સમજાતું.એક કામ કર આખી વાત કર.”મલ્હારએ કહ્યું.

મલ્હારની વાત સાંભળી અને પાર્થએ આખી વાત કહેવાની શરૂવાત કરી.કઇ રીતે મીની તેને સૌથી પહેલા ક્રિકેટના ગ્રાઉંડમાં મળી,ત્યારે મીની સાથે રહેલા કુતરાને લીધે પાર્થ મીની પાસે જઈ અને વાત ના કરી શક્યો.ત્યારબાદ મીની તેને પાણીપૂરી ખાતી જોવા મળી,ત્યારે પાર્થ અને વૈભવની મગજમારીમાં મીની ત્યાંથી પાણીપૂરી ખાઈ અને જતી રહી.બીજા દિવસે વૈભવએ આવી અને જણાવ્યુ કે મીની ની મોટી બહેન સાથે વૈભવના ભાઈની સગાઈ નક્કી થઈ છે અને આ રવિવારે વૈભવના ઘરે સગાઈનો કાર્યક્રમ રાખેલો છે.આ સગાઈમાં મને પણ આમંત્રણ મળેલું છે,અને હવે મને ચિંતા છે કે કઈરીતે મીની સાથે વાત કરીશ.મલ્હાર પાર્થની આખી વાત સાંભળ્યા પછી જોરજોરથી હસવા લાગ્યો.મલ્હારને હસતો જોઈ અને પાર્થ બોલ્યો..

“દાદા હું ટેન્શનમાં છું અને તમે હસો છો.”પાર્થએ નિરાશ થતાં-થતાં કહ્યું.

“હાં તો તારી વાત જ ગાંડા જેવી છે.આમાં ટેન્શન જેવુ છે શું.? અને સૌથી પહેલી વાત મીનીને તો એ પણ ખબર નથી કે પાર્થ ઝવેરી તેના પ્રેમમાં પડી અને હીચકા પર બેઠા-બેઠા બીજાની સગાઈમાં જઈ અને પોતાના લગ્નના સપના જોવે છે.મને લાગે છે તે તો તારા લગ્નનું મેનૂ પણ નક્કી કરી લીધું હશે.”મલ્હારએ પાર્થની મજાક કરતાં કહ્યું.

“દાદા તમને શરમ આવે છે.એક તો પહેલીવાર મને લાગે છે મારા માથે રહેલું આ સિંગલનું ટેગ હટશે અને તમે..” પાર્થ ઉદાસ થતાં કહ્યું.

“બેટા આમાં ચિંતા કરવા જેવુ કઈ જ નથી.જો હું તને એમ ખોટા આશ્વાસન નથી કહેતો કે મીની અને તારી મૈત્રી થઈ જશે.પણ હાં જો તને મીની ખરેખર આટલી જ ગમે છે અને તેના માટે તારા હ્રદયમાં સાચે જ કઈ હશે,તો લખી રાખ તારી અને મીનીની વાત અને મુલાકાત થશે જ થશે.”મલ્હારએ પાર્થને હીમત આપતા કહ્યું.

“દાદા તમે આટલા વિશ્વાસથી કઈ રીતે કહો છો કે મારી અને મીનીની વાત અને મુલાકાત થશે જ થશે..?”પાર્થ પૂછ્યું.

“અનુભવ બેટા અનુભવ.”મલ્હારએ કહ્યું.

“અનુભવ એટલે તમારી અને મેઘા ઝવેરીની પણ મુલાકાત થઈ હતી.?” પાર્થએ ઉત્સુકતાની

સાથે પૂછ્યું.

“હાં તો.પેલો ઓર્ડર અમને મળ્યો તે માત્ર અને માત્ર મેઘા એટલે કે તારી દાદીના લીધે જ મળ્યો.” મલ્હારએ પાર્થને ચોકાવતાં કહ્યું.

“શું..?પણ દાદા મારી દાદીનું નામ તો માલતીબેન છે.” પાર્થએ કહ્યું.

“આપણાં ઘરમાં કઇંક અલગ જ પ્રથા વર્ષોથી ચાલે છે.લગ્ન પછી નવી વહુ જે ઘરમાં આવે એટલે વહુની સાસુમાં તેનું નવું સાસરા પક્ષનું નામ રાખે.મારી માં એ પણ આજ પ્રથા મુજબ મેઘા નું નામ માલતી કરી નાખ્યું.પરંતુ હું તો તેને મેઘા જ કહીને બોલાવતો.તારા જન્મના ૧ વર્ષ પહેલા મેઘા મલ્હાર અને આ દુનિયા બંનેને છોડીને જતી રહી.” મલ્હારએ કહ્યું.

“શું વાત કરો છો દાદા.તો તમે વાર્તાની શરૂવાતમાં જ કેમ ના કહ્યું કે મેઘા ઝવેરી જ મારી દાદીમાં હતા.”પાર્થએ કહ્યું.

“ગાંડા ત્યારે કહ્યું હોત તો,તને વાર્તા સાંભળવાની આટલી મજા ના આવી હોત.” મલ્હારએ કહ્યું.

“ભલે હો.હવે વાર્તા કહેવાનું ચાલુ કરો.આમપણ મારે ૩ વાગ્યે સગાઈમાં જવાનું છે.ત્યાં સુધી મારાથી નહીં રહેવાય.એના કરતાં સારું છે તમે મને વાર્તા કહો.” પાર્થએ કહ્યું.

“વાર્તા કહેવાની પ્રથા તો રાતની નથી.?”મલ્હારએ મસ્તી કરતાં કહ્યું.

“કાલ રાતની તમારી વાર્તા પૂરી થયા પછી મારા મનમાં અનેકો સવાલ ઊભા થયા.અને હવે આ મેઘા ઝવેરી જ મારી દાદીમા છે એ વાત સાંભળ્યા પછી મનમાં ઊભા થયેલા અનેકો સવાલો માં એક સવાલ વધુ જોડાય ગયો.હવે જલ્દી-જલ્દી કહો તમને કઇ રીતે ખબર પડી જનકકાકા મોહનઝવેરીના સંપર્કમાં છે અને તેવો તમને અને મૂળજીભાઈ બંનેને દગો આપી રહ્યા છે.બીજું મોહન ઝવેરીને તમારી કંપનીના ભાવ કઈ રીતે ખબર પડ્યા.ત્રીજું આ બધુ તમારી વિરુદ્ધ હોવા છતાં તમને આટલો મોટો ઓર્ડર મળ્યો કઈ રીતે.અને ચોથું અને સૌથી અગત્યનું મેઘા ઝવેરીએ આમાં તમારી શું મદદ કરી,જેથી તમને આ ઓર્ડર જ નહીં પરંતુ મેઘા ઝવેરી પણ મળી ગઈ.” પાર્થ જાણે હવે મીની વિશે બધુ ભૂલી જ ગયો હતો.તેને હવે માત્ર મલ્હારની વાર્તા કોઈપણ ભોગે સાંભળવી હતી.

“વાહ તે વાર્તા બહુ ધ્યાનથી સાંભળી લાગે છે.” મલ્હારએ ફરી પાર્થની મસ્તી કરતાં કહ્યું.

“દાદા કહોને આગળની વાર્તા.” પાર્થ આજીજીના ભાવે બોલ્યો.

“રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી પોતાના નિર્ણય સાથે તૈયાર છે.દરવર્ષે ઘણી બધી કંપની આ ઓર્ડર માટે પોતાની દાવેદારી આપે છે. રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની ગુણવતા વાળી ટીમ આ બધી કંપનીના નમૂના પરથી નક્કી કરી કરે છે કે કઈ કંપની રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર મેળવવા માટે સક્ષમ છે.ગુણવતા વાળી ટીમએ આ વર્ષે ૪૯ હીરાની કંપની માથી ૬ કંપનીની પસંદગી કરી હતી.આ ૬ કંપનીએ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી પાસે પોતાના હીરાના ભાવ અને ડિલિવરીના સમયવાળી ફાઇલ રાખી હતી.હીરાના નમૂના(Sample)ની ગુણવતા,તેમના ભાવ(Rate) અને કેટલા સમયમાં ઓર્ડરની ડિલિવરી થશે, તેના આધારે પર રોયલ ગ્રુપ ઓફ ડાયમંડની કમિટી આ વર્ષે આ ઓર્ડર જેમને આપ્યો છે,તે કંપનીનું નામ છે... “કિંગ ઓફ ડાયમંડ” જેમના માલિક છે “મૂળજીભાઈ”.હું મૂળજીભાઈને વિનંતી કરીશ તેવો

સ્ટેજ પર આવે અને આ ઓર્ડરના કાગળ પર હસ્તાક્ષર કરે.જેવી આ જાહેરાત થઈ એટલે હું જનક પાસે ગયો અને તેના કાનમાં બોલ્યો.. "તારા અને મોહનઝવેરીના ચહેરાના હાવભાવ પરથી લાગે છે,તમારા પગ નીચેથી જમીન ખસકી ગઈ." મલ્હાર બોલી રહ્યો હતો અને વચે પાણી પીવા અટક્યો.

"દાદા આ બહુ કાલે કહી ચૂક્યા છો.હવે આના પછી નું કહો."પાર્થએ કહ્યું.

"હાં ભાઈ કહું છું." મલ્હારએ આટલું કહી અને વાર્તા આગળ કહેવાની શરૂ કરી.

રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર મૂળજીભાઈની કંપની કિંગ ઓફ ડાયમંડને મળી ગયો હતો.દરરોજની જેમ હું મારી સૌથી ગમતી જગ્યા એટલે જુ-ચોપાટી પર જઈ અને દરિયામાં ઊછળી રહેલા મોજાનો આનંદ લઈ રહ્યો હતો.બહુ દિવસ પછી મારા મનના વાતાવરણમાં શાંતિ મળી હતી .આ ઓર્ડરની કિમત અમૂલ્ય હતી અને આ ઓર્ડરથી મારૂ અને મૂળજીભાઈનું નહીં,પરંતુ કિંગ ઓફ ડાયમંડના હજારો કર્મચારીનું ભવિષ્ય જોડાયેલુ હતું.હું જ્યારે ભરપૂર આત્મવિશ્વાસની સાથે મૂળજીભાઈને કહેતો હતો કે આ ઓર્ડર આપણી કંપનીને જ મળશે.ત્યારે મારા મનમાં પણ એક ખૂણે ડર રહેલો હતો કે આ ઓર્ડર લેવામાં કઈ ગળબળ થઈ ગઈ અને ઓર્ડર અમારી કંપનીને ના મળ્યો તો.? પરંતુ છેલ્લે ભગવાને બધુ પાર પાડ્યું.ઓર્ડર પણ મળી ગયો અને મારૂ શેઠ બનવાનું સપનું પણ પૂરું થવા જઈ રહ્યું હતું.આ બધી ખુશી વચે દુખ બસ એ વાતનું હતું,મેઘા હજુ નહતી મળી.મેઘા અદભૂત હતી,જો તે મળી જાય તો બધુ સુખ મળી ગયું એવું હતું.હું આ બધા વિચારોમાં ડૂબેલો અને ઊછળી રહેલા મોજાનો આનંદ લઈ રહ્યો હતો,એટલામાં મને પાછળથી મારા નામનો અવાજ સંભળાયો.અવાજ જાણીતો હતો પરંતુ કોઈ સ્ત્રીનો હતો એટલે હું પાછળ ફર્યો...

"મેઘા." મલ્હારએ કહ્યું.

"હાં,હું.મારે તને એક વાત કહેવી છે." મેઘાએ કહ્યું.

"હાં મેઘા બોલ." મલ્હારએ કહ્યું.

"શું તું મારી સાથે લગ્ન કરીશ.?" મેઘાએ કહ્યું.

મેઘાની આ વાત સાંભળી અને મલ્હાર ચોંકી ઉઠ્યો.મલ્હારને સમજાયું નહીં કે આ તેની સાથે શું થઈ રહ્યું છે.ભગવાન જાણે એકીસાથે તેના પર મહેરબાન થઈ ગયા હતા,તેવું મલ્હારને લાગી રહ્યું હતું.હજુ મલ્હાર મેઘાને કહી કહેવા જાય એટલામાં પાછળથી મોહન ઝવેરી અને જનક મલ્હારની પાસે આવી રહ્યા હતા.

"મલ્હાર શું રમત રમી છે તે.?" મોહનઝવેરીએ મલ્હાર પર રૂવાબથી અને અત્યંત ગુસ્સામાં સવાલ તાક્યો,અને જનક મોહનભાઈની પાછળ પોતાની આંખો નીચે કરી અને ઊભો રહ્યો.

"આવો આવો મોહનભાઈ,કેમ છો તમે.? અને મારો ભાઈ મારો જીગરજાન મિત્ર જનક પણ આવ્યો છે.આવો તમે પણ આવો જનક શેઠ." મલ્હારએ જાણે કટાક્ષના સ્વરમાં મોહનઝવેરી અને જનકને આવકારો આપ્યો.

"મલ્હાર આ બધી ચાગલાઈ મારી પાસે ના કરીશ.પૂછ્યો એનો સીધો જવાબ આપ,આ ઓર્ડર તમારી કંપનીને કઈ રીતો મળ્યો.તે અને મૂળજીએ શું રમત રમી છે.?"મોહનઝવેરીએ ફરી

મલ્હારને એ જ સવાલ કર્યો,પરંતુ આ વખતે અવાજમાં ગરમી થોડી વધી ગઈ હતી.

હજુ તો મલ્હાર અને મોહનભાઈની વાત આગળ વધે તે પહેલા મલ્હારએ જોયું કે પાછળથી મૂળજીભાઈ અને તેમની કંપનીનો મેનેજર આવી રહ્યા હતા.હવે જુ-ચોપાટી પર મેઘા,મોહનઝવેરી,જનક પટેલ,મૂળજીઝવેરી અને મૂળજીઝવેરી નો મેનેજર.આમ બધા મલ્હારની વાત સાંભળવા માટે ઉપસ્થિત હતા.હજુ મલ્હાર કઈ બોલે તે પહેલા મૂળજીભાઈ બોલ્યા.

“મોહન મારા ભાઈ,શું થયું કેમ મારા કર્મચારી પર ગુસ્સો કરે છે.” મૂળજીભાઈએ પણ મોહનભાઈની થોડી મજાક કરી.

“આવ મૂળજી આવ.તને શું લાગે છે આ ઓર્ડર મળી ગયો એટલે તું રાજા બની ગયો.ભૂલીશ નહીં મારૂ નામ મોહનઝવેરી છે,આવા હજારો ઓર્ડર મારી અને મારી કંપની પાસે છે.” મોહનઝવેરીએ કહ્યું.

“હા..હા..હા. મોહન મારા ભાઈ અમે ક્યારે તારી કંપનીને નાની માની જ નથી.રોયલ ગ્રુપ ઓફ ડાયમંડના ઓર્ડરને મૂકીને બીજા બધા ઓર્ડર મેળવાની તારામાં અને તારી કંપનીમાં ભરપૂર શક્તિ રહેલી છે.હવે અમને આ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો સૌથી મોટો ઓર્ડર મળ્યો,એના પેડા ખા.” મૂળજીભાઈ ફરી મોહનને યાદ અપાવ્યું કે ઓર્ડર તેમની કંપની કિંગ ઓફ ડાયમંડને મળ્યો છે.અને સાથે પોતાના મેનેજરને કહ્યું કે તે મોહનભાઈને પેડા આપે.

“નથી ખાવા મારે પેડા,મૂળજી પહેલીવાર મોહનને કોઈએ માત આપી છે.એટલે જ હું હોટલથી સીધો અહિયાં આવ્યો છું.મલ્હાર આખરે એવી તે કઈ રમત રમી ગયો કે ઓર્ડર જે તમારી કંપનીને મળવો અશક્ય હતો એ શક્ય બન્યો.” મોહનઝવેરીના આ વાક્ય પરથી તેને પોતાની હાર સ્વીકારી હોય તેવું મલ્હારને લાગ્યું.

હજુ મલ્હાર કઈ બોલે તે પહેલા જનક બોલ્યો.“મોહનભાઈ બીજું કઈ નહીં આ જાદુ છે.મલ્હારનો જાદુ.” જનકએ મોહનભાઈની પાછળથી હટી અને મલ્હારની બાજુ પર ઊભા રહેતા કહ્યું,સાથે આ વખતે તેની આંખો નીચે નહીં પરંતુ મોહનઝવેરીની આંખોમાં આંખો નાખીને જોઈ રહી હતી.

જનકએ જેવુ આવું કર્યું એટલે મોહનઝવેરીને જોરદાર ઝટકો લાગ્યો.થોડીવાર મોહનઝવેરી કઈ બોલ્યા નહીં માત્ર મલ્હાર અને જનકને જોઈ રહ્યા.

“મોહનભાઈ જાદુ ખાલી તમે જ કરી શકો છો એવું નથી.મારૂ નામ પણ મલ્હાર ઝવેરી છે.જ્યારે પહેલી વખત મેઘા મારા અને જનક પાસે તમારી ધંધામાં ભાગીદારી વાળી ઓફર લઈ અને આવી હતી.ત્યારે જ મારા મનમાં આ યોજના આવી હતી કે સિંહના શિકાર માટે બકરીને આગળ લાવ્યે તો.એટલે આ રોયલ ગ્રૂપ ઓફ ડાયમંડના મોટા ઓર્ડરને મૂળજીભાઈની કંપનીને અપાવા માટે હું અને જનકો તમારી સાથે રહી અને મૂળજીભાઈની કંપનીની બધી ખોટી માહિતી તમને આપતા રહીએ અને તમારી કંપનીની બધી સાચી માહિતી મૂળજીભાઈની કંપનીને આપીએ તો.પરંતુ પછી અમને વિચાર આવ્યો કે જો અમે આવું કઈ કર્યું અને મૂળજીભાઈને ખબર પડી તો મૂળજીભાઈને એ વાતનો વિશ્વાસ કરાવો બહુ અઘરો થઈ પડશે કે અમે મોહનઝવેરીને બધી માહિતી ખોટી આપી રહ્યા છીયે.” મલ્હારએ મોહનઝવેરીને કહ્યું.

“જેને હીરાની બજારનો કિંગ માનવામાં આવે છે,એવા મૂળજીભાઈનું નામ એકાએક મુંબઈના

હીરા બજાર માથી લુપ્ત થવું,આ વાત ગળે નહતી ઉતરી રહી.જ્યારે હું હીરાના બજારમાં અચાનક મૂળજીભાઈની આવી હાલત કઈ રીતે થઈ,તેનું તારણ કાઢી રહ્યો હતો.ત્યારે એક વાત મને ખટકી.લગભગ બધી મોટી કંપની જેમની સાથે મૂળજીભાઈ વર્ષોથી ધંધો કરે છે,તેમણે છેલ્લા એક જ વર્ષમાં મોહનભાઈની કંપની સાથે ધંધો કરવાનું શરૂ કર્યું હતું.મોટા-મોટા બધા ઓર્ડર મોહનભાઈને મળવાનું એક માત્ર કારણ હતું,મૂળજીભાઈની કંપનીના હીરાના ભાવ મોહનભાઈની કંપની કરતાં મોંઘા હતા.બાકી દરવખતે હીરાના નમૂના(Sample) લગભગ-લગભગ બંને કંપનીના એક જેવા જ હતા.” જનકએ કહ્યું.

“જ્યારે જનકાએ મને આ વાત આવીને કહી ત્યારે મારૂ દિમાગ પણ એ બાજુ ચાલ્યું.જનકાની વાત પર અમે વિચાર કરી રહ્યા હતા,એટલામાં મને બીજી એક વાત જે ખૂબ જ અજીબ લાગી હતી.એ એટલે મૂળજીભાઈએ હજુ તો સવારે જ મને અને જનકને રોયલ ગ્રૂપ ઓફ ડાયમંડના સૌથી મોટા ઓર્ડરની જવાબદારી શોપી અને બપોરે મેઘાએ અમને તમારી કંપનીમાં ભાગીદાર થવાની ઓફર પણ આપી દીધી.આટલી જલ્દી મોહનભાઈને ખબર કઈ રીતે પડી કે આ ઓર્ડરમાં મૂળજીભાઈ પોતે નહિઁ પરંતુ નવા આવેલા બે છોકરા પર ભરોસો રાખી અને ઓર્ડર મેળવાની જવાબદારી શોપી રહ્યા છે.હું અને જનકો આ બંને વાત લઈ અને મૂળજીભાઈ પાસે ગયા.થોડીવાર મૂળજીભાઈએ કઈ ના બોલ્યા અને પછી તેમણે કહ્યું..

“નક્કી આમાં આપણી કંપનીનો કોઈ વ્યકતી મોહનઝવેરી સાથે મળેલો છે.નહિતર બધા ઓર્ડરમાં આપણે માત્ર ભાવના લીધે જ પાછળ રહી જઈએ એવું શક્ય નથી.આપણી કંપનીનો કોઈ માણસ આપણાં બધા નિર્ણયો અને આપણી કંપનીની જાણકારી મોહનઝવેરી સુધી પોહચાડે છે.હવે આપણે એવી કોઈ યોજના બનાવી પડશે જેનાથી આપણે એ દગાબાજ વ્યકતીને પણ શોધી કાઢયે અને આ ઓર્ડરને પણ મેળવી લઈએ.”મૂળજીભાઈએ કહ્યું.

“મૂળજીભાઈની વાત સાંભળ્યા પછી અમે યોજના બનાવી.જે યોજના મુજબ જનકને તમારા પક્ષમાં મોકલવાનું નક્કી થયું.જનક તમારી સાથે રહી અને તમને એવી અનુભતી આપતો રહે કે ઓર્ડર તમારો છે.જ્યારે બીજું બાજુ તમે એ ભ્રમમાં રહો કે જનકો તમારી બાજુ છે એટલે તમે આ ઓર્ડરની રમતમાં બહુ જ આગળ છો અને અમે પાછળ.પરંતુ આ યોજના રચવાનું મુખ્ય કારણ હતું કે સાચા વિભિક્ષણને શોધી શકાય.” મલ્હારએ કહ્યું.

“સાચો વિભિક્ષણ એટલે.?” મેનેજરએ પૂછ્યું.

“સમજાવું.” આટલું કહી અને મૂળજીભાઈએ જોરદાર તમાચો મેનેજરના ગાલ પર માર્યો અને ફરી આગળ બોલ્યા. “જે થારીમાં ખાધું એમાં જ છેદ કરતાં તને શરમ ના આવી.મેનેજર તો કર્મચારીઑ માટે હતો તો,બાકી તને આ કંપનીના માલિકનો દરજ્જો આપ્યો હતો. નાના ભાઈની જેમ તને સાચવ્યો હતો,છતાં મારી સાથે જ ગદારી અને છેતરપિંડી કરી.” મૂળજીભાઈએ કહ્યું.

“મોહનભાઈ ઝટકા નંબર ૨.” જનકએ કહ્યું.

મોહનઝવેરી હજુ પહેલો ઝટકો “જનક મલ્હારની સાથે જ હતો”.એ વાત પરથી બહાર આવ્યા નહતા,ત્યાં બીજો ઝટકો “મેનેજર પણ મોહનભાઈની સાથે છે એ વાત મલ્હાર અને મૂળજીભાઈને ખબર હતી” તે લાગ્યો.

“શું કામ તે મારી સાથે આવું કર્યું.” મૂળજીભાઈએ ફરી મેનેજરને પૂછ્યું.

“આટલા વર્ષોથી તમારી કંપનીમાં કામ કરું છું. મને થયું જે કંપની માટે આખી જિંદગી વેડફી નાખી,એ કંપની પાસે મારો હક માંગવો જોઈએ.જ્યારે તમને કહ્યું કે મને આ કંપનીમાં ભાગીદાર બનાવો.ત્યારે તમે કહ્યું કે “નોકર છો,નોકર રહો.શેઠ બનવાની જરૂર નથી.” ત્યારે મારૂ ખૂન ખોલી ગયું.આટલા વર્ષોની વફાદારી નું આ વળતર મને મંજૂર નહતું.તે દિવસે જ મનોમન નક્કી કર્યું કે હવે કઈ પણ થાય આ કંપનીને બંધ કરાવે છૂટકો.હું જ્યારે આ કંપની બંધ કેમ કરાવી તેની યોજના બનાવી રહ્યો હતો,ત્યારે મને મોહનભાઈ મળ્યા. તેમણે મને કહ્યું કે હું તેમની મદદ કરું તો તેવો મને તેમની કંપનીમાં ભાગીદારી આપવા તૈયાર છે.મને જે જોઈતું હતું તે મળી ગયું.પછી શું હતું એક પછી એક લગભગ બધા ઓર્ડર મોહનભાઈની કંપનીને મળતા ગયા.તમારી કંપનીને બંધ કરવાનું મારૂ અને મોહનભાઈનું સપનું બસ હકીકત થવાની ચરમસીમા પર હતું. આટલા ઓર્ડર અને સારા સારા બધા કર્મચારી મૂળજીભાઈ પાસેથી જતાં રહ્યા પછી ધીરે-ધીરે મૂળજીભાઈ કર્જામાં ડૂબવા લાગ્યા હતા.મને ખબર હતી મૂળજીભાઈની છેલ્લી આશા એક જ હતી,રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો સૌથી મોટો ઓર્ડર.આ વખતનો રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર મૂળજીભાઈને ના મળે,એટલે તેમની કંપની નક્કી બંધ થશે જ થશે,એ વાતની મને ખાત્રી હતી.બધુ બરાબર ચાલી રહ્યું હતું,એવામાં મૂળજીભાઈએ આખા ઓર્ડરની જવાબદારી જનક અને મલ્હારને શોપી દીધી.મને ખબર હતી મલ્હાર અને જનક આ ઓર્ડરમાં મારી ચાલવા નહીં દે,અને બધુ પોતાની મરજી મુજબ કરશે.ન કરે નારાયણ અને મલ્હાર અને જનક આ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડના ઓર્ડરને મેળવામાં સફળ થઈ જાય,તો આટલી કરેલી મહેનત પર પાણી ફરી વડે.આટલા નજીક પોહચ્યાં પછી કોઈ પણ જાતનું જોખમ લેવું યોગ્ય નહતું.એટલે અમે નક્કી કર્યું કે મલ્હાર અને જનકને પણ અમારી સાથે લાવી દેવા જોઈએ.હવે મલ્હાર અને જનકને અમારી તરફ કઈ રીતે લાવા તેની યોજના હું બનાવી રહ્યો હતો એવામાં એક દિવસ મે,મલ્હાર અને જનકને વાતો કરતાં સાંભળ્યા.મલ્હાર જનકને કહી રહ્યો હતો કે “જેવો સમય આવે એટલે તરત મૂળજી ના મૂળા વહેચી અને મોહનની વાંસણી વગાડવા લાગીશું”.મલ્હારને મેઘા પસંદ છે,અને બંનેનું શેઠ બનવાનું સપનું પણ છે.બસ પછી શું હતું અમને જે જોઈતું હતું એ મળી ગયું.મોહનભાઈની યોજના મુજબ મેઘા મલ્હાર અને જનક પાસે આ ભાગીદારી વાળી ઓફર લઈને જશે.અમને ખાત્રી હતી કે મલ્હાર અને જનક આ ઓફરને સ્વીકારી લેશે.પરંતુ થયું ઊંધું,જનક આ ઓફર લેવા માટે માન્યો.પણ મલ્હારએ આ ઓફર માટે ના પાડી.આખી બાજી જાણે બગડી ગઈ હોય એવું અમને લાગી રહ્યું હતું.પરંતુ એક દિવસ અચાનક જનક મોહનભાઈની ઓફિસ પર પહોચ્યો અને મોહનભાઈનો સાથ આપવા અને મોહનભાઈની ઓફર સ્વીકારવા તૈયાર થયો.આમ અચાનક જનક આવ્યો,એટલે મને અને મોહનભાઈને થોડું અજીબ લાગ્યું.એટલે અમે નક્કી કર્યું કે જનકને એ વાતની ખબર નહીં પડવા દઈએ કે હું મૂળજીભાઈનો મેનેજર મોહનભાઈની સાથે છું,અને મૂળજીભાઈની કંપની બંધ થવા આવી છે એનું મુખ્ય કારણ હું જ છું.બધુ અમારી યોજના મુજબ જ ચાલી રહ્યું હતું.હીરાના નમૂના બનાવનાર કારીગર અને ત્યારબાદ હીરાના નમૂના અમને મળી ગયા.મૂળજીભાઈની તિજોરી માથી હીરાના ભાવ અને ડીલેવરીનો સમય વાળી ફાઇલ કાઢવી કોઈ મોટી વસ્તુ નહતી.સમય મળતા ફાઇલ માથી હીરાના ભાવ અને ડીલેવરીનો સમય જોઈ લીધા અને મોહનભાઈને બતાવી દીધા. આમ પણ હીરાના નમૂના બંને કંપનીના એક જ સરખા હતા.મોહનભાઈએ મૂળજીભાઈના હીરાના ભાવ અને ડીલેવરીનો સમય મુજબ પોતાની કંપનીના ભાવ અને સમય રાખી દીધા.બધુ સેટ થઈ ગયું હતું અને હવે આ ઓર્ડર કોઈ પણ ભોગે મૂળજીભાઈને મળવાનો નથી તેની ખાત્રી અમને થઈ ગયી હતી.આ ઓર્ડર તેમની કંપનીને ના મળે એટલે તેમની કંપની બંધ થવાની હતી એ વાત પણ નક્કી

હતી.બધુ બરાબર ગોઠવાય ગયું હતું,મારૂ અને મોહનઝવેરી નું સપનું બસ પૂરું જ થવા જઈ રહ્યું હતું.પરંતુ છેલ્લી ઘડીએ આ મલ્હાર અને જનકએ આખી રમત આખી બાજી પલટી નાખી.” મેનેજરએ આખી રામકથા કહી સંભળાવી.

“મેનેજર સાહેબ તમને શું લાગે છે,આ હીરાના નમૂના,હીરાના ભાવ અને ડીલેવરીનો સમય બધુ એમજ તમને નહતું મળ્યું.અમારી યોજના મુજબ હું જાતે જ નમૂના બનાવનાર કારીગરોને મોહનભાઈ પાસે લઈ ગયો.ત્યાં જઈ અને મોહનભાઈને કહ્યું કે આ કામદારો ત્રણ ગણા ભાવની માંગણી કરે છે જેથી આ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડના ઓર્ડરમાં રોકવા માટે મોહનભાઈના પૈસા અમને કામ લાગે.કામદારોએ મૂળજીભાઈ અને મોહનભાઈની કંપનીના હીરાના નમૂનામાં હાથી અને ઘોડા જેટલો ફર્ક રાખ્યો હતો.અને રહી વાત હીરાના ભાવ અને ડીલેવરીના સમયની,તો અમે સામે ચાલીને તને ખોટા ભાવ અને ડીલેવરીનો સમય લેવા દીધા.જેથી તું મોહનઝવેરી પાસે જઈ અને તેમના ભાવ નક્કી કરાવે.” જનકએ કહ્યું.

“ જનક તે આ સારું નથી કર્યું,મોહનઝવેરી સાથેની આ દગાબાજી તને બહુ મોંઘી સાબિત થશે.મોહનઝવેરી પોતાના દુશ્મનને એક વખત માફ કરી શકે છે.પરંતુ દગાબાજને જીવતો નથી રહેવા દેતો.” મેનેજરએ કહ્યું.

“મોહનભાઈ તમને લાગી રહ્યું હતું આખી રમત તમે હેન્ડલ કરી રહ્યા છો.શતરંજના બધા પ્યાદા તમે તમારી મરજીથી વાપરી અને ગોઠવી રહ્યા છો.પરંતુ તમે ભૂલી ગયા કે શતરંજમાં રાજા જેટલું જ મહત્વ,વજીરનું પણ હોય છે.તમારી તરફનો વજીર જનકો પણ મૂળજીભાઈનો હતો અને મૂળજીભાઈ તરફથી તેમનો વજીર એટલે હું મલ્હાર ઝવેરી.હું પણ મૂળજીભાઈ તરફ જ હતો.” મલ્હારએ કહ્યું.

“એક વાત હજુ નથી સમજાય રહી.હું મોહનઝવેરી સાથે છું,આ વાત તમને લોકોને કઈરીતે ખબર પડી.કારણકે જનક મોહન ઝવેરી પાસે આવ્યો ત્યારથી લઈને અત્યાર સુધી હું અને મોહન ઝવેરી મળ્યા જ નથી.” મેનેજરએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“મોહનભાઈ તૈયાર છો,ઝટકા નંબર ત્રણ માટે.? કારણકે આ ઝટકો તમારા જીવનનો સૌથી મોટો ઝટકો હશે.” જનકએ મોહનઝવેરીની સામે જોઈને પૂછ્યું.

“જનક તારી તો હું બરાબરની વારી લઇશ.મલ્હાર મને પહેલા એમ કે તમને લોકોને ખબર કઈ રીતે પડી કે મેનેજર જ વિભિક્ષણ છે.એટલે કે એના લીધે જ મૂળજીભાઈની કંપની બંધ થવા આવી ગઈ છે.” મોહનઝવેરીએ કહ્યું.

“મોહનભાઈ વિભિક્ષણ માત્ર અમારા જ પક્ષમાં નહિ,પરંતુ તમારા પક્ષમાં પણ છે.” મલ્હારએ કહ્યું.

“શું એટલે અમારી બધી વાતો પણ તમને ખબર પડી રહી હતી.મારી કંપનીમાં કોણ છે વિભિક્ષણ..?” મોહનઝવેરી કહ્યું.

“પપ્પા તમારી કંપનીમાં હું છું વિભિક્ષણ.” કેટલી વારથી ચૂપ ઊભેલી મેઘાએ કહ્યું.

“મેઘા તું ..” મોહનભાઈને જાણે સાચે ૪૪૦ વૉલ્ટનો ઝટકો લાગ્યો.

“હા હું.પપ્પા હું હમેશા તમારા આ છેતરપિંડીથી ઓર્ડર મેળવાની રીતથી વિરુદ્ધ રહી હતી.હજારો વખત તમને સમજાવ્યા,પરંતુ તમારા માથે હીરાના વ્યાપારમાં કિંગ બનવાનો

અલગ જ જુનુન ચડ્યો હતો.જ્યારે તમે મને કહ્યું કે મલ્હારને હું પસંદ છું અને જો હું મલ્હાર પાસે જઈશ તો,તે તમારી ઓફર લેવા માટે માની જશે.ત્યારે મને થયું કે મલ્હાર પણ તમારા જેવો જ છેતરપિંડી કરનારો વ્યકતી છે.પરંતુ જ્યારે મલ્હારએ ઓફરનો અસ્વીકાર કર્યો અને ગાડી માથી ઉતરી અને જનકને સમજાવી રહ્યો હતો કે શા માટે તેમણે આ ઓફર ના લેવી જોઈએ.અને આગળ મલ્હારએ જનકને કહ્યું કે મૂળજીભાઈ આત્મહત્યા કરવા જઈ રહ્યા હતા અને તેને મૂળજીભાઈને વચન આપ્યું છે કે હવે કોઈપણ ભોગે આ ઓર્ડર મૂળજીભાઈને અપાવશે.ત્યારે મને થયું કે મલ્હાર એવો વ્યકતી નથી જેવો હું ધારી રહી છું.એટલે હું ત્યારે ત્યાંથી મલ્હાર અને જનકનો નિર્ણય સાંભળ્યા વગર જતી રહી.પાછળથી જ્યારે જનક પપ્પાને મળવા આવ્યો ત્યારે મને થયું કે જનક મલ્હારને દગો આપે છે.મલ્હાર તો મૂળજીભાઈ અને હજારો કર્મચારીના ભવિષ્યની ચિંતા લઈને બેઠો છે.મને થયું મલ્હાર ઈમાનદાર અને સાચો માણસ છે,માટે મારે મલ્હારની મદદ કરવી જોઈએ.એટલે હું ભાગી અને આ આખી વાત મલ્હારને કહેવા આવી.ત્યારે મલ્હારએ આંખ મૂકીને મારા પર ભરોસો રાખી અને મને તેની,મૂળજીભાઈ અને જનકની યોજના કઈ સંભળાવી.મલ્હારનો મારા પર આટલો ભરોસો જોઈ અને મને થયું કે નક્કી હું મલ્હારને પસંદ છું,મલ્હાર માત્ર પૈસા માટે મને નહતો પસંદ કરી રહ્યો.મૂળજીભાઈની કંપની બંધ થવાની છે અને તેનાથી હજારો કર્મચારીનું ભવિષ્ય બરબાદ થઈ જશે,એ વાત સાંભળ્યા બાદ મે નક્કી કર્યું કે હું મલ્હાર,જનક અને મૂળજીભાઈની મદદ કરીશ.મેનેજર જ દગાબાજ છે એ વાત મેં જ મલ્હાર અને મૂળજીભાઈને કહી હતી." મેઘાએ આખી વાત બધા વચે કહી સંભળાવી અને મેઘાની આંખોમાં રહેલા આસું બધાને દેખાય રહ્યા હતા.

"મોહન તું મને હરવા અને આ હીરાના વ્યાપારમાથી મને કાઢી ફેકવામાં આંધળો થઈ અને લાગી ગયો હતો.તને સાચું-ખોટું,નીતિ-નિયમ જેવુ કઈ દેખાય નહતું રહ્યું.માન્યું કે દરેક ધંધામાં સ્પર્ધા-પ્રતિસ્પર્ધા થવી જોઈએ.સાચું કહું તો આ સ્પર્ધાને લીધે જ ધંધો કરવાની પણ મજા આવે.પરંતુ સ્પર્ધામાં સામે વાળાને ઉખાડી ફેકવાનો વિચાર આવે,ત્યારે સમજી જવું કે હવે આપણી પડતી શરૂ થશે.મલ્હાર અને જનક ખરેખર ભગવાનના મૂકેલા બે અજુબા બની અને આવ્યા.મોહન તારી આ ખતરનાખ માયાજાળ માથી આ બંને એજ ,મને અને મારી આ કંપની કિંગ ઓફ ડાયમંડને બચાવી છે.આજે આ ઓર્ડર પણ તારા હાથમાથી ગયો અને તારી દીકરી પણ તારી વિરુદ્ધ આવી ગઈ." મૂળજીઝવેરી બોલી રહ્યા હતા.

"મૂળજી મને આ ધંધા નું કિંગ બનવું હતું.જ્યારે હું પહેલીવાર મુંબઈ આવ્યો ત્યારે હું ઘણી બધી કંપનીઑમાં ગયો.લગભગ બધી કંપની તારા અને તારી કંપનીના વખાણ કરતી હતી.એ લોકોને ઘણી બધી ઓફર આપી,ઓછા પૈસામાં માલ આપવાની લાલચ આપી.પરંતુ તેમનું કહેવું હતું કે "મૂળજીભાઈ ડાયમંડના કિંગ છે.તેમના સાથે ધંધો કરવો એ,એક અવસર સમાન છે.માટે અમે તમારી સાથે હમણાં ધંધો નહીં કરી શકીએ." તે લોકો પાસે તારા આટલા વખાણ સાંભળી અને હું હલી ગયો,મને થયું મુંબઈમાં મારૂ કામ ચાલવું અશકય છે.મારે પાછું સુરત ભેગા થવું પડશે.પરંતુ લાલચ મારા માથે એટલી હાવી થઈ ગઈ હતી કે હું હવે કોઈપણ ભોગે આ ધંધામાં મુંબઈની અંદર કિંગ બનવા માંગતો હતો.માટે નક્કી કર્યું કે ડબ્બા માથી ઘી સીધી આંગળીથી નથી નીકળી રહ્યું તો આંગળીવાળી અને કાઢવાની શરૂવાત કરવી જોઈએ.પહેલા તારા બધા સારા કર્મચારીઓને વધુ પગાર આપી અને લઈ લીધા અને પછી તારા મેનેજરની મદદથી તારા બધા સારા ઓર્ડર મારી પાસે આવી ગયા.બધુ બરાબર જઈ રહ્યું હતું,પરંતુ આ રોયલ ગ્રુપ ઓફ ડાયમંડનો ઓર્ડર જે રીતે મલ્હાર અને જનકએ મેળવ્યો એમાં મારી આંખો

ખૂલી ગઈ.મૂળજી આજે જ્યારે મારી દીકરી જ મારી વિરુદ્ધ ઊભી છે ત્યારે મને સમજાય છે કે હું કેટલો ખોટો હતો.ઈમાનદારીનો રોટલો પચવામાં વાર નથી લાગતી.અને બીજું બાજુ બેમાનીથી કમાવેલી મુળીમાં રાતની ઊંઘ પણ હરામ થઈ જાય છે. મેઘા તું સાચી હતી આ છેતરપિંડીથી અને અનીતિથી કિંગ બનવું અશક્ય છે,સાચો કિંગ તો મહેનત અને નીતિથી બને છે.બેટા હવે હું તારા સમ ખાઈને કહું છું,આ મોહનઝવેરી જિંદગી આખી નીતિના રસ્તે ચાલશે.” મોહનએ બધાની માફી માંગતા કહ્યું.

“દાદા ગજબના ખિલાડી નીકળ્યા તમે,તમને ઓર્ડર પણ મળ્યો અને મારા દાદીમાં એટલે મેઘાઝવેરી પણ.મને તો એમ હતું જનકકાકા તમારી સાથે દગો કર્યો,પણ સાચો દગાબાજ મેનેજર હતો.સાચે તમારી વાર્તાતો અદભૂત હતી,મજા પડી ગઈ.પણ દાદા એક સવાલ હજુ મને થાય છે.?” પાર્થએ પૂછ્યું.

“હજુ શું સવાલ છે,બધુ કઈ તો દીધું.” મલ્હારએ આશ્ચર્યની સાથે પૂછ્યું.

“મેનેજરનું નામ શું હતું..?” પાર્થએ પૂછ્યું.

“અચ્છા,મેનેજરનું નામ કહ્યું નથી..?” મલ્હારએ યાદ કરતાં કહ્યું.

“ના દાદા.આખી વાર્તામાં તમે મેનેજર મેનેજર એવું જ કહ્યું નામ તો બોલ્યા જ નથી.” પાર્થએ કહ્યું.

“એવું છે.તો સાંભળ મેનેજરનું નામ હતું..“શ્રીકાંત ઝવેરી”” મલ્હારએ કહ્યું.

“એટલે મેનેજર પણ ઝવેરી જ હતો.દાદા પણ સાચે તમારી વાર્તામાં મજાતો આવી,પછી આગળ શું થયું.?” પાર્થએ પૂછ્યું.

“પછી આગળ શું થાય,ખાધું,પીધું ને રાજ કર્યું.મેઘા મળી,હું અને જનક શેઠ બન્યા.મજાની વાત કહું તો મોહનઝવેરી અને મૂળજીઝવેરી મિત્રો બની ગયા.બધુ બરાબર ગોઠવાય ગયું.સમય જતો ગયો અને મલ્હારઝવેરી યુવાન છે માથી,યુવાન હતો થઈ ગયો.પહેલા જનકો અને પછી તારી દાદી મેઘા મને અને આ દુનિયાને છોડીને જતી રહી.હવે હું પણ એજ રાહમાં છું કે ક્યારે ભગવાન બોલાવે.” મલ્હારએ કહ્યું.

“દાદા હજુ તો તમારે ઘણી વાર છે.મારા છોકરાઓને મારી તમારે વાર્તા કહેવાની છે.”પાર્થએ કહ્યું.

“હા..હા..હા.. કેમ નહીં.પણ સિંગલ રાજા છોકરા તો ત્યારે થશેને જ્યારે લગ્ન થશે.મીનીબેન માનશે,મને તો અશકય લાગે છે.?” મલ્હારએ પાર્થની મજાક કરતાં અને ફરી મીનીની યાદ અપાવતા કહ્યું.

“દાદા,આ વખતે તો હું આત્મવિશ્વાસથી ભરપૂર છું.જેમ ભાગ્ય(Destiny)એ તમને અને દાદીમાં ને સાથે કર્યા,અને અશક્ય લાગતા કામ તમે શક્ય કર્યા.એજ રીતે હું પાર્થઝવેરી પણ આ અશક્ય લાગતું કામ શક્ય કરીશ.અને આ વાત તમે લખીને રાખી લો.” પાર્થએ દ્રઢતાપૂર્વક કહ્યું.

હજુ તો મલ્હાર અને પાર્થ આગળ વાત કરે તે પહેલા પાર્થને વૈભવનો ફોન આવ્યો.વૈભવ કહ્યું.“પાર્થ ક્યાં છે ભાઈ,ત્રણ ક્યારના વાગી ગયા.મીની અને તેનો પરિવાર પણ આવી ગયો

છે.મીનીના દાદા સમયના બહુ પાકા છે.તેમનું સુરતમાં ઝવેરીનું બહુ મોટું કામકાજ છે,તેવો ખાસ આ સગાઈ માટે આવ્યા છે.તું જલ્દી આવીજા,પ્રોગ્રામ બસ શરૂ થવાનો છે.અને હાં સાંભળ તારા માટે એક બહુ સારા સમાચાર છે,મને મીનીનું સાચું નામ ખબર પડી ગઈ છે."

"અરે વાહ.જલ્દી બોલ ભાઈ,શું છે મીની નું સાચું નામ."પાર્થ ઉત્સુકતાની સાથે પૂછી રહ્યો હતો.

"મીનીનું સાચું નામ છે.."મેઘા ".. "મેઘા ઝવેરી ".ફેસબૂકમાં સર્ચ કરજે મળી જશે.અને જો ના મળે તો સુરત સિટિ સિલેક્ટ કરજે.તેમાં શ્રીકાંત ઝવેલર્સ કરીને એક પેજ છે.મેઘા તેમાં ઘણી વખત પોસ્ટ મૂકે છે.આ શ્રીકાંત ઝવેલર્સ મેઘાના દાદાની જ દુકાન છે.મેઘાના દાદાનું નામ "શ્રીકાંત ઝવેરી" છે.તેમના નામે જ દુકાનનું નામ રાખ્યું છે. તેના દાદા બહુ નામી ઝવેરી છે."વૈભવ પાર્થને કહી રહ્યો હતો અને પાર્થ મનમાં અને મનમાં, મીની જેનું સાચું નામ મેઘા ઝવેરી છે તેને કઈ રીતે મેળવી તેની યોજના બનાવી રહ્યો હતો.પાર્થ હવે કોઈ પણ ભોગે આ અશક્ય લાગતા કામને શક્ય કરવા જઈ રહ્યો હતો.

THE-END

આ વાર્તાને અહિયાં જ પૂરી કરી છે.પરંતુ.. પરંતુ પીકચર અભી બાકી હૈ ... એટલે કે પાર્થઝવેરીની વાર્તા નવી " **DESTINY"** ના શીર્ષક સાથે ખૂબ જ ટૂક સમયમાં લાવીશ.૧) **DESTINY** (આંધળા પ્રેમ ની અદભૂત વાત). ૨)**DESTINY** ('અશક્ય' શબ્દમાં જ ' શક્ય '). હવે નવી **DESTINY** જલ્દી આવશે.આ વાર્તા વાચવા માટે ખૂબ-ખૂબ આભાર.

તમારા અભિપ્રાય(FEEDBACK) મને Facebook અને Instagram દ્વારા આપી શકો છો. Facebook અને Instagram પર મારૂ UserName છે.... "
@VIRAL_RAYTHTHA ".

KEEP READING & KEEP SHARING